પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૮-૦૪-૨૦૨૫- શુક્રવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૧૨ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# મોસ્ટ વોન્ટેડ આતંકી હેપ્પી પાસીયા અમેરિકામાં પકડાયો

## પંજાબમાં ૧૪ બોંબ ધડાકા- આંતકી કૃત્યો તથા ભાજપ નેતા પર હુમલામાં માસ્ટર માઈન્ટ છે હેપ્પી પાસીયા : ભારતીય સુરક્ષા એજન્સીઓએ પ્રત્યાર્પણ કાર્યવાહી શરૂ કરી દીધી

નવી દિલ્હી, તા. ૧૮

મુંબઈ બોંબધડાકા કેસનાં માસ્ટર માઈન્ડ તહવ્વુર રાણાને ભારતમાં લાવવામાં સફળતા મળ્યા બાદ ભારતીય એજન્સીઓને વધુ એક મહત્વની સફળતા મળી છે. પંજાબમાં બોંબ ધડાકાની ૧૪ ઘટનાઓનાં સુત્રધાર હરપ્રિતસિંહ ઉર્ફે હેપ્પી પાસીયાની અમેરિકામાં ધરપકડ કરી લેવામાં આવી છે.શ્વઅમેરિકામાં ગેરકાયદે ઘુસીને વસવાટ કરતાં હેપ્પી પાસીયાની ઈમીટેશન વિભાગે ધરપકડ કરી છે. છેલ્લા છ મહિનામાં પંજાબમાં થયેલા ૧૪ બોમ્બ ધડાકા-આતંકવાદી હુમલાનો સુત્રધાર ગણાય છે અને ભારતના મોસ્ટ વોન્ટેડ ત્રાસવાદીઓનાં લીસ્ટમાં પણ તેનું નામ સામેલ છે. તેના માથા પર પાંચ લાખ રૂપિયાનું ઈનામ




પણ જાહેર કરવામાં આવ્યું છે. તેને હવે અમેરિકી ઈમીગ્રેશન વિભાગની કસ્ટડીમાં રાખવામાં આવ્યો છે.

ભારતીય સુરક્ષા એજન્સીના સુત્રોએ કહ્યું કે, પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ તથા બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ સાથે હાથ મિલાવીને તેણે પંજાબમાં બોંબ વિસ્ફોટ તથા આતંકવાદી કૃત્યોને અંજામ આપ્યો હતો. હૈપ્પી પાસીયાએ પંજાબનાં પોલીસ મથકોને પણ નિશાન બનાવ્યા હતા અને સોશ્યલ મિડિયા મારફત હુમલાની જવાબદારી પણ લીધી હતી.

૨૩ નવેમ્બર ૨૦૨૪ થી ૧૬ એપ્રિલના સમયગાળામાં ૧૪ હુમલા કરાયા હતા. અમૃતસર, નવા

અનુસંધાન પાના ૭ પર



# પશ્ચિમ બંગાળના રાજ્યપાલ બોઝ હિંસાગ્રસ્ત મુર્શિદાબાદની મુલાકાતે

### મમતાએ મુલાકાત મુલતવી રાખવાની અપીલ નકારતા રાજ્યપાલ

નવી દિલ્હી, તા. ૧૮

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝ શુક્રવારે સવારે મુર્શિદાબાદ અને માલદા જવા રવાના થયા. અહીં રાજ્યપાલ આગામી ૨ દિવસ હિંસા પ્રભાવિત વિસ્તારો અને શરણાર્થી શિબિરોની મુલાકાત લેશે. તેમણે કહ્યું- હું જમીની પરિસ્થિતિનો તાગ લઈશ. ત્યાં જે કંઈ થયું તે આઘાતજનક છે. કોઈપણ કિંમતે શાંતિ સ્થાપિત થવી જ જોઈએ.ગુરુવારે, મુખ્યમંત્રી મમતા બેનર્જીએ રાજ્યપાલને મુલાકાત મુલતવી રાખવા વિનંતી કરી હતી. મમતાએ કહ્યું- હું બિન-સ્થાનિક લોકોને વિનંતી કરીશ કે તેઓ હમણાં મુર્શિદાબાદ ન આવે. હું રાજ્યપાલને થોડા વધુ દિવસો રાહ જોવાની અપીલ કરીશ. પરિસ્થિતિ સામાન્ય થઈ રહી છે. મેં પોતે હાલમાં અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત ન લેવાનો નિર્ણય લીધો છે.બીજી તરફ, બંગાળ સરકારે ગુરુવારે હિંસા અંગે કોલકાતા હાઈકોર્ટમાં રિપોર્ટ રજૂ કર્યો. આમાં મમતા સરકારે દાવો કર્યો હતો કે હિંસા પ્રભાવિત મુર્શિદાબાદ જિલ્લામાં પરિસ્થિતિ હવે નિયંત્રણમાં છે. ન્યાયાધીશ સૌમેન સેન અને રાજા બાસુ ચૌધરીની બેન્ચે હિંસાગ્રસ્ત વિસ્તારોમાં કેન્દ્રીય દળોની સતત તૈનાતી પર પોતાનો આદેશ અનામત રાખ્યો હતો.

વક્ફ કાયદા વિરુદ્ધ ૧૦-૧૨ એપ્રિલના રોજ પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ, ઉત્તર ૨૪ પરગણા, હુગલી અને માલદા જિલ્લામાં હિંસક વિરોધ પ્રદર્શન થયા હતા. વાહનો સળગાવવામાં આવ્યા, દુકાનો અને ઘરોમાં તોડફોડ કરવામાં આવી અને લૂંટ

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકામાં ઉડતા વિમાનને હાઈજેક કરવાનો પ્રયાસ

### પાયલોટ પર ચપ્પુથી હુમલો કરનાર બન્નેને ઠાર મરાયા

નવી દિલ્હી, તા. ૧૮

અમેરિકામાં વધતા વિમાન અકસ્માતો વચ્ચે આકાશમાં જ વિમાન હાઈજેક કરીને પ્રવાસીઓ તથા પાયલોટ પર ચાકુથી હુમલો થયાનો સનસનીખેજ બનાવ બન્યો હતો. જો કે, વિમાનમાં જ હુમલાખોરને ઠાર કરી દેવાયો હતો.

બેલીજમાં મેક્સીકો બોર્ડર પર આવેલા કોરોપોલથી ૧૪ પ્રવાસી અને બે ચાલકદળ સાથે ઉપડેલુ ટ્રોફિક ઓરનુ વિમાન વિખ્યાત પ્રવાસન સ્થળ સેન પેડ્રો જઈ રહ્યુ હતુ.ત્યારે અપહરણનો આ બનાવ બન્યો હતો. આ ઘટના પ્રકાશમાં આવતા 'ફુલ ઈમરજન્સી' ઘોષિત કરી દેવામાં આવી હતી અને પોલીસ હેલીકોપ્ટરને એસ્કોર્ટમાં આપવામાં આવ્યુ હતુ.

અપહરણકાંડમાં હુમલાખોરે બે પ્રવાસી તથા પાયલોટ પર વાર કર્યો હતો અને તેમાંથી એકની હાલત ઘણી ગંભીર ગણાવવામાં આવી રહી છે. સુરક્ષા એજન્સીઓના સૂત્રોએ કહ્યું કે, વિમાન હાઈજેકરની ઓળખ અકિનયેલા ટેલર તરીકે થઈ હતી. તેણે વિમાન મેક્સીકો લઈ જવાની માંગ કરી હતી.

આ તકે ઘર્ષણ થતા તેણે બે પ્રવાસી તથા એક પાયલોટને ચાકુ

અનુસંધાન પાના ૭ પર

# ઉત્તર પ્રદેશમાં વીજળી-વરસાદ પડવાથી વધુ ૧૩ લોકોનાં મોત

### રાજસ્થાનમાં હીટવેવ : મધ્ય પ્રદેશના ૨૦ શહેરોમાં પારો ૪૦ ડીગ્રીને પાર

નવી દિલ્હી, તા. ૧૮

ગુરુવારે ઉત્તર ભારતના રાજ્યોમાં ભારે ગરમી બાદ ભારે વરસાદ અને વીજળીના કડાકા ભડાકા જોવા મળ્યા હતા. યુપીમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩ લોકોના મોત થયા છે. વીજળી પડવા અને તોફાનને કારણે અયોધ્યામાં ૬, બારાબંકીમાં ૫ અને અમેઠી અને બસ્તીમાં ૧-૧ વ્યક્તિનું મોત થયું. આજે યુપીના ૩૭ જિલ્લાઓમાં વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

આ ઉપરાંત હિમાચલ પ્રદેશમાં બે અને પશ્ચિમ બંગાળમાં વીજળી પડવાથી એક વ્યક્તિનું મોત થયું હતું. સતત બીજા દિવસે, હવામાન વિભાગે ૨૪ રાજ્યોમાં વાવાઝોડા અને વરસાદની ચેતવણી જારી કરી છે. જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને હરિયાણામાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

અહીં, આજે રાજસ્થાનના ૯ જિલ્લાઓમાં ગરમીનું મોજું અને ધૂળના તોફાનની ચેતવણી આપવામાં આવી છે. ગઈકાલે બિકાનેર અને બાડમેરમાં તાપમાનનો પારો અનુક્રમે ૪૫.૧ અને ૪૫ ડિગ્રી સેલ્સિયસ હતો. જોકે, ૨૪ કલાક પછી રાજ્યમાં તાપમાનમાં ૨ થી ૪ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે. મધ્યપ્રદેશના ભોપાલ, ઈન્દોર, ગ્વાલિયર, ઉજ્જૈન સહિત ૨૦ શહેરોમાં દિવસનું તાપમાન ૪૦ ડિગ્રીને પાર કરી ગયું.

બુધવારે મધ્યરાત્રિએ હિમાચલ પ્રદેશમાં આવેલા વાવાઝોડાએ ભારે વિનાશ સર્જ્યો હતો. ૬૦ થી ૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવનને કારણે અનેક

અનુસંધાન પાના ૭ પર

# 'જાટ'માં ખ્રિસ્તી ધર્મના અનાદર જાલંધર પોલીસે ગુનો દાખલ કર્યો

### પંજાબમાં ખ્રિસ્તી સમુદાય દ્વારા વિરોધ પ્રદર્શન કરાયા

મુંબઈ, તા. ૧૮

સની દેઓલ અને રણદીપ હુડ્ડાની ફિલ્મ જાટ થોડા દિવસો પહેલા જ રીલિઝ થઈ છે. પંજાબમાં ખ્રિસ્તી સમુદાયે આરોપ લગાવીને વિરોધ કર્યો હતો કે, ફિલ્મમાં તેમના ધર્મ સાથે જોડાયેલી વસ્તુઓનું અપમાન કરવામાં આવ્યું છે.શ્વ પંજાબના જલંધરમાં ફિલ્મ અભિનેતા સની દેઓલ અને રણદીપ હુડ્ડા વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. થોડા દિવસો પહેલા સિનેમાઘરોમાં રિલીઝ થયેલી સની દેઓલ અને રણદીપ હુડ્ડાની ફિલ્મ જાટ વિરુદ્ધ પંજાબમાં ખ્રિસ્તી સમુદાય દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા.આ પછી જલંધરમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. આરોપ છે કે, ફિલ્મમાં અભિનેતા રણદીપ હુડ્ડાએ ઈસુ ખ્રિસ્ત અને ખ્રિસ્તી ધર્મમાં ઉપયોગમાં લેવાતી પવિત્ર વસ્તુઓનો અનાદર કર્યો છે. જાલંધરના સદર પોલીસ સ્ટેશનમાં બોલિવૂડ એક્ટર સની દેઓલ, રણદીપ હુડ્ડા, વિનીત કુમાર, નિર્દેશક ગોપી ચંદ, જાટ ફિલ્મના નિર્માતા નવીન માલિનેની વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી ખ્રિસ્તી સમુદાય આને લઈને રોષ વ્યક્ત કરી રહ્યો હતો.

# ૨૪૫ ટકા ટેરીફ ઝીંક્યા બાદ ટ્રમ્પ વહીવટીતંત્રની ચીન સાથે સોદાબાજી

## અમેરિકા સાથે વિશ્વનો કોઈ પણ દેશ સ્પર્ધા કરી શકશે નહીં : ટ્રમ્પ

નવી દિલ્હી, તા. ૧૮

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે કહ્યું કે અમે ચીન સાથે ખૂબ જ સારો સોદો કરવા જઈ રહ્યા છીએ. જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે શું અમેરિકાને ચિંતા થવી જોઈએ કે તેના સાથી દેશો ચીનની નજીક આવી રહ્યા છે, ત્યારે તેમણે કહ્યું - ના. તમને જણાવી દઈએ કે અમેરિકાએ બે દિવસ પહેલા જ ચીન પર ૨૪૫% ટેરિફ લાદ્યો હતો.ટ્રમ્પે કહ્યું કે કોઈ



અમારી સાથે સ્પર્ધા કરી શકે નહી. મને લાગે છે કે આપણે ચીન સાથે ખૂબ જ સારો સોદો કરીશું. ટ્રમ્પે દાવો કર્યો હતો કે ચીન અમેરિકા સાથે મુલાકાત કરવા તૈયાર છે.યુએસ રાષ્ટ્રપતિએ કહ્યું કે ગઈકાલે મેક્સિકોના રાષ્ટ્રપતિ સાથે તેમની ખૂબ જ સારી વાતચીત થઈ. એ જ રીતે હું જાપાનના વ્યાપાર પ્રતિનિધિઓને પણ મળ્યો. ચીન

અનુસંધાન પાના ૭ પર

# રિઝર્વ બેંકે વ્યાજ દર ઘટાડયા છતા લોન સસ્તી થઈ નથી

### ફિક્સનો વિકલ્પ પસંદ કરનાર ગ્રાહકોને વ્યાજ ઘટાડાનો લાભ મળતો નથી

નવી દિલ્હી, તા. ૧૮

રિઝર્વ બેંકે રેપો રેટમાં ઘટાડો કર્યા બાદ પણ કેટલીક બેંકોએ હજુ સુધી વ્યાજદરમાં ઘટાડો કર્યો નથી. આવી સ્થિતિમાં, લોન લેનારા ગ્રાહકો વ્યાજ દર ઘટાડવા માટે કેટલાક મહત્વપૂર્ણ વિકલ્પો અપનાવી શકે છે.બેંકો તેમના ગ્રાહકોને ફિક્સ્ડ અથવા ફ્લોટિંગ રેટ પર લોન આપે છે. ફિક્સ્ડ રેટ એટલે કે જો ગ્રાહક લોન લેતી વખતે ફિક્સ વિકલ્પ પસંદ કરે તો ગ્રાહકને રેપો રેટમાં ઘટાડાનો લાભ મળતો નથી.

એકવાર જે દરે લોન નક્કી થાય છે, તે જ દરે લોનનો હપ્તો નક્કી થાય છે. આમાં લોનના દરો વધે ત્યારે ગ્રાહકોને ફાયદો થાય છે. જો કે કેટલાક ફાઈલિંગ ચાર્જ સાથે તમારી લોનને ફિક્સ્ડમાંથી ફ્લોટિંગમાં રૂપાંતરિત કરી શકાય છે.

તે જ સમયે, રેપો રેટમાં વધારો અથવા ઘટાડો થવાને કારણે ફ્લોટિંગ રેટ પર લેવામાં આવેલી લોનના વ્યાજ દરો બદલાય છે. ઉદાહરણ તરીકે, ઘણી બેંકો ગયા મહિના સુધી ૮.૪૦ ટકાના દરે હાઉસિંગ લોન આપી રહી હતી. કેટલીક બેંકોએ વ્યાજ દર ૮.૪૦ થી ઘટાડીને ૮.૧૫ કર્યો છે પરંતુ નવા

અનુસંધાન પાના ૭ પર

# કોલડ્રોપ અંગે ટ્રાઈનો ફાઈવ ટેસ્ટનો રિપોર્ટ જાહેર કરાયો

### કોલડ્રોપની સૌથી વધારે સમસ્યા બીએસએનએલ નેટવર્ક પર

નવી દિલ્હી, તા. ૧૮

ભારતીય દુરસંચાર વિનિયામક ઓથોરીટી (ટ્રાઈ)એ દેશના ૮ શહેરો તેમજ ભાગોમાં મોબાઈલ નેટવર્ક અને ઈન્ટરનેટ સેવાની ગુણવતાને લઈને કરાવવામાં આવેલ ફાઈવ ટેસ્ટનો રિપોર્ટ જાહેર કર્યો છે. રિપોર્ટથી ખબર પડે છે કે, કોલ ડ્રોપની સમસ્યા બીએસએનએલનાં નેટવર્ક પર વધુ છે.

ઈન્ટરનેટની વાત કરીએ તો વોડા આઈડીયા અને બીએસએનએલની ડાઉનલોડ સ્પીડ એરટેલ અને જિયોની તુલનામાં અનેક ક્ષેત્રોમાં ઓછી જોવા મળી છે.દુરસંચાર નિયામક ટ્રાઈએ પોતાની એજન્સીનાં માધ્યમથી હૈદરાબાદ, સીમલા અને કેરલમાં રેલવે માર્ગ, દહેરાદુન, રાજકોટ, વિશાખાપટ્ટનમથી બ્રહ્મપુર વચ્ચે હાઈવે બ્રહ્મપુરથી ભૂવનેશ્વર સુધી રેલવે માર્ગ અને પારાદીપના તટીય ક્ષેત્રમાં સ્વતંત્ર ડ્રાઈવ ટેસ્ટ આયોજીત કરાયા હતા.ફેબ્રુઆરી ૨૦૨૫ માં વોઈસ અને ડેટા સેવાઓ માટે સેલ્યુલર મોબાઈલ ટેલીફોન સેવા દાતાઓ દ્વારા પ્રદાન કરવામાં આવતી સેવાની ગુણવતાનું આકલન કરવા માટે ડ્રાઈવ ટેસ્ટ આયોજીત કરવામાં આવી હતી.દહેરાદુનમાં કોલ લાગવાનો દર એરટેલ અને જિયો પર ૧૦૦ ટકા રહ્યો.જયારે બીએસએનએલ પર ૮૭.૯૨ ટકા અને વોરા-આઈડીયાના નેટવર્ક પર ૯૯.૮૦ ટકા દર રહેલો.

કોલ ડ્રોપ દરની વાત કરીએ તો બીએસએનએલમાં આ દર ૩.૪૩ ટકા અને રિલાયન્સ જીયો પર ૦.૨૦ટકા દર નોંધાયો હતો. જયારે એરટેલ-વોડા આઈડીયા પર આ દર શુન્ય રહ્યો હતો.

ડેટા નેટવર્કની વાત કરીએ તો દહેરાદુનમાં ડેટા ડાઉનલોડની સ્પીડ

અનુસંધાન પાના ૭ પર

# ૧૯૭૧ના અત્યાચાર અંગે પાક. માફી માંગે : બાંગ્લાદેશ

### ૧૫ વર્ષ પછી બંને દેશો વચ્ચે ઉચ્ચ સ્તરીય બઠક યોજાઈ

નવી દિલ્હી, તા. ૧૮

બાંગ્લાદેશ અને પાકિસ્તાન વચ્ચે ૧૫ વર્ષ પછી ગુરુવારે વિદેશ સચિવ સ્તરની વાતચીત થઈ. આ સમય દરમિયાન બાંગ્લાદેશે ઘણા વણઉકેલાયેલા મુદ્દાઓ ઉઠાવ્યા. બાંગ્લાદેશના વિદેશ સચિવ મોહમ્મદ જશીમ ઉદ્દીને ૧૯૭૧ના અત્યાચાર માટે પાકિસ્તાન પાસેથી ઔપચારિક માફી માંગવાની માગ કરી.

બાંગ્લાદેશે કહ્યું કે પાકિસ્તાને ૧૯૭૧ની સંયુક્ત સંપત્તિમાંથી બાંગ્લાદેશને તેનો હિસ્સો ૪.૩ બિલિયન ડોલર (રૂ. ૩૬ હજાર કરોડ અથવા ૫૨ હજાર કરોડ રૂપિયા) ચૂકવવા જોઈએ, જ્યારે બંને દેશો એક હતા. આ સાથે, તેણે ૧૯૭૦માં આવેલા ચક્રવાત દરમિયાન બાંગ્લાદેશ (તે સમયે પૂર્વ પાકિસ્તાન)ને મદદ કરવા બદલ મળેલા ૨૦૦ મિલિયન ડોલર (લગભગ ૨૪૦૦ કરોડ રૂપિયા) પણ ચૂકવવા જોઈએ.

બાંગ્લાદેશે ઢાકા કેમ્પમાં રહેતા ૩ લાખથી વધુ ફસાયેલા પાકિસ્તાનીઓને પરત લાવવાનો મુદ્દો પણ ઉઠાવ્યો. બાંગ્લાદેશમાં તેમને 'બિહારી' કહેવામાં આવે છે. તેઓ મૂળ ઉર્દૂભાષી મુસ્લિમ સ્થળાંતર કરનારા છે જેઓ

અનુસંધાન પાના ૭ પર

# મ્યાંનમારમાં સવારે ૩.૯ની તિવ્રતા ધરાવતો ભૂકંપનો આંચકો આવ્યો

### ૨૮ માર્ચના ભૂકંપમાં મૃત્યુઆંક ૩,૬૪૯ અને ૫ હજારથી વધુ લોકો ઘાયલ

મ્યાનમાર, તા. ૧૮

મ્યાનમારમાં સતત ભૂકંપના આંચકા આવી રહ્યા છે. આજે શુક્રવારે પણ હળવો ભૂકંપ અનુભવાયો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, મ્યાનમારમાં ૩.૯ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. ભૂકંપ ૧૦ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો. તેને આફ્ટરશોક્સ માટે અત્યંત સંવેદનશીલ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું હતું.

સોશિયલ મીડિયા પર NCS એ કહ્યું કે, 'રિક્ટર સ્કેલ પર તીવ્રતાઃ ૩.૯, તારીખઃ ૧૮ એપ્રિલ ૨૦૨૫, સમયઃ ૦૨:૫૭:૪૩ IST, ઊંડાઈઃ ૧૦ કિમી, સ્થાનઃ મ્યાનમાર.'દરમિયાન,




ઉત્તર ચિલીમાં પણ ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. જર્મન રિસર્ચ સેન્ટર ફોર જીઓસાયન્સિસના અહેવાલ અનુસાર, ગુરૂવારે ઉત્તરી ચિલીમાં ૫.૭ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ ૧૭૮ કિલોમીટર (૧૧૦.૬ માઈલ) ની ઊંડાઈએ હતું.૨૮ માર્ચે આવેલા ભૂકંપ પછી સેંકડો આફ્ટરશોક્સ આવ્યા હતા, જેના કારણે કોઈ મોટા નુકસાન કે જાનહાનિના તાત્કાલિક અહેવાલ નથી.

અનુસંધાન પાના ૭ પર



# નેશનલ હેરાલ્ડ કૌભાંડ અંગે કોંગ્રેસ સામે શહેર ભાજપનું વિરોધ પ્રદર્શન

## ષડયંત્ર દ્વારા ગાંધી પરિવારે ૨૦૦૦ કરોડની સંપત્તિ પર કબ્જો કર્યો : મેયર દક્ષેશ માવાણી

સુરત, તા.૧૮

નેશનલ હેરાલ્ડ કેસમાં જેમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી જમાનત પર છે તેમાં ઈડી દ્વારા એક ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી છે , જેમાં સોનીયા ગાંધી , રાહુલ ગાંધી સહિત રાહુલ ગાંધીના રાજકીય સલાહકાર સેમ પિત્રોડા , સોનિયા ગાંધીના સુમંત દુબે સહિત સાત લોકોને આરોપી બનાવ્યા છે . ઉપરોક્ત નેશનલ હેરાલ્ડ કૌભાંડની વિરુદ્ધમાં કોંગ્રેસ પાર્ટી સામે ભારતીય જનતા પાર્ટી - સુરત મહાનગર દ્વારા વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. સુરત શહેર પ્રમુખ શ્રી પરેશ પટેલે તેમના ઉદબોધનમાં કહ્યું હતું કે ૧૯૩૮માં નેશનલ હેરાલ્ડ અખબાર શરૂ કરવામાં આવ્યું હતું. આઝાદી પછી અખબારની આર્થિક હાલત બગડતી ગઈ અને કોંગ્રેસ દ્વારા નેશનલ હેરાલ્ડની પિતૃ સંસ્થા એસોસિયેટેડ જનરલ લિમિટેડ કંપનીને ૯૦ કરોડની લોન આપવામાં આવી હતી . ઈડીનો દાવો છે કે એક સોચી સમજી સાજિશમાં કોંગ્રેસ દ્વારા નેશનલ હેરાલ્ડની પિતૃ સંસ્થા એસોસિયેટેડ જનરલ લિમિટેડ કંપનીને ૯૦ કરોડની લોન આપવામાં આવી અને પછી એ ૯૦ કરોડની લોનને શેરમાં કન્વર્ટ કરી દીધા અને પછી આ બધા જ શેર સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની કંપની યંગ ઈન્ડિયાને ૫૦ લાખ રૂપિયાના બદલામાં આપી દીધા અને નેશનલ હેરાલ્ડની પ્રોપર્ટી બજાર કિંમત ૨૦૦૦ કરોડ રૂપિયા છે . યંગ ઈન્ડિયા કંપની કે જેમાં ૭૬% હિસ્સો સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીના નામે હતો અને ૨૪% હિસ્સો કોંગ્રેસના અન્ય નેતા મોતીલાલ વોરા અને ઓસ્કર ફર્નાડિઝ પાસે હતો . એસોસિયેટેડ જનરલ લિમિટેડ એક પબ્લિક લિમિટેડ કંપની હતી અને તેમાં ૫૦૦૦ થી વધારે સ્વતંત્રતા સેનાની અને અન્ય નિવેશકારોના પૈસા હતા , તેમની સંમતિ વિના પ્રોપર્ટી ટ્રાન્સફર કરી દેવામાં આવી જે ખોટું હતું . યંગ ઈન્ડિયા જે એક નોન પ્રોફીટ કંપની હતી જેને એસોસિયેટેડ જનરલ લિમિટેડ કંપનની પ્રોપર્ટીનો ઉપયોગ વ્યવસાયિક ધોરણે કરી નફો મેળવ્યો જે સદંતર ખોટું છે સુરત શહેરના મેયર શ્રી દક્ષેશ માવાણીએ જણાવ્યું હતું કે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી દ્વારા ૨૦૦૦ કરોડની પ્રોપર્ટી પર સાજીશ કરીને કબજો કરવામાં આવ્યો જે પ્રોપર્ટી

અનુસંધાન પાના ૭ પર

# મચ્છરોના બ્રિડીંગ શોધવા કલીનીક તથા હોસ્પિટલમાં પણ તપાસ

## નકામા ટાયરો, ડબ્બા, ભંગાર તથા કાટમાળ નાબુદ કરાયો

સુરત, તા.૧૮

વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે ૧૫/૦૪/૨૫ થી ૧૭/૦૪/૨૫ દરમ્યાન સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ૧૯૪૩ હોસ્પિટલો૪ લેબોરેટરી અને કલીનીક સર્વે કરાતા ૬૮૫૭ સ્પોટ ચેક કરી ૫૯૫ નકામા ટાયર૪ ડબ્બા કાટમાળ ભંગારને દુર કરવામાં આવ્યા તેમજ ૨૪ બ્રિડીંગ મળી આવતા ૨૫ નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ અને ૧૦૪૬૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

સેન્ટ્રલ ઝોનમાં ૬૭ હોસ્પિટલો૪ લેબોરેટરી અને કલીનીકો સર્વે કરાતાં કુલ ૮ બ્રિડીંગ મળેલ જે પૈકી ૬ ઈસમોને નોટીસ અપાતા આયુષ હોસ્પિટલમાં ૧૫૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. વેસ્ટ ઝોનમાં ૨૧૦ હોસ્પિટલો લેબોરેટરી અને કલીનીકો સર્વે કરાતા કુલ ૪ બ્રિડીંગ મળેલ જે પૈકી ૯ ઈસમોને નોટીસ અપવામાં આવેલ છે. સાઉથ-એ ઝોનમાં ૧૫૦ હોસ્પિટલો૪ લેબોરેટરી અને કલીનીકો સર્વે કરાતાં કુલ ૨ બ્રિડીંગ મળેલ જે પૈકી ૪ ઈસમોને નોટીસ અપાતા અંબિકા કલીનીક ૧૦૦/-૪ ભેસ્તાન કેર હોસ્પિટલ ૧૦૦૦/- કુલ મળી ૧૧૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. સાઉથ-બી ઝોનમાં ૧૧૪ હોસ્પિટલો૪ લેબોરેટરી અને કલીનીકો સર્વે કરાતાં કુલ ૧ બ્રિડીંગ મળેલ જે પૈકી ૧ ઈસમોને નોટીસ અપવામાં આવેલ છે. સાઉથ-ઈસ્ટ ઝોનમાં ૪૬૬

અનુસંધાન પાના ૭ પર

# પીએમ આવાસ યોજનાની કામગીરીનું નિરીક્ષણ કરતા મંત્રી કુંવરજી હળપતિ

## એક સાથે ત્રણ પેઢીના પાકા મકાન બનતા પરિવારની ખુશી બેવડાઈ

સુરત, તા.૧૮

આદિવાસીઓની પ્રકૃતિ અને પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખી આદિજાતિ વિસ્તારના વિકાસ માટે ગુજરાતે 'જ્યાં નાગરિક ત્યાં સુવિધા'નાં મંત્રને ચરિતાર્થ કર્યો છે. રાજ્યના વિકાસ માટે શહેરીજનથી લઈ છેવાડાના માનવી માટેની રાજ્ય સરકારની અનેકવિધ યોજનાઓ અમલી છે. કોલધા, કાથોડી, કોટવાળીયા, પઢાર તેમજ સિદ્દી જેવી આદિમજૂથની જાતિઓના વિકાસથી છેલ્લા બે દાયકામાં ૩૬૦ ડિગ્રીએ થયેલા વિકાસને અનુભવી શકાય છે, ત્યારે સુરત જિલ્લામાં 'PM-PVTG ડેવલપમેન્ટ મિશન' હેઠળ પીએમ જન મન આવાસ યોજના થકી આદિમ જૂથના પરિવારના બની રહેલા આવાસની મુલાકાત આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિએ લીધી હતી અને આવાસના બાંધકામની પ્રગતિથી વાકેફ થયા હતા. આદિજાતિ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે, ભારત સરકારની પીએમ જન મન આવાસ યોજના હેઠળ સમગ્ર ગુજરાતમાં એક વર્ષમાં કુલ ૧૧,૩૭૬ મકાનો કોટવાળીયા સમાજને મળ્યા છે. જેમાં સુરત જિલ્લામાં ૬૨૧ મકાનો મંજૂર થયા છે. તેમાં પણ માંડવી તાલુકામાં ૯૧ આવાસ પૈકી વલ્લારગઢમાં ૫૩ પીએમ જનમન આવાસ યોજના હેઠળ કોટવાળીયા સમાજના મકાન પાક્કા બની રહ્યા છે. માંડવી તાલુકાના વલ્લારગઢ ગામના ૪૦ વર્ષીય લાભાર્થી અશોકભાઈ કોટવાળીયા સાથે મંત્રીશ્રીએ સંવાદ કર્યો હતો. અશોકભાઈએ ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, વર્ષોથી વાંસની ટોપલી ટોપલા સહિતની ઉત્પાદનો તેમજ ખેત મજૂરી એ જઈને ઘર પરિવારનું ગુજરાન ચલાવીએ છીએ. વર્ષોથી જોયેલું સ્વપ્ન આજે સાકર થઈ રહ્યું છે. એક સાથે અમારી ત્રણ પેઢીના મકાન બનતા પરિવારની ખુશી બેવડી થઈ ગઈ હતી. સરકારની આદિમ જૂથો માટે અનેક યોજનાઓ અંતર્ગત ઘરઆંગણે નલ સે જલ યોજના થકી પીવાનું શુદ્ધ પાણી મળી રહ્યું છે. અંત્યોદય અન્ન યોજના હેઠળ દર મહિને રાશન મળી રહ્યું છે. પીએમ જન મન આવાસમાં હેઠળ રૂ. બે લાખ સહાય તેમજ મનરેગા યોજના

અનુસંધાન પાના ૭ પર

# ગેરકાયદે ઉભા કરાયેલા ૧૮ હંગામી સ્ટ્રક્ચર સીલ કરાયા

## લિંબાયત ઝોને જોખમી પતરાના શેડનો વપરાશ બંધ કરાવ્યો



સુરત, તા.૧૮

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ ફા.ટી.પી સ્કીમ નંબર-૩૯(ઉધના-લિંબાયત) અને મોજે ઉધનામાં વિવિધ સ્થળોએ મંજુરી વગર મિલ્કતદારો/ કબ્જેદારો દ્વારા વાણીજ્ય હેતુસરના એમ. એસ. ચેનલ તેમજ ટેકા-પતરાવાળી ટેમ્પરરી દુકાન/ ગોડાઉનમાં લાકડા ફર્નિચરની વસ્તુઓ, કાગળના પુઠા, પ્લાસ્ટીક વેસ્ટ, કાપડના ટુકડા(ચીંદી વેસ્ટ), ભંગાર તથા અન્ય જવલનશીલ વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવી રહેલ, આવા પ્રકારની પ્રવૃત્તિને કારણે આગજનની ઘટના બનવાની શક્યતા રહેલ હોય, જાહેર જાન-માલની સુરક્ષા હેતુ અત્રેની કચેરીએથી તા.૦૮/૦૪/૨૦૨૫ના રોજ નોટીસ પાઠવેલ. પરંતુ નોટીસ આપ્યા બાદ પણ ટેમ્પરરી સ્ટ્રક્ચરના બાંધકામની પરવાનગી મેળવેલ ન હોય, આજ રોજ તા.૧૭/૦૪/૨૦૨૫ના રોજ સદર કુલ-૧૮ (અઢાર) ટેમ્પરરી સ્ટ્રક્ચર સીલ મારવામાં આવેલ તથા જાહેર રસ્તા ઉપર બનાવવામાં આવેલ અંદાજીત ૫૦.૦૦ ચો.મી. પતરાના શેડ દુર કરવાની કામગીરી સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોન દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી ઉપરાંત ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૬૨(ડીંડોલી-ભેસ્તાન-ભેદવાડ?) માં નોટીસ આપ્યા બાદ પણ ટેમ્પરરી સ્ટ્રક્ચરના બાંધકામની પરવાનગી મેળવેલ ન હોય, આજ રોજ તા.

અનુસંધાન પાના ૭ પર

# ગાંજાના કેસમાં વોન્ટેડ આરોપીને ઝડપી પાડતી એસઓજી પોલીસ

## અંકલેશ્વરના ભાટવાડ વિસ્તારમાંથી સલીમ સાદીક પટેલની ધરપકડ

અંકલેશ્વર, તા.૧૮

ગુનામાં સંડોવાયેલ વોન્ટેડ આરોપી મોહમદ સલીમ સાદીક પટેલ અંકલેશ્વરના ભાટવાડ વિસ્તારમાં ફરી રહ્યો છે જેવી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી ઝડપી પાડ્યો ભરૂચ એસ.ઓ.જી.એ પાનોલી પોલીસ મથકના ૫૪ હજારથી વધુના એન.ડી.પી.એસ.ના ગુનામાં સંડોવાયેલ આરોપીને ઝડપી પાડ્યો. ભરૂચ જિલ્લામાં નાસતા ફરતા તથા પેરોલ ફર્લો વચગાળાના જામીન ઉપરથી ફરાર આરોપીઓને પકડવા આપેલ સુચનાને આધારે ભરૂચ એસ.ઓ.જીના પી.આઈ એ.એ.ચૌધરીના માર્ગ દર્શન હેઠળ ટીમ એ.ટી.એસ. ચાર્ટર મુજબમાં હતો તે દરમિયાન ગત તારીખ-૨૪મી માર્ચના રોજ બાકરોલ બ્રીજથી સંજાલી મહારાજા નગર તરફ આવતા ઈન્ડોરમા કંપનીની સામે રોડ ઉપરથી ૧.૯૮૦ કિલો ગ્રામ માદક પદાર્થ ગાંજોનો જથ્થો અને ત્રણ મોબાઈલ ફોન તેમજ બાઈક મળી કુલ ૫૪ હજારથી વધુનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. આ ગુનામાં સંડોવાયેલ વોન્ટેડ આરોપી મોહમદ સલીમ સાદીક પટેલ અંકલેશ્વરના ભાટવાડ વિસ્તારમાં ફરી રહ્યો છે જેવી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી અને ગુજરાત હાઉસિંહ બોર્ડ ખાતે રહેતો મોહમદ સલીમ સાદિક પટેલને ઝડપી પાડ્યો હતો.

# શૈક્ષણિક સંસ્થાઓ પાસે તમાકુ પ્રોડક્ટ વેચનાર ૧૫૨ લોકોને દંડ

## તમામ ઝોનમાં તમાકુ પ્રોડક્ટ વિરોધી ઝુંબેશ

સુરત, તા.૧૮

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદશન હેઠળ તા.૧૭/૦૪/૨૦૨૫નાં રોજ તમાકુ નિયંત્રણ અધિનિયમ—૨૦૦૩ હેઠળ કલમ—૪, કલમ—૬(અ અને બ) અને કલમ—૭નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગ્રુતિ થાય તે માટે તમામ ઝોનમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

જે અંતગત તા.૧૭/૦૪/૨૦૨૫નાં રોજ શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ મી.ના વિસ્તારમાં પ્રતિબંધિત તમાકુ કે તમાકુની બનાવટોના વેચાણ કરવા પર રાંદેર ઝોનમાં કુલ ઈસમો ૧૮ અને કુલ રુપિયા ૩૬૦૦, સેન્ટ્રલ ઝોનમાં કુલ ઈસમો ૨૦ અને કુલ રુપિયા ૪૦૦૦, કતારગામ ઝોનમાં કુલ ઈસમો ૧૮ અને કુલ રુપિયા ૩૬૦૦ વરાછા—એ ઝોનમાં કુલ ઈસમો ૧૮ અને કુલ રુપિયા ૩૬૦૦, વરાછા—બી ઝોનમાં કુલ ઈસમો ૧૫ અને કુલ રુપિયા ૩૦૦૦, ઉધના—એ ઝોનમાં કુલ ઈસમો ૨૨ અને કુલ રુપિયા ૪૪૦૦, ઉધના—બી ઝોનમાં કુલ ઈસમો ૧૩ અને કુલ રુપિયા ૨૬૦૦, અઠવા ઝોનમાં કુલ ઈસમો

અનુસંધાન પાના ૭ પર

# ગોડાદરા નરોત્તમ ઉર્ફે રામ ભોલે બગેલ ગુમ

સુરત, તા.૧૮

સલાબતપુરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ ઘર નં-૫૦૪, ગંગોત્રીનગર, માનસરોવર સોસાયટી ની નજીક, ગોડાદર (મુળ રહે. ગામ- ચીનવારા, તા-જોહરા, જી-મોરેના, મધ્ય પ્રદેશ), ખાતે રહેતા ૨૮ વર્ષીય નરોત્તમ ઉર્ફે રામ ભોલે બગેલ ગુમ થયા છે. તેઓ મધ્યમ બાંધાના, રંગે શ્યામવર્ણ અને ઊંચાઈ ૬.૦ ફૂટ છે. તેમણે લીલા આખી બાયનો ચેક્સ શર્ટ અને લીલા નાઈટી પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા સલાબતપુરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# લિંબાયતથી કવિતા પાટીલ ગુમ થયા

સુરત, તા.૧૮

લિંબાયત પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૬/૦૩/૨૦૨૫ ના રોજ ઘર નં-૧૪૦/એ, દતાત્રે નગર સોસાયટી, નીલગીરી, લિંબાયત, ખાતે રહેતી ૪૨ વર્ષીય કવિતા બારકુ પાટીલ ગુમ થયા છે. તેઓ મધ્યમ બાંધાના, રંગે ઘઉંવર્ણ અને ઊંચાઈ ૪.૫ ફૂટ છે. તેમણે ગુલાબી ડ્રેસ પહેર્યો છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા લિંબાયત પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# લિંબાયતથી ગૌરી લોહાર લાપતા

સુરત, તા.૧૮

લિંબાયત પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ ઘર નં-૧૫૦, શીવકૃપા સોસાયટી, લિંબાયત, ખાતે રહેતી ૧૯ વર્ષીય ગૌરી ગજાનંદ લોહાર ગુમ થયા છે. તેઓ મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૨ ફૂટ છે. તેમણે કોફી ટોપ, સફેદ લેગીસ અને કોફી દુપટ્ટો પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા લિંબાયત પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# લિંબાયતથી જ્ઞાનેશ્વર ચૌહાણ ગુમ

સુરત, તા.૧૮

લિંબાયત પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ ઘર નં-૧૨, સર્વે નં.૧/૨, સંજયનગર, પોસ્ટ ઓફીસ સામે, લિંબાયત, ખાતે રહેતા ૨૫ વર્ષીય જ્ઞાનેશ્વર રાજુભાઈ ચૌહાણ ગુમ થયા છે. તેઓ મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૩ ફૂટ છે. તેમણે બ્લેક કલરનો શર્ટ તથા બ્લ્યુ કલરનું પેન્ટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા લિંબાયત પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# કાપોદ્રાથી માનસા કાનુ ગુમ થયા

સુરત, તા.૧૮

કાપોદ્રા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ રૂમ નં-૮૩, ચોથો માળ, હરીઓમ ઈન્ડસ્ટ્રીઝ, સારોલી (મુળ રહે. ગામ-ઉમેદપુર, તા-બરમપુર, જી-બક્સર, બિહાર), ખાતે રહેતા છગનભાઈ મોવલિયા ની ૧૭ વર્ષીય પુત્રી, ધૃવીકાબેન મોવલિયા ગુમ થયા છે. તેઓ મજબુત બાંધાના, ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૪ ફૂટ છે. તેમણે કાળા પેન્ટ અને પીળા કલરનો ટી-શર્ટ પહેર્યા હતો. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કાપોદ્રા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# ચેમ્બર દ્વારા ૧૫ કેટેગરીમાં ગોલ્ડન જ્યુબલી એવોર્ડથી વિવિધ પ્રતિભાઓનું સન્માન

## સુરત હવે દેશનું મલ્ટી મોડલ હબ બનશે : મેયર શ્રી દક્ષેશ માવાણી

સુરત, તા.૧૮

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના SGCCI ગોલ્ડન જયુબિલી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા બુધવાર, તા. ૧૬ એપ્રિલ, ૨૦૨૫ના રોજ સાંજે ૦૫:૩૦ કલાકે પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે SGCCI ગોલ્ડન જયુબિલી એવોર્ડ ફંકશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સુરત શહેરના મેયર શ્રી દક્ષેશ માવાણીએ મુખ્ય મહેમાન તરીકે સ્થાન શોભાવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સમારોહમાં સર્વેને આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, સુરત વૈશ્વિક સ્તરે ડાયમંડ, ટેક્ષ્ટાઈલ, સોલાર પેનલ સહિત વિવિધ ક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવે છે. દક્ષિણ ગુજરાતે, ભારતના આર્થિક વિકાસમાં મહત્વની ઐતિહાસિક ભૂમિકા ભજવી છે ત્યારે ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી રજનીકાંત મારફતિયાને તેમના પ્રમુખ તરીકેના કાર્યકાળ દરમ્યાન ધંધા—ઉદ્યોગની સાથે સાથે સમાજના ઉત્થાન માટે જે વ્યકિતઓ અને સંસ્થાઓ મહત્વનું કામ કરે છે તેઓને બિરદાવવાના હેતુથી SGCCI ગોલ્ડન જયુબીલી મેમોરીયલ ટ્રસ્ટ અને ગોલ્ડન જયુબીલી એવોર્ડની શરૂઆત કરી હતી. આ એવોર્ડ દ્વારા સમાજને એક સારો સંદેશો આપી શકાય છે કે, જો તમે ઈન્ડસ્ટ્રી અને સમાજ માટે નોંધનીય કાર્ય કરો તો સમાજ તમારી યોગ્ય કદર કરે જ છે અને તેને કારણે અન્યોને પણ પ્રોત્સાહન મળે છે. છેલ્લા ૩૫ વર્ષથી SGCCI ગોલ્ડન જયુબિલી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા એવોર્ડ આપવામાં આવે છે, આથી આ વર્ષે પણ ટ્રસ્ટ દ્વારા ૧૪ કેટેગરીમાં, ઔદ્યોગિક સંસ્થાઓ અને વ્યક્તિઓને એવોર્ડ આપવામાં આવ્યા હતા. જ્યારે એક સ્પેશ્યલ કેટેગરીમાં લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો. એવોર્ડ સમારોહના મુખ્ય મહેમાન સુરત શહેરના મેયર શ્રી દક્ષેશ માવાણીએ જણાવ્યું હતું કે,

અનુસંધાન પાના ૭ પર

### વિવિધ કેટેગરીમાં એવોર્ડ્સ આપવામાં આવ્યા

૧. રિલાયન્સ એવોર્ડ ફોર એકસલન્સ ઈન વિવિંગ સેકટર — જનરલ પોલિટેક્ષ પ્રા.લિ.ને એનાયત કરવામાં આવ્યો હતો. ૨. રિલાયન્સ એવોર્ડ ફોર એકસલન્સ ઈન યાર્ન પ્રોસેસિંગ સેકટર — દોઢીયા સિન્થેટિકસ લિ.ને એનાયત કરવામાં આવ્યો હતો. ૩. રિલાયન્સ એવોર્ડ ફોર એકસલન્સ ઈન ફેબ્રિક પ્રોસેસિંગ સેકટર — શ્રેયા પ્રિન્ટ પ્રા.લિ.ને એનાયત કરવામાં આવ્યો હતો. ૪. શ્રી નિમીષ વશી એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીંગ પરફોર્મન્સ ઈન એન્વાયર્નમેન્ટ કન્ઝર્વેશન એન્ડ પોલ્યુશન કન્ટ્રોલ — ક્રિષક ભારતી કો—ઓપરેટીવ લિ.ને એનાયત કરવામાં આવ્યો હતો. ૫. શ્રી રતિલાલ ત્રિભોવનદાસ નાણાવટી એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીંગ વર્ક ઈન રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ — તરસાડીયા ઈન્સ્ટીટયુટ ઓફ કેમિકલ સાયન્સ, ઉકા તરસાડીયા યુનિવર્સિટીને એનાયત કરવામાં આવ્યો હતો. ૬. કલરટેકસ એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીંગ પરફોર્મન્સ ઈન એનર્જી કન્ઝર્વેશન — સુમુલ ડેરી સુરતના યુનિટ, ટેક હોમ રેશન (THR)ને એનાયત કરવામાં આવ્યો હતો. ૭. અલિદ્રા એવોર્ડ ફોર એકસલન્સ ઈન ઈમ્પ્રુવીંગ પ્રોડકટીવિટી — લાર્સન એન્ડ ટુબ્રો લિ. સ્પેશ્યલ ફેબ્રિકેશન યુનિટ, હેવી એન્જીનિયરીંગને એનાયત કરવામાં આવ્યો હતો. ૮. એથર એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીંગ અચીવમેન્ટ ઈન સોશ્યલ વેલ્ફેર પ્રોગ્રામ બાય બિઝનેસ હાઉસ — ડેકકન ફાઈન કેમિકલ્સ (ઈન્ડિયા) પ્રા.લિ.ને એનાયત કરવામાં આવ્યો હતો. ૯. એનજે ઈન્ડિયા એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીંગ અચીવમેન્ટ ઈન સોશ્યલ વેલ્ફેર પ્રોગ્રામ બાય એનજીઓ — ધ દેસાઈ ફાઉન્ડેશન

અનુસંધાન પાના ૭ પર



# અંકલેશ્વરમાં ઈન્ડસ્ટ્રીયલ એક્સપોનું ઉદ્‌ઘાટન કરતા મંત્રી કનુભાઈ દેસાઈ

## ઈન્ડસ્ટ્રીયલ એક્સપો ૨૦૦ જેટલા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે

અંકલેશ્વર, તા.૧૮

અંકલેશ્વર ઉદ્યોગ મંડળ દ્વારા આયોજિત ત્રણ દિવસીય ૧૫ માં ઈન્ડસ્ટ્રીયલ એક્સપો નું રાજ્યના નાણા અને ઉર્જા મંત્રી કનુ દેસાઈના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.આ ઉદ્ઘાટન પ્રસંગે અંકલેશ્વર ના ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ ભરૂચ ના ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રી સહીત ઉદ્યપગ મંડળ ના સભ્યો અને ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા .આ એક્સપો માં ૨૦૦ જેટલા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે.

અંકલેશ્વર ઉદ્યોગ મંડળ દ્વારા જીઆઈડીસી માં આવેલ યુટીલીટી પ્લોટ ખાતે તા ૧૭ એપ્રિલ થી ૧૯ એપ્રિલ સુધી ત્રણ દિવસીય ૧૫ માં ઈન્ડસ્ટ્રીયલ એક્સપો નું આયોજન કરવામાં આવ્યું છે આ ઈન્ડસ્ટ્રીયલ એક્સપો નું આજરોજ રાજ્યના નાણા ,ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ મંત્રી કનુ દેસાઈના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ૧૫માં મેગા ઈન્ડસ્ટ્રીયલ એક્ઝિબિશન અને એક્સપોમાં વિવિધ ઔદ્યોગિક એકમો દ્વારા ૨૦૦ જેટલા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. ત્રણ દિવસ ચાલનાર એસકપોની રાજ્યભરના લોકો મુલાકાત લેશે. એક્સપોની સાથે સાથ આજરોજ એઆઈએ આનંદપુરા ટ્રોફી- એવોર્ડ સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં માઈક્રો,સ્મોલ,,મીડીયમ ,અને લાર્જ ઈન્ડસ્ટ્રીયલ યુનિટો માંથી બેસ્ટ એક્સસપોર્ટ ,અને હાઈએસ્ટ ઉત્પાદન ની પ્રતિયોગિતામાં વિજેતા યુનિટોના વિજેતા ઔદ્યોગિક એકમોના પ્રતિનિધિઓનું એવોર્ડ થી સન્માન કરવામાં

અનુસંધાન પાના ૭ પર

# પસંદગી પામેલા શ્રેષ્ઠ સબસ્ટેશનોને પિનેકલ એવોર્ડ અપાયા

સુરત, તા.૧૮

તાપી જેટકો સબ સ્ટેશનના ૭૫ વર્ષ પૂર્ણ થતા પ્લેટીનમ જયુબિલીની ઉજવણી નિમિત્તે નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી અને સુરત જિલ્લાના પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે વરાછા સ્થિત સરદાર સ્મૃતિ ભવન ખાતે પિનેકલ એવોર્ડ વિતરણ અને ઓપરેશન મેન્યુઅલનું વિમોચન કરાયું હતું. મહાનુભાવોના હસ્તે પસંદગી પામેલા સબસ્ટેશનોને પિનેકલ એવોર્ડ એનાયત કરાયા હતા.



આ પ્રસંગે ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, "મા તાપી" નામ સાથે જોડાયેલા તાપી જેટકો સબસ્ટેશનના ૭૫ વર્ષ પૂર્ણ થવા એ મોટું સીમાચિહ્ન છે. તાપી સબસ્ટેશન માત્ર વીજ પુરવઠાનું કેન્દ્ર નથી, પરંતુ એ રાજયના વીજક્ષેત્રના વિકાસનું જીવંત સાક્ષી છે. સબસ્ટેશનના કર્મચારીઓની સુઝબૂઝ અને અધિકારીઓના માર્ગદર્શનના પરિણામે ૬૬ કે.વી. તાપી સબસ્ટેશનમાં છેલ્લા ૭૫ વર્ષના સમયગાળામાં શ્રેષ્ઠ કામગીરી થઈ છે. આ સિદ્ધિ જેટકોની કાર્યક્ષમતા અને સલામતી પ્રત્યેની ઊંડી પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ છે. જેટકોના કર્મચારીઓની નિષ્ઠા ગુજરાતની વીજસફળતાના ૭૫ વર્ષની ઉજવણીનું જીવતું જાગતું ઉદાહરણ છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતનો ઊર્જા વિભાગ, ખાસ કરીને ટ્રાન્સમિશન ક્ષેત્ર, રાજ્યના સર્વાંગી વિકાસ માટે એક મજબૂત આધારશિલા બન્યા છે. રાજ્યના વિવિધ ભૌગોલિક વિસ્તારોમાં વીજ માંગની વિવિધતા હોવા છતાં જેટકોએ પોતાની ગતિશીલ નીતિઓ

અનુસંધાન પાના ૭ પર

## ટ્રાન્સમિશન ક્ષેત્ર, રાજ્યના સર્વાંગી વિકાસની મજબૂત આધારશિલા : નાણા મંત્રી કનુભાઈ દેસાઈ



# ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે ૬૬ કેવી સબ સ્ટેશનનું લોકાર્પણ

સુરત, તા.૧૮

નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી અને સુરત જિલ્લાના પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈએ સુરતના કાપોદ્રા ખાતે નવનિર્મિત ૬૬ કેવી તાપી સબ સ્ટેશનનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે ગુજરાત ઉર્જા વિકાસ નિગમના એમ.ડી. શ્રી જયપ્રકાશ શિવહરે, ઙ્યફઝન્ના એમ.ડી. યોગેશ ચૌધરી, જેટકોના એમ.ડી. ઉપેન્દ્ર પાંડે, જેટકો કર્મચારીઓ, વિવિધ સબ સ્ટેશનના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ટ્રમ્પની મેડનેસમાં મેથડ છે?



અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અકલ્પનીય, અકળ અને અહંકારી વ્યક્તિ છે. ઘણા લોકો એમને રોલ બેંક કે યુ-ટર્ન પ્રેસિડન્ટ ગણાવે છે. ઘણા લોકો એમને રીતસરના ગાંડા ગણે છે. જૂજ લોકો જ સમજી શકે છે કે એમની મેડનેસમાં મેથડ છે. બીજા શબ્દોમાં કહો તો એમના ગાંડપણમાં એક વ્યવસ્થિત પદ્ધતિ છે. ટ્રમ્પની એક રણનીતિ એવી છે કે પહેલાં તે ધમકી આપીને સામેવાળાને ડરાવે પછી સામેવાળાની પ્રતિક્રિયા જુએ છે. જો સામેવાળો કંઈ પ્રતિકાર ન કરે તો એ સ્ક્રૂ વધુ ટાઈટ કરે છે. સામેવાળો વળતાં પગલાં લે તો એ સિફતથી પીછેહઠ કરે છેપ

ચીન અને અમેરિકા વચ્ચેના ટૅરિફવોરમાં અને અમેરિકા અને ઈરાન વચ્ચેની તંગદિલીમાં આ જ જોવા મળ્યું હતું. ટ્રમ્પના મીરજાપુરી લોટા જેવા અભિગમને લીધે ગ્લોબલ ઈકોનોમીમાં ગજબની અરાજકતા ફેલાઈ છે. એમના ‘અભી બોલા અભી ફોક’ના વલણને લીધે માત્ર આખું વિશ્વ નહીં, પરંતુ અમેરિકાના લોકોમાં પણ ફફડાટ વધતો જાય છે.

‘ગુડ પૉલિસી ઈઝ લાઈક અ ગુડ શર્ટ ’ જેવી હોવી ઘટે. એમાં કોઈ ઓલ્ટરેશનની જરૂર ન પડવી જોઈએ. ટ્રમ્પની પૉલિસી એવી છે, જેમાં વારંવાર દરજી પાસે જઈને સુધારા કરવા પડે છે.

ટ્રમ્પે પહેલાં રેસિપ્રોકલ ટૅરિફ બીજી એપ્રિલે જાહેર કર્યા. ચીને વળતા ટૅરિફ નાખતાં ચીન અને અમેરિકા વચ્ચે ટૅરિફ વોર શરૂ થયું છે. ચીન અને અમેરિકાએ એકમેક પર એટલા ટૅરિફ લગાડી દીધા છે કે ૧૦૦ રૂપિયાના માલ પર ૧૦૦ રુપિયા કરતાં વધારે ટૅરિફ લાગે. આવા અવાસ્તવિક ટૅરિફ હોય તો બન્ને દેશ વચ્ચેનો વેપાર ખતમ થઈ જાય. બીજી એપ્રિલે બધા દેશો પર રેસિપ્રોકલ ટૅરિફ લગાડ્યા બાદ ટ્રમ્પે તેના પર ૯૦ દિવસનો પોઝ મૂકી દીધો-સ્થગિત કરી દીધો. ફક્ત ચીનને આ રાહત આપવામાં આવી નથી.જોકે ટ્રમ્પે ત્યારબાદ ‘એપલ’ અને ‘માઈક્રોસોફ્ટ’ જેવા ટેક જાયન્ટને રાહત આપવા ૨૦ પ્રોડક્ટ જેવા કે સ્માર્ટફોન, લેપટોપ, ચિપ, સોલર સેલ વગેરે પરના રેસિપ્રોકલ ટૅરિફ દૂર કર્યા હતા. આ ઉત્પાદનો ચીનથી લાવવામાં આવશે તો આના પર ૨૦ ટકા ફેન્ટાનીલ ટૅરિફ લાગશેપ જોકે અમેરિકાના કોમર્સ મિનિસ્ટરનું કહેવું છે કે આ હંગામી રાહત છે અને એક મહિનામાં સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક પર સેક્ટરલ ટૅરિફ લાગશે!અમેરિકા ચીન પાસેથી ૮૮ અબજ ડૉલરના સ્માર્ટફોન અને કોમ્પ્યુટર આયાત કરે છે. અમેરિકામાં વેચાતા ચારમાંથી એક સ્માર્ટફોન તથા અમેરિકામાં વેચાતા ત્રણ કોમ્પ્યુટરમાંથી એક ચીનનું હોય છે. અમેરિકા આની બદલીમાં કોઈ બીજો નિકાસકાર શોધી શકે એમ નથી અને અમેરિકામાં આનું ઉત્પાદન કરવામાં આવે તો એની કિંમત બે કે ત્રણ ગણી વધી જાય.. ‘એપલ’ના ૮૦થી ૯૦ ટકા આઈફોન ચીનમાં બને છે. ટ્રમ્પના હુંકાર અને ધમકીને લીધે અમેરિકાના ટૅરિફ હુમલા માટે ચીન પહેલેથી જ તૈયાર હતું.ટ્રમ્પે રેસિપ્રોકલ ટૅરિફ પર ૯૦ દિવસનો વિરામ રાખ્યો એમાં ચીનની મોટી ભૂમિકાછે. અમેરિકા તેના પ્રોજેક્ટ અને કર્મચારીની સેલરી જેવા ખર્ચા કાઢવા સરકારી બોન્ડ કાઢે છે. આ બોન્ડ ટ્રેઝરી બોન્ડ કહેવાય છે. ચીન, જાપાન અને બીજા દેશોએ મોટી સંખ્યામાં આ બોન્ડ ખરીદ્યા છે. આ બોન્ડના રિટર્ન તરીકે અમેરિકા ગેરેન્ટેડ ઈન્ટ્રેસ્ટ આપે છે. એક અંદાજ પ્રમાણે ચીન પાસે જાન્યુઆરી ૨૦૨૫માં ૭૬૦.૮ અબજ ડોલરના બોન્ડ હતા. જાપાન પાસે ડિસેમ્બર ૨૦૨૪માં ૧.૦૬ ટ્રિલિયન ડોલરના બોન્ડ હતા. ચીન અને જાપાને અમેરિકા પરનું અવલંબન ઓછું કરવા આ બોન્ડ વેચવાનું ચાલુ કર્યું છે. જો ચીન અને જાપાન તેની પાસેના બધા બોન્ડ વેચી નાખે તો અમેરિકાની ઈકોનોમીમાં ભૂકંપ આવી જાય.! ચીને તો રેસિપ્રોકલ ટૅરિફ લગાડવામાં આવે તો બોન્ડ વેચવાની ધમકી આપી હતી. જો ચીન બોન્ડ વેચી નાખે તો બોન્ડની કિંમત સડસડાટ નીચે જતી રહે, અમેરિકાના પ્રોજેકટ બંધ થઈ જાય અને સરકારી કર્મચારીઓને પગાર આપવાનું પણ ભારે પડી જાય. લોન લેવા માટેનો વ્યાજ દર ઊંચો થઈ જાય.આ બધા પરિબળોથી ડરીને ટ્રમ્પે રેસિપ્રોકલ બોન્ડ પર ૯૦ દિવસનો પોઝ લીધો છે. ચીનની ધમકીથી ગભરાયેલા ટ્રમ્પે બીજા બધા દેશોને રાહત આપી, પરંતુ ચીનને રાહત આપી નથી. ટ્રમ્પ ઈચ્છે છે કે ચીનના પ્રમુખ શેન પિન્ગ તેમની આગળ બીજા દેશોની જેમ નતમસ્તક થાય, પરંતુ શિન પિન્ગને આ મંજૂર નથી. પિન્ગે પોતાના ચીનના લોકોમાં રાષ્ટ્રવાદ ભડકાવાનો પ્રયાસ કર્યો છે. ચીન કહે છે કે અમે ટ્રમ્પના બ્લેકમેલિંગને શરણે નહીં થઈએ. ટ્રમ્પના ૯૦ દિવસના પોઝને લીધે યુરોપિયન યુનિયને ચીનને સાથ આપ્યો નથી. અમેરિકા સાથેના ટૅરિફ વોરને લીધે થતું નુકસાન સરભર કરવા ચીને ભારત, એશિયા અને આફ્રિકા જેવા દેશો સાથે વાતચીત શરૂ કરી છે.બીજી તરફ, ચીન તેના ચલણનું મૂલ્ય ઘટાડીને ટૅરિફનો માર ઓછો કરી શકે. ટ્રમ્પની સરખામણીમાં ચીનના પિન્ગને એડવાન્ટેજ એ છે કે એમને ચૂંટણીની હારનો ડર નથી. એ તો આજીવન પ્રમુખ છે. બીજી બાજુ ટ્રમ્પ સામે લાખો લોકો રસ્તામાં ઊતરી રહ્યા છે.ટ્રમ્પે વિરામ લીધો એનું બીજું કારણ ત્યાંનું શેર બજાર હતું. બીજી એપ્રિલથી અમેરિકાનું શેરબજાર ગગડતું જતું હતું. ગોલ્ડમેનસાકે તો ઈશારો કર્યો કે અમેરિકામાં મંદી આવવાની ૬૫ ટકા સંભાવના છે. સાકે પછી આ સંભાવના ૪૫ ટકા કરી હતી. અમેરિકન ડૉલર નબળો થતો જાય છે. આ બધા કારણોસર ટ્રમ્પે પીછેહઠ કરી છે. ટ્રમ્પે તેની ટૅરિફ ધમકીથી ચીન સિવાયના બીજા ૧૪૯ દેશોને અમેરિકા સાથેવાતચીત કરીને અમેરિકાને છૂટછાટ આપવા લાચાર બનાવ્યા છે.ઈરાન સાથે પણ ટ્રમ્પેે આ જ રણનીતિ અપનાવી છે. ટ્રમ્પે ઈરાનના સુપ્રીમ લીડર ખામેનીને એક ધમકીભર્યો પત્ર લખીને અણુસમજૂતી કરવાનું દબાણ લાવ્યું. ઈરાને ઝુકવાની ના પાડી તો ટ્રમ્પે ઈરાનને ધમકી આપતાં કહ્યું કે જો ઈરાન અણુસમજૂતી નહીં કરે તો અમેરિકા ઈરાન પર બૉમ્બમારો કરશે અનેવિશ્વના નકશામાંથી ઈરાનને ગાયબ કરી નાખશે.બીજી તરફ, અમેરિકાના આક્રમક રવૈયાને લીધે ઈરાને પણ યુદ્ધની તમામ તૈયારી કરી રાખી છે. ઈરાન પોતે ઈલેકટ્રોનિક વોરફેર માટે પણ તૈયાર છે એવો ઈશારો કર્યો. ઈરાનના મિત્ર રશિયાએ તો ઈરાન પર અમેરિકા હુમલો કરશે તો જોવા જેવી થશે એવી ધમકી આપી. પુતિને ટ્રમ્પને સમજણ આપી કે ઈરાન સાથેના યુદ્ધથી ત્રીજુંવિશ્વયુદ્ધ શરૂ થઈ જશે. રશિયાની ચીમકી બાદ ટ્રમ્પે યુ-ટર્ન લઈને ઓમાનમાં ઈરાન સાથે અણુ ડીલ માટે વાતચીત શરૂ કરી છે.

# બાબાસાહેબ એક પ્રકાશપંથ...



જ્યાં માણસ માણસથી ઓછો ગણાતો,
અંધકાર જીવનમાં ઘેરાઈ જતા,
ત્યારે એક દિપક બન્યો શૂરવીર,

અક્ષરોએ જ જેમને ઓળખ આપી ને,
જ્યાં જ્ઞાન બનીને ક્રાંતિ શરૂ થઈ,
એક કલમે લખી નવી દિશા આ ધરતી પર,
ન્યાય અને સમતાનું નામ બની ગયું જીવનભર.

વર્ણ વિભાજન, ભેદભાવનો થયો અંત,
શિક્ષણથી ગાઢ ઘૂંઘટ અનાવૃત કરે એક સંત,
સંવિધાનના પાને પાને ઋષિ સમો પ્રકાશ,
એવી દ્રષ્ટિ આપી કે ઉગ્યો નવો આદિત્ય પ્રકાશ.

તારીખે લખાય છે નામ અક્ષર અક્ષર,
બાબાસાહેબ, તમે તો છો યુગ શિલ્પી અજરામર,
અમે ચાલીએ છીએ આજે એ પંથ પર,
જ્યાં તમારું સ્વપ્ન બને અમારા નયનપર!

ડૉ. બાબાસાહેબ આંબેડકરનો શિક્ષણ અંગેનો દૃષ્ટિકોણ અત્યંત પ્રેરણાદાયી અને જનકલ્યાણકારી રહ્યો છે. તેમણે શિક્ષણને સમાજમાં પરિવર્તન લાવવાનું મુખ્ય સાધન માન્યું હતું. શિક્ષણ એ મુક્તિનો માર્ગ છે તેવું તેઓ દ્રઢ પણે માનતા હતા.

બાબાસાહેબ માનતા હતા કે શિક્ષણથી જ દલિતો અને પછાત વર્ગો પોતાના અધિકાર માટે જાગૃત થઈ શકે છે અને શોષણમાંથી મુક્તિ મેળવી શકે છે. તેમણે કહ્યું હતુંઃ

"શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો."શિક્ષણ પર સૌનો અધિકાર હોવો જોઈએ.

તેમનું માનવું હતું કે કોઈપણ જાતિ કે વર્ગના લોકોને શિક્ષણથી વંચિત રાખવું સમાજ માટે હાનિકારક છે. તેમણે નિમ્ન વર્ગના લોકો માટે પણ ગુણવત્તાસભર શિક્ષણ સુલભ કરાવવાનો ભાર મૂક્યો હતો.લિંગ સમાનતા માટે શિક્ષણ હોવું જરૂરી છે.બાબાસાહેબ મહિલાઓના શિક્ષણ પ્રહરી હતા. તેઓ માનતા કે સ્ત્રીઓનું શિક્ષિત થવું સમાજના વિકાસ માટે અત્યંત જરૂરી છે.

શિક્ષણ = આત્મવિશ્વાસ + આર્થિક સ્વાવલંબન એવું તેઓ માનતા હતા.

તેમના મતે શિક્ષણ માનવીને આત્મવિશ્વાસ આપે છે અને તેને આર્થિક રીતે સ્વતંત્ર બનાવે છે. આ રીતે વ્યક્તિ પોતાનું અને સમાજનો ઉદ્ધાર કરી શકે છે.તેમણે શિક્ષણ અને શોષણના વિરૂદ્ધ જાગૃતિ ફેલાવી હતી.તેમણે એવું જણાવ્યું હતું કે શિક્ષણ માનવીમાં ચિંતનશક્તિ અને અસમાનતાની વિરુદ્ધ લડવાની શક્તિ આપે છે.ડૉ. બાબાસાહેબ આંબેડકરનો સમાનતા માટેનો સંઘર્ષ એ ભારતના સમાજ માટે એક મોટો પથદર્શન રહ્યો છે. તેમણે આખું જીવન જાતિવાદ, છુઆછૂત અને અસમાનતાની વિરુદ્ધ લડત ચલાવી હતી. તેમનો સંદેશ ખૂબ સ્પષ્ટ હતો — "શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો."તેમના સંઘર્ષનો મુખ્ય સંદેશ એ હતોઃ દરેક વ્યક્તિને બંધારણ દ્વારા સમાન અધિકારો મળવા જોઈએ, ભલે તે કોઈપણ જાતિ કે વર્ગનો હોય. સામાજિક સુધારણા માટે શિક્ષણ જ મુખ્ય સાધન છે. માત્ર કાનૂની નહીં, પણ વ્યવહારિક સમાનતા જરૂરી છે. તેમણે હંમેશા જાતિવાદી વ્યવસ્થાનો વિરોધ કર્યો અને સૌ માટે એક સરખી માનવતાની વાત કરીઆ સંદેશો આજે પણ એટલો જ મહત્વપૂર્ણ છે કેટલો તે તેમના સમયગાળામાં હતો.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે ભારતના બંધારણની રચના કરીને દેશને એક મજબૂત અને સમાનતાવાદીનો પાયો નાખ્યો. તેમણે જે બંધારણ આપ્યું તેમાં દરેક નાગરિકને હક્ક, સ્વતંત્રતા અને ન્યાય મળવાનો વિશ્વાસ આપ્યો. તેમને બંધારણ પિતા તરીકે માનવામાં આવે છે.

"ડૉ. બાબાસાહેબ આંબેડકરનું ભારતના બંધારણમાં યોગદાન અમૂલ્ય છે. તેમણે આપણને એ બંધારણ આપ્યું છે, જેનાથી આપણે એક લોકશાહી, સમતાવાદી અને ન્યાયસંગત સમાજમાં જીવવા પાત્ર બનવા સક્ષમ થયા છે. તેમની દૃઢ દ્રષ્ટિ અને વિચારશીલતા આજે પણ દેશને દિશા આપે છે. આવો, આપણે બંધારણના મૂલ્યોનું પાલન કરીએ અને દરેક નાગરિક માટે સમાનતા, સ્વતંત્રતા અને ભાઈચારો નો સંદેશ ફેલાવીએ. ડૉ. આંબેડકરને હૃદયપૂર્વક વંદન!"

ડૉ. બાબાસાહેબ આંબેડકર એક મહાન વિચારક હતા જેમના વિચારો માત્ર સામાજિક ન્યાય પૂરતા સીમિત નહોતા, પણ તેઓ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ ધરાવતા અધ્યેયશીલ વ્યક્તિ પણ હતા. તેમના વિચારો માનવીની બુદ્ધિ, વિજ્ઞાન અને તાર્કિકતાના આધારે રચાયેલા હતા.

આંબેડકર માનતા કે શ્રદ્ધા, કુરિવાજો અને જમાતીય સંસ્કૃતિથી મુક્ત થવા માટે માનવી પાસે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ હોવો જરૂરી છે. તેમણે હંમેશાં વસ્તુઓને તર્કના આધારે સમજવાની ભલામણ કરી.

તેમના માટે શિક્ષણ એ માત્ર પાઠ્યપુસ્તક પૂરતું નહોતું, પણ માનસિક મુક્તિનું સાધન હતું. તેમને માનતા કે સાચું શિક્ષણ માનવીમાં વિચાર કરવાની શક્તિ અને સમજૂતી વિકસાવે છે.

આંબેડકરએ સમાજવ્યવસ્થાને પણ વૈજ્ઞાનિક રીતે જોવાનું કહ્યું છે— જ્યાં દરેક વ્યવસ્થા તર્કસંગત અને મૌલિક હક્કોના આધારે હોવી જોઈએ.

તેમણે હિંદુ શાસ્ત્રોમાં રહેલી જાતિપ્રથા અને છુઆછૂત જેવા વિચારોનો ખંડન તર્કના આધાર પર કર્યો હતો, અને કહ્યું કે કાયમી મૂલ્યો અને માનવાધિકાર માટે કોઈ પણ ગ્રંથ કે પરંપરા પડકારાતા હો તો તેમને પુનર્વિચારવો જોઈએ.

તેમનો અવાજ હતો કે “જીવન એ પરિવર્તન છે” — અને આ વિચાર પણ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો ભાગ છે, કારણ કે વિજ્ઞાન સદા નવી શોધ, પ્રશ્ન અને સુધારની વાત કરે છે.

ડૉ. આંબેડકરનું જીવન સંદેશ આપે છે કે સમાજ સુધાર માટે માત્ર ભાવનાથી નહી, પણ તર્ક, પુરાવા અને વિજ્ઞાન આધારિત વિચાર સાથે આગળ વધવું જોઈએ.

ડૉ. બાબાસાહેબ આંબેડકરનું જીવન મહેનત, સંઘર્ષ અને ધીરજનું જીવંત ઉદાહરણ છે. તેમનો સમગ્ર જીવનપંથ એ બતાવે છે કે કઈ રીતે એક વ્યક્તિ પોતાની કુશળતા, અડગ સંકલ્પ અને શ્રમથી દુનિયાને બદલવાનો પ્રયાસ કરે છે.

"ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જન્મ એક એવી જાતિમાં થયો હતો જેને તિરસ્કૃત અને છુઆછૂત માનવામાં આવતી. બાળપણ થી જ તેઓએ અસમાનતા નો ભોગ બન્યા હતા, છતાં તેઓ હારી ન ગયા. એ સમયે જ્યારે નીતિઓ, સામાજિક ધારો અને વ્યવસ્થાઓ એક દલિત બાળક માટે દરવાજા બંધ કરતા હતા , ત્યારે બાબાસાહેબએ કઠોર મહેનત અને અભ્યાસથી જ્ઞાન મેળવ્યું.

તેમણે વિદેશ જઈને ઉચ્ચ શિક્ષણ મેળવ્યું, લંડન સ્કૂલ ઑફ ઇકોનોમિક્સ અને કોલંબિયા યુનિવર્સિટીથી ડિગ્રી મેળવી. તેઓ પહેલો એવા ભારતીય બન્યા જેમણે જાતિપ્રથાના ત્રાસથી ફટકારો મેળવવા માટે સમાજને જાગૃત કરવાનું બીડું ઉઠાવ્યું.

તેમની મહેનત માત્ર પોતાની સફળતા માટે નહોતી — પણ કરોડો લોકોના હક્કો અને ભવિષ્ય માટે હતી. તેમનું જીવન સંઘર્ષનું પ્રતીક છે, જેમાં શિક્ષણ, આત્મવિશ્વાસ અને અવિરત મહેનત દ્વારા દરેક અડચણને પાર કરવી શકે છે."

**દિલીપ વી ઘાસવાલા**

# આરામદાયક હોઝિયરી





હોઝિયરી ફેબ્રિકમાંથી ખૂબ જ આરામદાયક કપડા બને છે.આ ફેબ્રિક કોટન, નાયલોન, પોલિએસ્ટર અને લાયક્રા જેવા ફેબ્રિકનું મિશ્રણ છે. આ ફેબ્રિકમાંથી ઈનર ગારમેન્ટસ, સોકસ, ટાઈટસ, લેગિંગ, ટી-શર્ટ, બોડી હગિંગ ડ્રેસ વગેરે જેવા ડ્રેસ બને છે. હોઝિયરી ફેબ્રિક ખૂબ જ સુંવાળું, નરમ અને લવચિક ફેબ્રિક છે. હોઝીયરી ફેબ્રિકમાં લાઈક્રા હોવાથી કપડા સ્ટ્રેચેબલ બને છે. ચાલો જાણીએ હોઝિયરી ફેબ્રિકના કપડાં કઈ રીતે પહેરી શકાય.

હોઝિયરીનાં ટી-શર્ટ યન્ગ યુવતીઓમાં વધારે પ્રચલિત છે.જેમક લૂઝ ટી-શર્ટ હોય કે પછી બોડી હગિંગ. લૂઝ ટી-શર્ટમાં ઘણી વેરાઈટી આવે છે જેમકે, ક્રોપ ટોપ, રેગ્યુલર ફીટ, ની લેન્થ કે પછી કાફ લેન્થ. આ બધા જ ટી-શર્ટની પ્રિન્ટમાં લેન્થ વાઈસ અને સ્ટાઈલિંગ વાઈસ વેરીએશન આવે છે.

ક્રોપ ટોપની લેન્થ કમર સુધી હોય છે. તેથી જો તમારું શરીર સુડોળ હોય તો તમે ક્રોપ ટોપ ડેનીમની શોર્ટસ કે કોટન શોર્ટસ સાથે પહેરી શકો. રેગ્યુલર ફીટના ટી-શર્ટ ડેનીમ, જેગિંગ કે પછી કોટન ટ્રાઉઝર સાથે પહેરી શકાય. અને જે કની લેન્થ કે કાફ લેન્થના ટી-શર્ટ છે તે વન પીસની જેમ તમે ઘરમાં પહેરી શકશો અથવા તો ની લેન્થ અને કાફ લેન્થ સાથે તમે થ્રી ફોર્થ કે એન્કલ લેન્થના લેગિંગ્સ પહેરી શકો. હોઝિયરીના આ લૂઝ ટી-શર્ટ બોડીને ચીપકતા નથી અને શરીરથી અળગા રહે છે. તેથી પહેરવામાં ખૂબ જ આરામદાયક લાગે છે. આ લૂઝ ટી-શર્ટ બધી જ વયની મહિલા કે યુવતીઓ પહેરી શકે.

બોડી હગિંગ ટી-શર્ટ પહેરતી વખતે એક વાતનું ખાસ ધ્યાન રાખવું કે, આ ટી-શર્ટ શરીરને ચોંટી જાય છે. તેથી જેમનું શરીર ભરેલું છે તેઓએ આ ટાઈપના ટી-શર્ટ ન પહેરવા જોઈએ. જો તમારા પેટનો અને કમરનો ભાગ વધારે હશે તો શરીરને ચીપકેલું ટી-શર્ટ ખૂબ જ ખરાબ લાગશે. જો તમારું શરીર સુડોળ હોય તો તમે બોડી હગિંગ ટી-શર્ટ પહેરી શકો. બોડી હગિંગ ટી-શર્ટ કેઝ્યુઅલી કે ફોર્મલી પહેરી શકાય. બોડી હગિંગ ટી-શર્ટ કેઝ્યુઅલી તમે ડેનીમ સાથે કે પછી લૂઝ લીનન પેન્ટસ કે પછી હેરમ પેન્ટસ સાથે પહેરી શકો. જેમનું

શરીર ભરેલું છે તેઓને જો બોડી હગિંગ ટી-શર્ટ પહેરવા હોય તો તેઓ ટી-શર્ટની ઉપર ટ્રાન્સપરેન્ટ શ્રગ પહેરી શકાય અથવા તો ડાર્ક કલરના ટી-શર્ટ પહેરવા જેથી કરી શરીરનો ભાગ ખરાબ રીતે દેખાય નહી. ટી-શર્ટની પ્રિન્ટ સીલેકટ કરતી વખતે ખાસ ધ્યાન રાખવું કે, જેમનું શરીર ભરેલું છે તેઓએ ખાસ કરીને વધારે બોલ્ડ પ્રિન્ટ પહેરવી નહીં.હોઝિયરી ફેબ્રિકના પજામાં પહેરવામાં ખૂબ જ આરામદાયક હોય છે. ખૂબ જ સુંદર અને આકર્ષક પ્રિન્ટ હોય છે કે તમે કોઈ પણ કલરના ટી-શર્ટ સાથે મીકસ એન્ડ મેચ કરી શકે. લુઝ પજામાં માં ઘણા વેરીએશન આવે છે. જેમકે, સટ્રેટ પેન્ટસ , અફઘાની પેન્ટસ , હેરમ કે પછી ધોતી પેન્ટસ. તમે તમારા બોડી ટાઈપ મુજબ પેન્ટસનું સીલેકશન કરી શકો. લુઝ પજામાં માં કોટન ફેબ્રિકનું પ્રમાણ વધુ હોય છે તેથી તે શરીરને ચીપકતા નથી. અને પહેરવામાં અનુકુળ રહે છે. આ લૂઝ પજામાં સાથે તમારી બોડીને અનુરૂપ તમે ટી-શર્ટ સિલેક્ટ કરી શકો. જો પ્રિન્ટેડ પજામાં હોય તો તેની સાથે પ્લેન ટી-શર્ટ પહેરવા. અને પ્લેન પજામાં સાથે પ્રિન્ટેડ ટી-શર્ટ પહેરવા.ડ્રેસ — હોઝિયરીના ડ્રેસ મોટા ભાગની મહિલા અને યુવતીઓમાં ખૂબ જ પ્રચલિત છે. હોઝિયરી ડ્રેસમાં પુષ્કળ વેરાઈટી આવે છે. તમે તમારા બોડી ટાઈપ મુજબ ડ્રેસની પેર્ટન ડીસાઈડ કરી શકો. કાઈક અલગ લુક આપવા માટે તમે ફેન્સી હેમલાઈનવાળા ડ્રેસ પહેરી શકો. હોઝિયરીના ડ્રેસ એક કેઝ્યુઅલ અને ફોર્મલ એમ બન્ને લુક આપી શકે. કેઝ્યુઅલ ડ્રેસ માટે ફલેરી ડ્રેસ પહેરી શકાય અને ફોર્મલ લુક માટે બોડી ટાઈટ ડ્રેસ પહેરી શકાય.

# તરુણાવસ્થામાં અમુક બદલાવને સ્વીકારી લો

ક્લાસની છેક છેલ્લી બેંચ પર બેસેલી રીયા એકીટશે સામે ડેસ્ક પર રાખેલી નોટબુકને તાકી રહેલી. પાના પર લખાયેલાં અધૂરાં વાક્યો, કવિતાઓ, ફૂલ-પાનના ચિત્રો, આડી-અવળી રેખાઓ અને તારલાઓ વચ્ચે એ ખોવાય ગઈ. એને લખવું બહુ ગમતું. એ એની પર્સનલ સ્પેસ હતી. જ્યાં ગમે ત્યારે પોતે દોડીને ભાગી છૂટતી, પણ હમણાંથી જાણે શબ્દોએ એની સાથે કીટ્ટા કરી લીધેલી. વાર્તાઓ એની પાસે આવતી નહીં. વિચારો દિમાગની જેલમાં કેદ થઈ ગયા હોય એમ કાગળ પર ઉતરવાની ના પાડી દેતા. કદાચ રીયા પોતાના જ વિચારોના વર્તુળમાં ચકડોળે ચડી ગયેલી.

આજે એ વાતને મહિનાઓ થઈ ગયા હતા કે જ્યારે રીયાએ કોઈ સાથે અઢળક વાતો કરી હોય. આજકાલ એ ખપપૂરતું જ બોલતી. પૂછવામાં આવે એનો જવાબ આપતી. માત્ર હા કે ના માં ડોકું ધુણાવતી. બિનજરૂરી એકપણ હરફ ઉચ્ચારવામાં એને બળ પડતું.


રીયામાં આવેલો આ બદલાવ એના શિક્ષકોને નજરે ચડ્યો. ‘ રીયા, તું હમણાંથી ક્લાસમાં બહુ એક્ટિવ નથી રહેતી. શું થયું છે?’ એવું એના ઈંગ્લિશ ટીચરે એક વખત અનાયાસે પૂછી લીધેલું. જોકે રીયાએ સામે કોઈપણ પ્રતિભાવ આપવાનું ટાળ્યું હતું. રીયાના મિત્રો એને ટોકતા, ‘કેમ બોલતી નથી? ક્યાં ખોવાયેલી રહે છે? ’ રીયા આવી ટકોર સામે ખભ્ભા ઉલાળી, હળવા સ્મિત સાથે કહી દેતી : ‘ના, કંઈજ નથી થયુંપ’ એટલે ધીમે-ધીમે સહુએ પૂછવાનું બંધ કરી દીધું.

રીયાની વર્તણૂકમાં આવેલા બદલાવનો સૌપ્રથમ ખ્યાલ સામાન્ય રીતે એના પેરેન્ટ્સને આવવો જોઈતો હતો, પણ એનાં મા-બાપ બંને પોતપોતાના વ્યવસાયમાં અતિ વ્યસ્ત. મોર્ડનાઈઝેશનની અસર હેઠળ રીયાના મૌનને એની મેચ્યોરિટી સમજી નજરઅંદાઝ કરી બેસેલા.

‘રીયા, બહુ ઝડપથી મોટી થઈ રહી છેપ’ પપ્પાએ એક રાતે ડિનર ટેબલ પર ટકોર કરેલી. ‘ટીનએજર્સને આ ઉંમરે થોડી સ્પેસ જોઈતી હોય એ સ્વાભાવિક છેપ’ મમ્મીએ પણ પપ્પાની વાતમાં હકારમાં સૂર પૂરાવી કહેલું, : ‘બધું સરખું થઈ જશે. આ બસ, એક ફેઝ છે, જે પસાર થઈ જશે.

જોકે, આ કોઈ એવો તબક્કો નહોતો કે રીયાના જીવનમાંથી બે-પાંચ મહિનામાં એમ ભાગી છૂટે. રીયાએ જાતે મૌન પર પસંદગીનો કળશ ઢોળેલો. મૌનને મ્હાત કરવાની ઉંમરે એને ગળે વળગાડી લીધેલું. પોતાની આસપાસ મસ્ત મજાની એક દીવાલ ચણી લીધેલી. એય પાછી ભેદવા કોઈ સક્ષમ ના હોય એવી અઘરી. સવાલ એ થાય કે રીયા આવી બની બેસી એની પાછળ નિમિત્ત શું?

રીયાનું જીવન ઉપરતળે થઈ ગયું જ્યારે મીરા એનાથી દૂર ચાલી નીકળી. મીરા એના માટે બેસ્ટ ફ્રેન્ડથી વિશેષ હતી. જાણે એની જીવાદોરી. એ એવી વ્યક્તિ હતી જે પોતાની હાજરી માત્રથી રીયાની સામાન્ય જિંદગીને રંગબેરંગી બનાવી દેતી. કલાકો સુધી અનેક વિષયો પર વાતો કરવી. ગમતાં પુસ્તકો વિશે, વરસાદી ધૂનો વિશે, સપનાઓ અને જગતભરની ફિલોસોફિકલ ચર્ચાઓ આ ઉંમરે પણ બંનેને જોવી, સાંભળવી ગમતી. રીયાને સમજતી હોય એવી એ એક જ વ્યક્તિ હતી મીરાપ એને પંપાળવી, એની લાગણીઓને સમજવી. ક્યારેક રીયા શબ્દોથી સમજાવી ના શકે તો પણ એના મૌનને સમજી જનાર મીરા, એના માટે આખી દુનિયા હતી. રીયાને આંચકો ત્યારે લાગ્યો જ્યારે મીરાના પપ્પાની બદલી થઈ. નાછૂટકે એને અન્ય શહેરમાં જવું પડ્યું. જતાં પહેલા રીયાને વળગી મીરા ખૂબ રોઈ. બંનેએ એકબીજાથી ક્યારેય અળગા ના થવાનું પ્રોમિસ કર્યું પછી ભારે હૈયે મીરાએ વિદાય લીધી.



શરૂઆતમાં એકબીજાને લાંબા મેસેજ કરવા, ફોન પર કલાકો સુધી વાતો કરવી, સ્કૂલની નાનામાં નાની વિગત શેર કરવાની ચૂકતા નહીં. પણ, ધીમે-ધીમે સમય પસાર થયો. મેસેજ નાના થયા ને કોલ્સ ઓછા થવા લાગ્યા. મીરા પાસે હવે નવા મિત્રોની ફોજ હતી. નવી જિંદગી, નવા અનુભવો વચ્ચે એ વધુ વ્યસ્ત રહેવા લાગી. મીરા આમ પણ એકદમ ખુશમીજાજી અને મળતાવડી હતી. એના માટે નવી જગ્યાએ સેટ થઈ જવું અઘરું નહોતું. આ બાજુ, મીરાની ગેરહાજરીનો ખાડો રીયા પૂરી શકી નહોતી. એ હજુ ત્યાં જ અટવાયેલી પડી હતી. એને મીરા સિવાય કોઈ સાથે ગોઠતું નહીં. અને મીરાની નવી લાઈફમાં રીયા માટે જગ્યા સાંકડી થતી લગભગ બંધ થવાની કગાર પર આવી ગઈ. જે અંતે રીયાને મૌનના હવાલે કરી મીરા હાથ ખંખેરી ચાલી નીકળી.

આમ તો મોટાભાગના તરુણ ટીનએજમાં બદલાવને બહુ ઝડપથી સ્વીકારી શકતા હોય છે, પરંતુ ક્યારેક કોઈ રીયા જેવું પણ નીકળે, જે પરિસ્થિતિ અનુસાર બદલાવને સ્વીકારી શકે નહીં, પરંતુ એમના માટે પણ જિંદગી સરપ્રાઈઝ લઈને ઊભી જ હોય છે. રીયાના ક્લાસમાં અચાનક આરવની એન્ટ્રી થઈ.


## પશ્ચિમ રેલવે ઉધના ⇌ બરૌની વચ્ચે સમર સ્પેશિયલ ટ્રેનો દોડાવશે

| ટ્રેન નંબર | મૂળ સ્ટેશન અને ગંતવ્ય | સેવાની તારીખો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 09037 | ઉધના - બરૌની (સાપ્તાહિક વિશેષ) | 20.04.2025 થી 29.06.2025 | 05:45 કલાક (રવિવાર) | 15:00 કલાક (આગલો દિવસ) |
| 09038 | બરૌની - ઉધના (સાપ્તાહિક વિશેષ) | 21.04.2025 થી 30.06.2025 | 18:30 કલાક (સોમવાર) | 04:00 કલાક (બુધવાર) |

રોકાણઃ ચલથાણ, બારડોલી, નંદુરબાર, અમલનેર, ભુસાવલ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિઓકી, પં. દીન દયાલ ઉપાધ્યાય, બકસર, આરા, દાનાપુર, પટના, બખ્તિયારપુર અને મોકામા સ્ટેશન બંને દિશામાં.

રચનાઃ સ્લીપર કલાસ, જનરલ સેકન્ડ કલાસ કોચ.

સમય, રોકાણ અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર 09037 માટે બુકિંગ 18.04.2025 થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: X.com/WesternRly
અમને ફોલો કરો: Instagram/WesternRly

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે મૂળ ID પ્રુફ સાથે રાખો

## તંત્રી લેખ...

શુક્રવાર, તા.૧૮ એપ્રિલ ૨૦૨૫

# કાયદો બધાથી ઉપર

દેશની રાજનીતિમાં બહુચર્ચિત નેશનલ હેરાલ્ડ કેસ ફરી એક વખત અખબારોના મથાળે ચડ્યો છે, જ્યારે ઈડી દ્વારા કોંગ્રેસના શીર્ષ નેતાઓ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને કેટલાક અન્ય નેતાઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવાના વિરોધમાં કોંગ્રેસના કાર્યકર્તાઓ આખા દેશમાં ઈડીના કાર્યાલયોની બહાર પોતાનો વિરોધ વ્યક્ત કરવા પ્રદર્શનો કરી રહ્યા છે. આ કેસ જે રીતે રાજકીય રંગ લઈ રહ્યો છે, તેનાથી એ તો સ્પષ્ટ છે કે આ માત્ર એક આર્થિક અપરાધની તપાસ માત્ર નથી, બલ્કે આ દેશના લોકતાંત્રિક માળખા, સંસ્થાઓની સ્વતંત્રતા અને નેતાઓની જવાબદારીની પરીક્ષા પણ બની ગયું છે. ઉલ્લેખનીય છે કે નેશનલ હેરાલ્ડ અખબારની સ્થાપના સ્વતંત્રતા સંગ્રામ દરમ્યાન પંડિત જવાહરલાલ નેહરુએ કરી હતી, પરંતુ ૨૦૦૮માં અખબારની આર્થિક ખોટને કારણે તેના પ્રકાશક એજેએલ (એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ)એ કંપની બંધ કરી દીધી હતી. ચાર્જશીટમાં જે વાતો સામે ાવી છે, તે એના તરફ ઈશારો કરે છે કે રાજકીય વગનો ઉપયોગ કરીને કાયદાકીય અને આર્થિક પ્રક્રિયાઓને બાજુ પર રાખીને કોંગ્રેસ પાર્ટી સાથે જોડાયેલી યંગ ઈન્ડિયન લિમિટેડને માત્ર ૫૦ લાખ રૂપિયામાં એજેએલની કરોડોની સંપત્તિ સ્થાનાંતરિત કરી દેવામાં આવી.

સવાલ એ છે કે શું આ બધું એક ખાનગી કંપનીને લાભ પહોંચાડવા માટે કરવામાં આવ્યું? વિપક્ષ તેને રાજકીય બદલાની નીતિ ગણાવે તે સ્વાભાવિક છે, કારણ કે ન્યાયિક કેસોને રાજકીય ઢંગથી પતાવવા રાજનેતાઓની આદત થઈ ગઈ છે. વિપક્ષનો તર્ક ત્યારે તો વધુ ખોખલો લાગે છે, જ્યારે તપાસ એજન્સીઓ અદાલતોમાં તથ્યો અને દસ્તાવેજોના આધાર પર પોતાનો પક્ષ રજૂ કરી રહી છે. વિરોધ કરવાનો અધિકાર બધાને છે, પરંતુ એ પણ જરૂરી છે કે કાયદાને પોતાનું કામ કરવા દેવામાં આવે. બધાએ એ સમજવું જોઈએ કે જવાબદારી અને પારદર્શિતા લોકતંત્રની બુનિયાદ હોય છે. સવાલ ઊઠ્યા છે તો તેના જવાબ પણ મળવા જ જોઈએ. જો કોઈ જાહેર જીવનમાં હોય, ત્યારે તો એ વાત વધુ મહત્ત્વપૂર્ણ થઈ જાય છે. જો આરોપ નિરાધાર હોય તો તેનું નિર્ધારણ પણ કાયદો જ કરશે. એ સમજવું પણ જરૂરી છે કે આર્થિક અપરાધ, ચાહે તે કોઈપણ રૂપે હોય, અર્થવ્યવસ્થા અને શાસન વ્યવસ્થાને કમજોર કરે છે. જો સત્તામાં રહી ચૂકેલા શીર્ષ નેતાઓ, ભલે તેઓ ગમે તે રાજકીય પક્ષના હોય, તેમની ભૂમિકા પર સવાલ ઊઠે છે તો તેની ગહન તપાસ થવી જ જોઈએ. જ્યારે પણ આવો કોઈ મામલો આવે તો ઈડીની રીતભાતો પર સવાલો ઉઠતા જ હોય છે, પરંતુ એનાથી કોઈની નિર્દોષતા સાબિત નથી થતી. દરેક જણ ઈચ્છશે કે રાજનીતિમાંથી ભ્રષ્ટાચારનો ખાતમો થાય અને જો આરોપ નિરાધાર હોય તો રાજનેતા બેદાગ થઈને બહાર આવે, પરંતુ તેના માટે તેમણે જરૂરી કાયદાકીય પ્રક્રિયાઓમાંથી પસાર તો થવું જ પડશે.

# સંસદે બનાવેલા કાયદા અદાલતની એરણે!

સુપ્રીમ કોર્ટે સંશોધિત વક્ફ કાયદાની સુનાવણી કરતાં આ કાયદાના વિરોધના બહાને થયેલી હિંસા પર ચિંતા તો વ્યક્ત કરી, પરંતુ સારું થાત કે સુપ્રીમ કોર્ટે આટલે જ અટકી ગઈ ન હોત. તેણે વક્ફ કાયદાના વિરોધના નામે હિંસા કરનારાઓને કડક સંદેશ આપવાની સાથે જ રાજ્ય સરકારો અને વિશેષ રૂપે બંગાળ સરકારને નિર્દેશ આપવા જોઈતા હતા કે આ હિંસા પર કોઈપણ ભોગે લગામ લાગે. સુપ્રીમે એની પણ નોંધ લેવી જોઈતી હતી કે મુર્શિદાબાદમાં વક્ફ કાયદા વિરોધીઓની ભીષણ હિંસાને કારણે ત્યાંના અનેક હિંદુઓએ જીવ બચાવવા માટે પલાયન કરવું પડ્યું છે અને તેનું કશું ઠેકાણું નથી કે તેઓ પોતાના ઘરે પાછા ફરી શકશે કે નહીં? સુપ્રીમ કોર્ટે બંગાળ સરકારને તેમના પુનર્વાસની તાકીદ કરવી જોઈતી હતી, જે ન્યાયિક ગણાયું હોત. સુપ્રીમ પાસે મુર્શિદાબાદની હિંસા પર ધ્યાન આપવાની અપે-ા એટલા માટે હતી, કારણ કે તેની સમ-ા તેની અરજી કરાઈ હતી. વક્ફ કાયદા પર સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે જ્યાં આ કાયદામાં કેટલાક સકારાત્મક બદલાવોનો ઉલ્લેખ કર્યો, ત્યાં જ તેની કેટલીક જોગવાઈઓ પર સવાલ ઊભા કરતાં સરકારને નોટિસ પણ જારી કરવામાં આવી. કહેવું મુશ્કેલ છે કે આ સવાલોના જવાબ મળી જતાં તેનો દૃષ્ટિકોણ કેવો હશે, પરંતુ પહેલી જ સુનાવણી દરમ્યાન એકસમયે તેણે વચગાળાનો આદેશ પસાર કરવાના જે સંકેત આપ્યા, તેની જરૂર ન હતી. વક્ફ કાયદા પર પહેલાં જ સંયુક્ત સંસદીય સમિતિમાં વ્યાપક ચર્ચા થઈ અને પછી સંસદના બંને સદનોમાં. જે કાયદામાં મહિનાઓની ચર્ચા બાદ સંશોધન કરવામાં આવ્યાં હોય, તેના પર વચગાળાના આદેશ જારી કરવાની આટલી ઉતાવળ ન દેખાડવી જોઈએ. એ ઠીક છે કે વક્ફ કાયદાને લઈને૭૦થી વધુ અરજીઓ દાખલ કરવામાં આવી છે, જેમાં મોટાભાગની તેના વિરોધમાં છે, પરંતુ એની અવગણના ન કરવી જોઈએ કે આ એક મહત્ત્વપૂર્ણ કાયદો છે અને તેની કેટલીક જોગવાઈઓમાં સંશોધન જરૂરી જ હતાં. વક્ફ કાયદાની બંધારણીયતાની પરખમાં કોઈ વાંધો નહીં, સુપ્રીમ કોર્ટે એવું કરવું જ જોઈએ, પરંતુ વચગાળાનો આદેશ આપતાં પહેલાં બંને પ-ોના વિચાર સાંભળવા જરૂરી છે. આ જરૂરિયાતની પૂર્તિ સાથે જ સંસદમાંથી પસાર કોઈ કાયદાનો સડકો પર ઉતરીને હિંસક રીતે વિરોધ કરવાની પ્રવૃત્તિને પણ હતોત્સાહિત પણ કરવાની જરૂર હતી. એવા સમયે તો ખાસ, જ્યારે આ કાયદા પર સુનાવણી થઈ રહી હોય. છેલ્લા કેટલાક સમયથી આ પ્રવૃત્તિ વધી રહી છે. આના પહેલાં નાગરિકતા સંશોધન કાયદાનો સડકો પર ઉતરીને વિરોધ કરવામાં આવ્યો હતો. એ દરમ્યાન પણ અરાજકતાનું પ્રદર્શન કરવામાં આવ્યું, પરંતુ સુપ્રીમ કોર્ટે તેની યોગ્ય નોંધ ન જ લીધી! આનાથી ખરાબ સ્થિતિ તો ત્યારે બની હ તી જ્યારે કૃષિ કાયદાઓનો ઉગ્ર રીતે વિરોધ કરવામાં આવ્યો. એવું એટલા માટે પણ થયું, કારણ કે સુપ્રીમ કોર્ટે કૃષિ કાયદાઓની કાયદેસરતા પર વિચાર કર્યા વિના જ તેના અમલ પર રોક લગાવી દીધી હતી. હવે આવું ન થવું જોઈએ.

### જેની પાસે પોતાના નિષ્કર્ષો સુધી પહોંચવા માટે કોઈ વિદેશી સંપર્ક ન હતા.

# મુંબઈ હુમલાની વણઉકલી કડીઓ

મુંબઈમાં ૨૬ નવેમ્બર, ૨૦૦૮ના રોજ થયેલા હિચકારા આતંકી હુમલામાં વોન્ટેડ તહવ્વુર હુસૈન રાણા આખરે ભારત પહોંચી ગયો છે, જ્યાં તેની સાથે હાલમાં સઘન પૂછપરછ ચાલી રહી છે. એમ તો રાણાનો દિલ્હી પહોંચવાનો માર્ગ ફેબ્રુઆરીમાં જ ખૂલી ગયો હતો, જ્યારે વડાપ્રધાન મોદીની અમેરિકા યાત્રા દરમ્યાન અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે તેના પ્રત્યાર્પણની જાહેરાત કરી હતી. આ હુમલામાં ૧૮ સુરક્ષાકર્મીઓ સહિત ૧૬૬ લોકો માર્યા ગયા હતા અને ૩૦૦થી વધુ ઘાયલ થયા હતા. અસલમાં આ આતંકવાદી હુમલાના તરત બાદની કહાનીમાં કેટલીય કડીઓ ગાયબ હતી. આશા રાખીએ કે રાણા સાથેની પૂછપરછમાં મળતી માહિતીથી આ કડીઓ જોડી શકાશે.

ઉદાહરણ તરીકે ૨૩ ફેબ્રુઆરી ૨૦૦૯ના રોજ કાઉન્સિલ ઓન ફોરેન રિલેશન્સમાં અમેરિકી ફેડરલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન (એફબીઆઈ)ના તત્કાલીન નિર્દેશક રોબર્ટ એસ મુલરના લાંબા સંબોધનાં હુમલાના તરત બાદ અમેરિકા દ્વારા આપવામાં આવેલ સહયોગનું વિવરણ તો સામે આવ્યું, પરંતુ તેમાં પાકિસ્તાનના આંતરરાષ્ટ્રીય કાવતરા પર કોઈ ચર્ચા ન થઈ. આ ષડયંત્રનો ખુલાસો બહુ બાદમાં પ્રોપબ્લિકાના સેબેસ્ટિયન રોટેલા અને અમેરિકી યુનિવર્સિટીના સ્ટીફન ટેંકેલે અમેરિકી અદાલતમાં રાણા અને ડેવિડ કોલમેન હેડલી પર કેસ દરમ્યાન કર્યો.

બીજું, ૯/૧૧ બાદ રચાયેલી આતંકવાદી હુમલા પર રાષ્ટ્રીય આયોગથી વિપરીત, ૨૬/૧૧ બાદ દિવંગત રામ પ્રધાનની અધ્યક્ષતામાં મહારાષ્ટ્ર સરકાર દ્વારા રચાયેલી ઉચ્ચ સ્તરીય બે સદસ્યોની સમિતિને આતંકવાદી હુમલાની તપાસ કરવાનો અધિકાર ન હતો. સમિતિએ માત્ર એ વાતની વ્યવસ્થાગત તપાસ કરવાની હતી કે પોલીસ હુમલાનો સફળતાપૂર્વક સામનો કેમ ન કરી શકી. દિલચસ્પ વાત તો એ છે કે આ પ્રકારના ખૂંખાર હુમલા - જેને કત્લેઆમ કહેવું વધારે યોગ્ય ગણાય - તેની તપાસ માત્ર રાજ્ય પોલીસના ભરોસે કેવી રીતે છોડી દેવાઈ? ખબર નહીં કેન્દ્રમાં એ વખતે બેઠેલા કોંગ્રેસનીત યુપીએ સરકારના નેતાઓની આ વાત પાછળ શી દાનત રહી હશે!જોકે ૧૯૯૩ અને ૧૯૯૪માં અમેરિકી વાર્તાકારો સાથે આતંકવાદ પર ભારતીય ખુફિયા ટીમોએ વાર્ષિક ચર્ચા કરી હતી, પરંતુ આ હુમલાઓ બાબતે કંઈક વધારે જાણવા માટે ભારતના વિદેશી સંપર્કોનો ઉપયોગ કરવા માટે ૨૬/૧૧ સમિતિને કોઈ મંજૂરી નહોતી આપવામાં આવી! તેને મુંબઈ પોલીસ પર છોડી દેવામાં આવ્યું હતું, જેની પાસે પોતાના નિષ્કર્ષો સુધી પહોંચવા માટે કોઈ વિદેશી સંપર્ક ન હતા. આ ઉચ્ચ સ્તરીય સમિતિના બંને સદસ્યો એ વાત પર હતપ્રભ રહી ગયા કે કેવી રીતે 'નરીમન હાઉસ' નામે ઓળખાતી એક ગુમનામ જગ્યાને ૨૬/૧૧ની રાત્રે હથિયારોથી સજ્જ આતંકવાદીઓએ પહેલા નિશાન તરીકે પસંદ કરી હતી. સ્થાનિક કોલાબા પોલીસને પૂછતાં ખબર પડી કે આ એક એવી જગ્યા હતી, જ્યાં અજ્ઞાત વિદેશી, મોટાભાગે ઈઝરાયલના હીરા વેપારી, એક એવા રેબાઈ (યહૂદી)ના ઘરે રોકાતા હતા, જેને બહુ ઓછા લોકો જાણતા હતા.પછી, એ સમિતિના બંને સદસ્યોએ વિદેશીઓના નોંધણીના પ્રભારી ઉપાયુક્ત સ્તરના એક વરિષ્ઠ અધિકારીને પૂછપરછ કરી, જેમણે તેમને કહ્યું હતું કે સ્થાનિક ઈઝરાયલી વાણિજ્ય દૂતાવાસે પણ નરીમન હાઉસ (છાબડ હાઉસ)ને પોતાની યાદીમાં સામેલ કરવા માટે પ્રાથમિકતાવાળા આતંકી લ-ય રૂપે નહોતું માન્યું. આ યાદી નિયમિત રૂપે યહૂદી રજાઓ પર વિશેષ સુરક્ષા માટે કેન્દ્ર અને મહારાષ્ટ્ર સરકારને મોકલવામાં આવે છે. કોઈપણ અગ્રીમ ગુપ્તચર એલર્ટમાં 'નરીમન હાઉસ'નો ઉલ્લેખ ન હતો. ઈઝરાયલી દૂતાવાસ સાથે ભારત સરકારના થયેલા પત્રાચારમાં પણ આતંકવાદીઓના નિશાના રૂપે તેનો કોઈ ઉલ્લેખ ન હતો.

તેના મહત્ત્વનો અંદાજો નવેમ્બર, ૨૦૦૯માં હોનોલૂલૂમાં એશિયા-પેસિફિક હોમલેન્ડ સુરક્ષા શિખર સંમેલન દરમ્યાન થયો. આ સંમેલનમાં ભાગ લેનારમાં મોટાભાગે વિદેશ વિભાગ, રક્ષા, વાયુસેના, નૌસેના, મરીન, હોમલેન્ડ સુરક્ષા અને હવાઈ રાજ્યના અમેરિકી સરકારી અધિકારીઓ સામેલ હતા. એ બેઠક દરમ્યાન, અમેરિકી વાયુસેનાના એક અધિકારીએ દુનિયાભરમાં છાબડ હાઉસોના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો. પછી ખબર પડી કે હેડલીના આઈએસઆઈ હેન્ડલર, જેની ઓળક મેજર ઈકબાલ રૂપે કરવામાં આવી છે, તેણે તેને ભારતમાં પોતાના પાછલા પાંચ રેકી મિશનો પર તૈનાત કર્યો હતો. મેજર ઈકબાલ અનુસાર છાબડ હાઉસ પહેલું નિશાન એટલે હતું, કારણ કે તે ઈઝરાયલની ગુપ્તચર એજન્સી મોસાદનું મહોરું હતું. મોસાદની ગુપ્તચર ગતિવિધિઓ છાબડ હાઉસથી જ ચાલે છે.

ભારત હેડલીને તો પ્રત્યાર્પિત ન કરાવી શક્યું, જોકે તેણે ફેબ્રુઆરી ૨૦૧૬માં અબુ ઝુંડાલના કેસ દરમ્યાન 'ઓનલાઈન' જુબાની આપી હતી. રાણાની હાજરી મહત્ત્વપૂર્ણ હોવાનાં બીજાં પણ ઘણાં કારણો છે. પહેલું કારણ ૨૫ ફેબ્રુઆરી, ૨૦૦૯ના રોજ દાખલ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની અંતિમ ચાર્જશીટમાં પોતાના અદાલતી રેકોર્ડને ઠીક કરવાનું છે, જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે ભારતીય નાગરિક ફહીમ અંસારી અને સબાહુદ્દીન શેખે જાન્યુઆરી ૨૦૦૮માં લશ્કરે તૈયબાના કર્તાહર્તાઓને મુંબઈના ઠેકાણાંના મામૂલી નક્શા સોંપ્યા હતા. બાદની તપાસ અને પૂછપરછથી ખબર પડી હતી કે તે અમેરિકી નાગરિક ડેવિડ કોલમેન હેડલી હતો, જેણે તમામ જગ્યાઓના વીડિયો અને વિઝ્યુઅલ ડેટા ઉપલબ્ધ કરાવ્યા હતા. મુંબઈના આ ઠેકાણાંને લશ્કરે તૈયબા દ્વારા ખરીદવામાં આવેલ પાંચ ગાર્મિન રિનો જીપીએસ સેટોમાં નાખવામાં આવ્યા હતા અને આ સેટ એ દસેય આતંકવાદીઓને આપી દેવામાં આવ્યા. આ જ કારણ હતું કે તેમને બિલકુલ સચોટ ખબર હતી કે તેમણે ક્યાં જવાનું છે. જોકે ૩ મે, ૨૦૧૦ના રોજ ફહીમ અંસારી અને સબાહુદ્દીન શેખને છોડી મૂકવામાં આવ્યા હતા!

બીજું કારણ એ છે કે હેડલીની તમામ ગતિવિધિઓ, જે અમેરિકી શિકાગો જિલ્લા ન્યાયાલયના ન્યાયાધીશ હેરી લેનેનવેબર દ્વારા પ્રકાશમાં લાવવામાં આવી હતી, તેને આપણા ન્યાયિક રેકોર્ડમાં મૂકવામાં નથી આવી. અમેરિકી ન્યાયિક વિભાગના શબ્દોમાં, આ ભારતમાં જાહેર સ્થળો પર બોમ્બમારો કરવા, ભારતમાં લોકોની હત્યા કરવા, વિદેશીઓની હત્યામાં સહાયતા કરવા, ભારતમાં આતંકવાદને ભૌતિક સમર્થન પ્રદાન કરવા અને લશ્કરને સમર્થન આપવાનું કાવતરું હતું, તેથી, રાણાના ખુલાસા અને કેસ આ ખાલી જગ્યાઓને ભરવા માટે મહત્ત્વપૂર્ણ છે.

### સાતમું, નૈનાર નાગેન્દ્રનને ભાજપના રાજ્ય એકમના નવા અધ્યક્ષ પસંદ કરવામાં આવ્યા છે.

# સ્ટાલિનને કયો ડર સતાવી રહ્યો છે?

### પાંચમું, સમગ્ર શિક્ષા અભિયાન માટે કેન્દ્ર દ્વારા તમિલનાડુને ધનરાશિ નથી ફાળવવામાં આવી.

હાલના સમયમાં કેટલાંય કારણોસર તમિલનાડુની રાજનીતિ ગરમાઈ છે. એક તો એપ્રિલ ૨૦૨૬માં ત્યાં વિધાનસભા ચૂંટણીઓ થવાની છે. જોકે ચૂંટણીમાં હજુ એક વર્ષની વાર છે, પરંતુ રાજકીય પાર્ટીઓ અત્યારથી જ મલ્લકુસ્તી કરવા લાગી છે અને સૌથી વધુ સક્રિયતા ભાજપ દેખાડી રહી છે. બીજું, ગૃહમંત્રી અમિત શાહે અન્નાદ્રમુક (એઆઈએડીએમકે)ને એનડીએ સાથે લાવી દીધું છે. તેનાથી રાજ્યમાં એનડીએ જૂથને મજબૂરી મળી છે. ત્રીજું, દ્રમુક મુખ્યમંત્રી એમકે સ્ટાલિન ત્રિભાષા ફોર્મ્યૂલા મુદ્દે હિંદી વિરોધી આગ ભડકાવી રહ્યા છે, જેને લઈને બીજાં રાજ્યોથી તમિલનાડુમાં કામ કરવા આવેલા સમુદાયોમાં ભારે નારાજગી છે. ચોથું, દ્રમુકે પરિસીમન વિવાદ છેડી દીધો છે. દ્રમુક નેતાઓએ તેને 'રાજકીય તખ્તાપલટ' ગણાવતાં કહ્યું કે એનાથી એ રાજ્યોને લાભ મળશે, જેમણે પોતાની જનસંખ્યાનું યોગ્ય રીતે પ્રબંધન નથી કર્યું. તમિલનાડુના મુખ્યંત્રી એમકે સ્ટાલિન દ્વારા આયોજિત બેઠકમાં વિપક્ષી દળોની જોઈન્ટ એક્શન કમિટીએ સંભવિત પરિસીમન પર સાત સૂત્રી પ્રસ્તાવ પસાર કર્યો. સમિતિએ પરિસીમનની પ્રક્રિયામાં પારદર્શિતાની કમી પર ચિંતા વ્યક્ત કરી છે અને ૧૯૭૧ની જનગણના પર આધારિત સંસદીય ક્ષેત્રોની સંખ્યાની સીમાને ૨૫ વધુ વર્ષો માટે લંબાવવાની અપીલ કરી છે.

પાંચમું, સમગ્ર શિક્ષા અભિયાન માટે કેન્દ્ર દ્વારા તમિલનાડુને ધનરાશિ નથી ફાળવવામાં આવી. ભાજપના નેતૃત્વવાળી કેન્દ્રની સરકાર એ વાતે ટસની મસ નથી થતી કે આ યોજના માટે કેન્દ્રનો હિસ્સો ત્યારે જ જારી કરવામાં આવશે, જ્યારે તમિલનાડુ કેન્દ્ર દ્વારા પ્રાયોજિત એક અન્ય યોજના પીએમશ્રી માટે એમઓયુ પર હસ્તાક્ષર કરશે. એમઓયુમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી-૨૦૨૦)ની સાથે સાથે ત્રિભાષા નીતિને સંપૂર્ણ રીતે લાગુ કરવાની સહમતિ પણ સામેલ છે, જેનો તમિલનાડુ સરકાર આકરો વિરોધ કરી રહી છે.

છઠ્ઠું, દ્રમુકના એક વરિષ્ઠ મંત્રીએ ક બેઠકમાં સેક્સવર્કર અને હિંદુ ધર્મના બે સંપ્રદાયો- શૈવ અને વૈષ્ણવ સાથે જોડીને એક અશ્લીલ વાર્તા સંભળાવી. નિવેદન એટલું વિવાદિત અને અશોભનીય હતું કે તેનાથી વિપક્ષ જ નહીં, તેમની પાર્ટીના જ કેટલાય નેતા નારાજ થઈ ગયા. તેમની ટિપ્પણીનો વીડિયો વાયરલ થઈ ગયો. તેને કારણે મંત્રી કે.પોનમુડીને પાર્ટીમાંથી બરખાસ્ત કરી દેવામાં આવ્યા. મુખ્યમંત્રી એમકે સ્ટાલિનની પત્ની દુર્ગા અને ઓરમાન બહેન કનિમોઝી, જે દ્રમુક સાંસદ પણ છે, તેમણે સ્ટાલિન પર મંત્રીને બરખાસ્ત કરવાનું દબાણ કર્યું.

સાતમું, નૈનાર નાગેન્દ્રનને ભાજપના રાજ્ય એકમના નવા અધ્યક્ષ પસંદ કરવામાં આવ્યા છે. નાગેન્દ્રન રાજ્યમાં ભાજપના ૧૩મા અધ્યક્ષ બન્યા છે. નાગેન્દ્રનના નેતૃત્વમાં રાજ્યની ભાજપ એકમને નવી દિશા મળવાની આશા વ્યક્ત કરાઈ રહી છે. પાર્ટી કાર્યકર્તાઓ અને નેતાઓએ પણ આ ફેંસલાનું સ્વાગત કર્યું છે.

આ તમામ ઘટનાક્રમોને ધ્યાનમાં રાખતાં ગૃહમંત્રી અમિત શાહે પોતાની કાર્યયોજના આગળ વધારી. તેમણે કેટલાય હિંદુ ધાર્મિક સમૂહોથી જાણકારી મળી હતી કે રાજ્યના દિક્ષણી જિલ્લામાં હિંદુધર્મથી ઈસ્લામ અને ઈસાઈ ધર્મમાં મોટા પાયે ધર્માંતરણ થઈ રહ્યું છે. ગવર્નર આરએન રવિએ પણ આ બાબતે અમિત શાહને વાકેફ કર્યા હતા. ભાજપનું લ-ય હિંદુ અને હિંદી વિરોધી દ્રમુક અને એમકે સ્ટાલિનના નેતૃત્વવાળી સરકારને ઉખાડી ફેંકવાની છે. ગયા અઠવાડિયે અમિત શાહના ચેન્નઈ મુલાકાતે નિશ્ચિત રૂપે ડીએમકેને પરેશાન કરી દીધી છે.

દ્રમુકના શીર્ષ નેતાઓને દ્રવિડ રાજનીતિ માટે સંભવિત ખતરાનો અંદેશો છે. ગયા અઠવાડિયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રામેશ્વરમમાં પંબન પુલનું ઉદ્ઘાટન કરવાથી પણ રાજકીય હલચલ મચી હતી. ટ્રેન અને જહાજ, બંને લિફ્ટવાળા આ પુલનો ઉપયોગ સમુદ્ર પાર કરવા માટે કરી શકે છે. વડાપ્રધાનનો પ્રવાસ રામનવમીના દિવસે થયો. મોદીએ દ્રમુકને ભ્રષ્ટ પાર્ટી અને સરકારને અલ્પસંખ્યકોને ખુશ કરવામાં વ્યસ્ત ગણાવી.હવે સૌથી પહેલાં તમિલનાડુની વાસ્તવિક રાજનીતિની વાત કરીએ. દ્રમુકની મુખ્ય સહયોગી કોંગ્રેસ મંત્રીમંડળમાં જગ્યા ઈચ્છે છે. કમ્યુનિસ્ટ પાર્ટી કર્મચારીઓ માટે ૧૨ કલાકની ડ્યુટી જેવા વિવાદાસ્પદ કાયદાઓને પાછા લાવવા પર ભાર મૂક્યો છે. દ્રમુકે ટ્રેડ યુનિયનની રચના પર રોક લગાવી દીધી છે. સ્ટાલિન પોતાના વરિષ્ઠ સહયોગીઓને કારણે પણ ગંભીર સંકટમાં છે, જે દ્રવિડ રાજનીતિને પાટા પરથી ઉતારી રહી છે. તે ઉપરાંત, તેના પરિવારના સદસ્ય ભારે ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા છે. દ્રમુકના એક મંત્રી પીટીઆર રાજને જ આવો આરોપ લગાવ્યો છે.હવે કેટલીક વંશવાદી પાર્ટીઓ તરફ જોઈએ, જે ઉથલપાથલમાં છે, જેમ કે ૮૪ વર્ષીય ડો.એસ રામદાસની અધ્યક્ષતાવાળી પાટ્ટલી મક્કલ કાચી. પિતા-પુત્ર પાર્ટીના વિશાળ આર્થિક સંસાધનો માટે લડે છે. નામ તમિલર કાચીના નેતા સીમાન ઈવી રામાસામી નાયકરની ઉચ્ચ જાતિઓ વિરુદ્ધ નીતિઓની આલોચના કરે છે. તેનાથી ગ્રામીણ ક્ષેત્રોમાં ભાજપને આગળ વધવામાં મદદ મળે છે. સિને અભિનેતા વિજય જોસેફે તમિલ વેત્રી કઝગમ નામની નવી પાર્ટી બનાવી છે. દ્રમુક વિરુદ્ધ સત્તાવિરોધી લહેરનો ફાયદો ઉઠાવવા માટે વિજય જોસેફે મોરચો બનાવ્યો છે. આ જ તમિલ રાજનીતિની કહાની છે.જે તરફથી તમે જોશો, ભાજપ આગળ વધતી દેખાશે. ભારતીય જનતા પાર્ટી લાંબા સમયથી રાજ્યમાં પોતાની પહોંચ વધારવાની કોશિશ કરી રહી છે અને તેને તેમાં ધીમે ધીમે સફળતા મળી રહી છે. તમિલનાડુમાં કેન્દ્રની સામાજિક કલ્યાણ યોજનાઓના અનેક લાભાર્થી છે, જે ભાજપ અને તેના ગઠબંધન માટે અનુકૂળ છે. રાજ્યના ભાજપ એકમના પૂર્વ પ્રમુખ કે.અન્નામલાઈએ મારી ધરતી, મારા લોકો નામે પદયાત્રા કરી હતી, જેને ગ્રામીણ લોકોનું સમર્થન મળ્યું હતું. વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખતાં ભાજપ રાજ્યમાં પહેલેથી જ પોતાના નેતાઓને એક મોટા અભિયાન માટે ઉતારી રહી છે. હરિયાણા, છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને દિલ્હીમાં સત્તા હાંસલ કરવા માટે ભાજપે જે રણનીતિ અપનાવી હતી, તે જ રાજનીતિ અમિત શાહ રાજ્ય વિદાનસભા ચૂંટણીમાં અપનાવવાની યોજના બનાવી રહ્યા છે. ભાજપ એક સદી જૂની દ્રવિડ રાજનીતિને ધ્વસ્ત કરી શકે છે અને તેની શરૂઆત ૨૦૨૬ની તમિલનાડુ વિધાનસભા ચૂંટણીથી થશે.

### ઈડીએ ૧૨ એપ્રિલે તપાસ દરમિયાન ટાંચમાં લેવાયેલી મિલકતો જપ્ત કરવાની કાર્યવાહી શરૂ કરી હતી

# નહેરૂ-ગાંધી ખાનદાન દૂધે ધોયેલો નથી

### ચાર્જશીટમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, સામ પિત્રોડા અને સુમન દુબે સામે મની લોન્ડરિંગના આરોપો મુકાયા છે.

નહેરૂ-ગાંધી ખાનદાનનો કહેવાતો ભ્રષ્ટાચાર ફરી ચર્ચામાં છે. એક તરફ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ નેશનલ હેરાલ્ડ અખબાર અને એસોસિયેટેડ જર્નલ્સ લિમિટેડ (અઉંક)ને લગતા કેસમાં પ્રથમ ચાર્જશીટ દાખલ કરી છે તો બીજી તરફ કૉંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રાની ગુરુગ્રામના શિકોહપુર જમીન કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઊઉ) દ્વારા છેલ્લા બે દિવસથી પૂછપરછ ચાલી રહી છે.

નેશનલ હેરાલ્ડ કેસમાં દાખલ કરાયેલી ચાર્જશીટમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, સામ પિત્રોડા અને સુમન દુબે સામે મની લોન્ડરિંગના આરોપો મુકાયા છે. ઈડીના ચાર્જશીટ સાથે લાંબા સમયથી ઠપ્પ નેશનલ હેરાલ્ડ કેસ આગળ ચાલ્યો છે. ૨૦૧૨માં ભાજપના નેતા સુબ્રહ્મણ્યમ સ્વામીએ સોનિયા, રાહુલ અને તેમની સહયોગી કંપનીઓ સાથે સંકળાયેલા લોકો સામે નેશનલ હેરાલ્ડ અખબારના માલિક એસોસિયેટેડ જર્નલ્સ લિમિટેડ (અઉંક)નાં નાણાં સગેવગે કરવાના આક્ષેપ સાથે ફરિયાદ કરી ત્યારથી આ કેસ ચાલે છે.

સ્વામીએ ફરિયાદ કરી ત્યારે તો કેન્દ્રમાં કૉંગ્રેસની સરકાર હતી એટલે કશું નક્કર થવાનો સવાલ જ નહોતો ઉઠતો, પણ ભાજપની સરકાર આવી પછી પણ આ કેસમાં બહુ પ્રગતિ થઈ નથી. નરેન્દ્ર મોદી ૧૧ વર્ષથી વડા પ્રધાન છે અને આ દરમિયાન વાત ચાર્જશીટ દાખલ કરવા સુધી જ પહોંચી છે. ૨૦૨૨માં જૂનમાં આ કેસમાં રાહુલ ગાંધીની ૫ દિવસમાં ૫૦ કલાક પૂછપરછ કરવામાં આવી હતી. એ પછી ૨૧ જુલાઈ, ૨૦૨૨ના રોજ સોનિયા ગાંધીની ૩ દિવસમાં ૧૨ કલાક પૂછપરછ કરવામાં આવી.

આ પૂછપરછમાં રાહુલ અને સોનિયાને ૧૦૦થી વધુ સવાલો પૂછવામાં આવ્યા હતા. નવેમ્બર ૨૦૨૩માં ઈડીએ એસોસિયેટેડ જર્નલ્સ લિમિટેડના ૯૦.૨ કરોડ રૂપિયાના શેર જપ્ત કર્યા હતા કે જેથી આરોપીઓ શેર વેચીને કોઈ રોકડી ના કરી શકે. એ પછી ઈડી તરફથી કોઈ સળવળાટ નહોતો. હવે દોઢ વર્ષ પછી અચાનક ઈડી ફરી જાગી છે.

ઈડીએ ૧૨ એપ્રિલે તપાસ દરમિયાન ટાંચમાં લેવાયેલી મિલકતો જપ્ત કરવાની કાર્યવાહી શરૂ કરી હતી ને દિલ્હી, લખનઊ અને મુંબઈમાં ૬૬૧ કરોડ રૂપિયાની સ્થાવર મિલકતોનો કબજો લેવા માટે નોટિસ આપી હતી. મુંબઈના બાંદ્રામાં આવેલા હેરાલ્ડ હાઉસના ત્રણ માળ જિંદાલ સાઉથ વેસ્ટ પ્રોજેક્ટ્સ લિમિટેડને ભાડે અપાયેલા છે. ઈડીએ માસિક ભાડા/લીઝની રકમ ઈડીના ખાતામાં જમા કરાવવા નોટિસ પાઠવી છે. આ ઉપરાંત દિલ્હીમાં ૫અ, બહાદુરશાહ ઝફર માર્ગ ખાતે આવેલા હેરાલ્ડ હાઉસ, મુંબઈમાં બાંદ્રા (પૂર્વ)માં આવેલા હેરાલ્ડ હાઉસ અને લખનઊમાં વિશ્વેશ્વર નાથ રોડ પરની એસોસિયેટેડ જર્નલ્સ લિમિટેડની ઈમારતો પર નોટિસ લગાવાઈ છેકૉંગ્રેસે રાબેતા મુજબ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર ક્ધિનાખારી અને રાજકીય બદલાની ભાવનાથી કામ કરી રહી હોવાની રેકર્ડ વગાડી છે. જયરામ રમેશે ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યું છે કે આ વડા પ્રધાન અને ગૃહમંત્રીની બદલાની રાજનીતિ છે. નેશનલ હેરાલ્ડની સંપત્તિ જપ્ત કરવી એ કાયદાના શાસનનો ઢોંગ કરીને સરકાર દ્વારા આચરાઈ રહેલો ગુનો છે. સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને કેટલાક અન્ય લોકો સામે ચાર્જશીટ દાખલ કરવી એ વડા પ્રધાન અને ગૃહમંત્રીની બદલાની રાજનીતિ અને ધાકધમકી સિવાય બીજું કંઈ નથી પણ કૉંગ્રેસ અને તેનું નેતૃત્વ ચૂપ રહેશે નહીં. સત્યમેવ જયતે. વાડ્રાનો પણ દાવો છે કે, હું લોકોનો અવાજ ઉઠાવીશ ત્યારે આ લોકો મને દબાવશે અને એજન્સીઓનો દુરુપયોગ કરશે.નહેરુ-ગાંધી ખાનદાન કૉંગ્રેસ માટે માઈ-બાપ છે તેથી કૉંગ્રેસ આ કાર્યવાહી સામે બોલવાની એ નક્કી છે. કૉંગ્રેસને તેનો અધિકાર પણ છે, પણ નેશનલ હેરાલ્ડ કેસમાં નહેરુ-ગાંધી ખાનદાન શંકાના દાયરામાં છે જ. એ જ રીતે વાડ્રા પણ જમીન કૌભાંડમાં ખરડાયેલા તો છે જ.ઈડી તો અત્યારે કાર્યવાહી કરી રહી છે પણ આ મુદ્દો મૂળ તો ભાજપના નેતા સુબ્રહ્મણ્યમ સ્વામીએ ઉઠાવેલો અને સ્વામીએ અત્યાર સુધી આપેલી વિગતોને જોતાં નહેરુ-ગાંધી ખાનદાન સાવ દૂધે ધોયેલો છે એવું છાતી ઠોકીને કહી શકાય તેમ નથી. સુબ્રહ્મણ્યમ સ્વામીએ ૨૦૧૨માં દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં અરજી કરીને સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, મોતીલાલ વોરા, ઓસ્કાર ફર્નાન્ડિઝ, સામ પિત્રોડા અને સુમન દુબે પર છેતરપિંડી અને નાણાકીય ઉચાપત કરીને ખોટમાં ચાલી રહેલા નેશનલ હેરાલ્ડ અખબારને હડપ કરવાનો આક્ષેપ મૂક્યો હતોસ્વામીનો આક્ષેપ હતો કે, કૉંગ્રેસના નેતાઓએ નેશનલ હેરાલ્ડની મિલકતો પર કબજો કરવા માટે યંગ ઈન્ડિયન લિમિટેડ ઓર્ગેનાઈઝેશન બનાવીને તેના દ્વારા ગેરકાયદે રીતે એસોસિયેટેડ જર્નલ લિમિટેડ (અઉંક) હસ્તગત કરી. એજેએલ નેશનલ હેરાલ્ડની પબ્લિશર કંપની છે. સ્વામીનો આક્ષેપ છે કે દિલ્હીના બહાદુરશાહ ઝફર માર્ગ પરનું ૨૦૦૦ કરોડ રૂપિયાનું હેરાલ્ડ હાઉસ બિલ્ડિંગ પચાવી પાડવા આ કારસો કરાયો હતો. આ કારસાના ભાગરૂપે ૨,૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ ધરાવતી કંપની માત્ર ૫૦ લાખ રૂપિયામાં ખરીદી લેવાઈ. સ્વામીએ આ ઠગાઈ બદલ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને આ કેસમાં બીજા કૉંગ્રેસીઓ સામે ફોજદારી કાર્યવાહીની માગ કરી હતી.કૉંગ્રેસની સરકાર હતી ત્યારે તો કોર્ટે કંઈ ના કર્યું પણ ૨૦૧૪ના મેમાં ભાજપની સરકાર આવી કે તરત જૂન ૨૦૧૪માં કોર્ટે સોનિયા, રાહુલ અને અન્ય આરોપીઓને સમન્સ મોકલ્યા. ઓગસ્ટ ૨૦૧૪માં ઈડીએ મની લોન્ડરિંગનો કેસ નોંધ્યો. ડિસેમ્બર ૨૦૧૫માં દિલ્હીની પટિયાલા કોર્ટે સોનિયા અને રાહુલ સહિત તમામ આરોપીઓને જામીન આપ્યા પછી બધા આરોપી જામીન પર છે.

પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રા પણ હરિયાણામાં કરેલા જમીન સોદા મામલે શંકાના દાયરામાં છે. આ કેસમાં ફેબ્રુઆરી ૨૦૦૮માં રોબર્ટ વાડ્રાની કંપની સ્કાયલાઈટ હોસ્પિટાલિટીએ ગુરુગ્રામના શિકોહપુરમાં ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ પાસેથી ૭.૫ કરોડ રૂપિયામાં ૩.૫ એકર જમીન ખરીદી હતી. એ વખતે કૉંગ્રેસના ભૂપિન્દર સિંહ હુડ્ડા હરિયાણાના મુખ્યમંત્રી હતા.



# સમીરા રેડ્ડીએ લાઇફ સ્ટાઇલ બદલીને વજન ઘટાડવાની ઝુંબેશ શરૂ કરી

સમીરા રેડ્ડી ફિલ્મ કરતાં તેના ઈસ્ટાગ્રામ અને સોશિયલ મીડિયા વીડિયોના કારણે છેલ્લાં ઘણા વખતથી વધુ જાણીતી અને લોકપ્રિય થઈ છે. ત્યારે તાજેતરમાં તેણે સોશિયલ મીડિયા પર વજન ઘટાડવાની ઝુંબેશ શરૂ કરીને તેનો વીડિયો શેર કર્યો છે. તેણે આ માટે પોતાની જીવનશૈલી બદલવાનો નિર્ણય લીધો છે અને આ સફર તે સોશિયલ મીડિયા પર શેર કરી રહી છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, “૯૦કિલો અને ૪૩-૩૭.૫-૪૪ આ મેં કહી દીધું. મારા ૧ જાન્યુઆરી, ૨૦૨૫ના માપ. આ વર્ષે હું ભંગાર અનુભવ સાથે જાગી હતી. મને ખબર નથી કે ક્યાં અને કઈ રીતે મેં ગયું વર્ષ વિતાવ્યું. તેથી આ વર્ષે હું લાઈફસ્ટાઈલ બદલી નાંખવા માગું છું. ૨૦૨૫ પડકારરૂપ હશે પરંતુ દૃઢ નિશ્ચય, પોષણક્ષમ ખોરાક અને વજન માટેની કસરત, યોગા અને શ્રદ્ધા સાથે હું ત્યાં પહોંચી જઈશ.”

સમીરા રેડ્ડીએ શેર કરેલાં વીડિયોમાં તેણે પોતાનાં કેટલાંક જીમના વીડિયો શેર કર્યા હતા, તેમાં તેણે પોતાના ફોલોવર્સને વિનંતિ કરી છે કે તેને સહકાર આપે, “આ એક મૌલિક, ગંભીર, પ્રેરણાત્મક ફિટનેસની સફર હશે, ચલો શરૂ કરીએ.”

લાંબો સમય મેદસ્વિતા સાથે વિતાવ્યા બાદ ફરી એક નવી જીવનશૈલી અપનાવવા માટે શારીરિક અને માનસિક બંને રીતે મજબૂત રહેવાની જરૂર પડે છે. તેના માટે નિયમિત કસરત કરવી પડે છે, યોગ્ય રીતે પોષણક્ષમ આહાર લેવો પડે છે, સાથે પૂરતો આરામ પણ કરવો પડે છે. આ સમગ્ર સફર દરમિયાન માનસિક રીતે મજબૂત રહેવું પડે છે, યોગ્ય આયોજનનો તમારી સફરમાં મહત્વનો ફાળો હોય છે. આ સફર લાંબી ચાલે છે, તેથી હિંમત રાખવી અને નિરાશ થયા વિના મહેનત કરતા રહેવી જરૂરી છે, તેના માટે કેટલીક લાંબાગાળાની ટેવો વિકસાવવી પડે છે. તેમજ સતત હકારાત્મક અભિગમ જાળવી રાખવો પડે છે.

# વરુણ ધવન, દિલજિત દોસાંજ અને અર્જૂન કપૂર સાથે ‘નો એન્ટ્રી ૨’માં તમન્ના પણ જોડાઇ



બોલિવૂડની ઘણી લોકપ્રિય કોમેડી ફ્રન્ચાઈઝીમાં ‘નો એન્ટ્રી’નો પણ સમાવેશ થાય છે. તેની સિક્વલની ઘણા વર્ષોથી રાહ જોવાઈ રહી છે, ત્યારે અંતે આ સિક્વલની જાહેરાત થતાં જ તે ચર્ચામાં આવી ગઈ છે. હવે એવું લાગે છે, ફિલ્મનું કામ ધીરે ધીરે શરૂ થઈ ગયું છે. તેની સાથે કાસ્ટમાં મોટા નામ જોડાઈ રહ્યાં છે.

છેલ્લાં કેટલાંક અહેવાલો અનુસાર, આ ફિલ્મની કાસ્ટમાં હવે તમન્ના ભાટિયા પણ જોડાઈ છે. તેણે લીડ રોલ માટે ફિલ્મ સાઇન કરી લીધી હોવાના અહેવાલો છે. આ ફિલ્મ સાથે તે કોમેડી જોનરમાં પાછી ફરી રહી છે, તેથી તે પણ ઉત્સાહમાં છે. આ ફિલ્મમાં તમન્નાનું પાત્ર જૂની ૨૦૦૫ની ફિલ્મમાં બિપાશાના પાત્ર જેવું જ હશે. આ ઉપરાંત તેણે હવે અજય દેવગન અને સંજય દત્તની ફિલ્મ ‘રેન્જર’નું પણ શૂટ શરૂ કરી દીધું છે.

એવી પણ ચર્ચા છે કે ‘નો એન્ટ્રી ૨’માં તમન્ના સિવાય અદિતિ રાવ હૈદરી પણ જોડાઈ શકે છે. તેનો રોલ પણ મહત્વનો હશે, પરંતુ આ અંગે હજુ કોઈ જાહેરાત થઈ નથી. આ ફિલ્મમાં વરુણ ધવન, અર્જૂન કપૂર અને ફરદીન ખાન મહત્વના રોલમાં હશે, પરંતુ ઓરિજિનલ ફિલ્મની કાસ્ટ ફરી જોવા મળશે નહીં. જોકે, ફિલ્મના પ્રોડ્યુસર બોની કપૂરે ફિલ્મ અનાઉન્સ કરતી વખતે જ કહ્યું જુની કાસ્ટ ફરી ન લેવા અંગે કારણ આપ્યું હતું.

એક ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું હતું, “કેટલાંક પ્રશ્નો હતા, તેથી અમે કમનસીબે એ કલાકારો સાથે ફરી ફિલ્મ બનાવી શકીએ તેમ નથી, ખાસ કરીને કોઈની તારીખો મેચ થતી નથી. અમારે એકસાથે બધાંનાં કમસેકમ ૨૦૦ દિવસો જોઈએ.” આ ફિલ્મનું શૂટ જૂન-જુલાઈમાં શરૂ થાય એવી શક્યતા છે અને પછી તેનું પોસ્ટ પ્રોડક્ન થશે. આ ફિલ્મ ૨૬ ઓક્ટોબર, ૨૦૨૫ એટલે કે દિવાળી પર રિલીઝ થશે, એવી જાહેરાત કરવામાં આવી છે.

# વરુણ ધવન-સામંથાની સીરિઝ સિટાડેલની બીજી સીઝન નહિ આવે



મુંબઈ : વરુણ ધવન તથા સામંથા રુથ પ્રભુની ’સિટાડેલ’ વેબ સીરિઝનો બીજો ભાગ નહિ આવે. આ સીરિઝ ભારતમાં ઠીક ઠીક જોવાઈ હતી પરંતુ વૈશ્વિક સ્તર પર સદંતર નિષ્ફળ ગઈ હતી. આથી, ઓટીટી પ્લેટફોર્મ દ્વારા આ સીરિઝને આગળ નહિ વધારવાનો નિર્ણય લેવાયો હતો. મૂળ અમેરિકી સિટાડેલ સીરિઝમાં પ્રિયંકા ચોપરાની પણ મહત્વની ભૂમિકા હતી. બાદમાં આ સીઝનનું ભારતીય વર્ઝન તૈયાર કરવાનું નક્કી થયું હતું અને તેમાં વરુણ ધવન તથા સામંથાને કાસ્ટ કરવામાં આવ્યાં હતાં. હવે પ્રિયંકા ચોપરાની મૂળ ’સિટાડેલ’ સીરિઝમાં જ ભારતીય વર્ઝનની આગલી વાર્તાનો રેફરન્સ આપી દેવાશે એમ નક્કી થયું છે.

# અનન્યાએ શેનેલની પ્રથમ ઇન્ડિયન બ્રાન્ડ એમ્બેસેડર બનીને ઇતિહાસ રચ્યો



અનન્યા પાંડેને મંગળવારે ફ્રેન્ચ લક્ઝરી બ્રાન્ડ શેનેલની પહેલી ભારતીય બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જાહેર કરવામાં આવી છે. ૨૬ વર્ષની અનન્યા આ બ્રાન્ડની એક માત્ર બ્રાન્ડ એમ્બેસેડર છે. ૧૯૧૦માં ગેબ્રિઅલ કોકો શેનેલ દ્વારા આ બ્રાન્ડની શરૂઆત કરવામાં આવી હતી.

આ બાબતે અનન્યાએ પણ એક નિવેદન જાહેર કર્યું હતું, જેમાં તેણે આ જાણીતી બ્રન્ડનો ચહેરો બનવા બદલ ખુશી વ્યક્ત કરી હતી. તેણે લખ્યું, “વ્યક્તિગત રીતે આઝાદીનો અનુભવ કરાવે, વ્યક્તિને તેનાં વ્યક્તિત્વને હિંમતભેર કાલાતીત સુંદરતા સાથે સ્વીકારવા માટે સશક્ત બનાવે છે.” આ સાથે અનન્યાએ શેનેલ સાથે પોતાનો નાતો કેટલો જૂનો છે, તે અંગે પણ પોતાની ઈસ્ટાગ્રામ પોસ્ટમાં વાત કરી હતી. પોતાની પોસ્ટની કેપ્શનમાં તેણે લખ્યું, “શેનેલ સાથેની મારી સફર માટે ઉત્સુક છું અને અતિ ઋણી છું. ભારત માટે અને ભારતમાંથી સૌ પ્રથમ બ્રાન્ડ એમ્બેસેડર. સપનાંઓ ખરેખર સાકાર થાય છે.”અનન્યા પાંડેને આવકારતાં શેનેલ દ્વારા પણ એક નિવેદન જાહેર કરવામાં આવ્યું છે. જેમાં તેમણે અનન્યા જે મુલ્યો ધરાવે છે, તેના મહત્વને પણ ભાર આપ્યો છે. આ નિવેદન મુજબ, “અનન્યા એક એવી પેઢીનું પ્રતિનિધિત્વ કરે છે જે બદલાતા રસ-રુચિઓ અને પોતાની અલગ ઓળખ ધરાવે છે, જે પોતાની જિજ્ઞાસાઓ સાથે દુનિયામાં ફરે છે. તેનાં મૂલ્યો શેનેલ સાથે સુસંગત છે, જેનાં કારણે તે અમારા પરિવારનું પ્રતિનિધિત્વ કરવા માટે યોગ્ય પસંદ બની છે.”આ પહેલાં અનન્યા ગયા વર્ષે પેરિસ ફેશન શોમાં શેનેલ સ્પ્રિંગ સમર શોમાં હાજર રહી હતી. તેણે પેરિસ ફેશન વીકમાં રાહુલ મિશ્રાનાં સુપરહિરોઝ કલેક્શનનો ડ્રેસ પહેરીને રૅમ્પ વૉક કર્યું હતું. અનન્યાની ફિલ્મોની વાત કરવામાં આવે તો ‘કેસરી ચેપ્ટર ૨’ માં તે એક વકીલનો રોલ કરતી જોવા મળશે, તેમાં તે અક્ષય કુમાર અને આર.માધવન સાથે કામ કરી રહી છે.

# ધ રોયલ્સઃ ભૂમિ પેડનેકર-ઇશાન ખટ્ટરની જોડી લાવશે રોમેન્ટિક કોમેડીનો ટ્વિસ્ટ




ભૂમિ પેડનેકર અને ઈશાન ખટ્ટર ઓટીટી પ્લેટફર્મ પર રોયલ અંદાજમાં જોડી જમાવવા જઈ રહ્યાં છે. તે બંને એકબીજા સાથે પહેલી વથત કામ કરવા જઈ રહ્યાં છે. તેમાં ન્યૂ એજ કપલની ઓલ્ડ સ્કૂલ રોયલ્ટીની થીમ પરની સ્ટોરી જોવા મળશે. આ શો આ શોના લોંચ પહેલાં ભૂમિ અને ઈશાને પોતાના અનુભવોની વાત કરી હતી.

ધ રોયલ્સમાં એક રાજકુમાર અને આમકુમારીની વાત છે, જે રોમેન્ટિક કોમેડીનો એક નવો ટ્વિસ્ટ છે. ઈશાને આ અંગે કહ્યું, “ઘણી રીતે, એક કલાકાર હોવું અ એક બાળકને મેદાનમાં રમતું મુકી દેવાં જેવું છે, જાણે તમે શીખતા રહો છો અને કશુંક નવું કરતાં રહો છો. આ શોમાં અમારી પાસે એક વૈભવી મેદાન હતું. અમે સાચા મહેલ એટલે કે ઉદયપુરના સિટી પેલેસમાં શૂટ કર્યું હતું, તેનાથી અમને પાત્રમાં ઘુસવામાં મદદ મળી હતી. ત્યાંનો માહોલ એટલો વાસ્તવિક હતો. અમારે જે ભજવવાનું હતું એ બધું અમારી આંખોની સામે હતું.”

જ્યારે ભૂમિ માને છે કે આ દેશમાં બે પ્રકારના રોયલ લોકો છે, તેણે કહ્યું, “મારા માટે આ શોની દુનિયા રોયલ્ટીની અલગ વ્યાખ્યા લઈને આવી, જેઓ આ યુનિકોર્ન અને સ્ટાર્ટર્સના સ્થાપક છે, તેઓ આપણા અર્થતંત્રમાં મહત્વનો ફાળો આપે છે અને તંત્રને ઘણી રીતે બદલી રહ્યાં છે. આ શોમાં તેમને રોયલ્સની વિરુદ્ધમાં બતાવ્યા છે. મારું પાત્ર સોફિયા એવું છે, જે આ દુનિયા માટે બિલકુલ અજાણ્યું છે અને તેણે સફળતાનો અનુભવ કરી લીધો છે. તેણ સંઘર્ષથી આગળ વધીને પુરુષોની દુનિયામાં પોતાનું નામ કર્યું છે. પછી તે આ રોયલ્સની દુનિયામાં પ્રવેશે છે અને થોડી પાછી પડે છે.” ભૂમિએ ઈશાન સાથેની જોડી અંગે કહ્યું, “ઈશાન સાથે કામ કરવાનું મારા માટે પણ નવું હતું. મેં વર્ષોથી એનું કામ જોયું છે અને એ જોરદાર કલાકાર છે. આશા છે કે ઓડિયન્સને અમને સાથે જોવામાં મજા આવશે.”

રોમેન્ટિક કોમેડી એ ઈન્ડિયન સિનેમાની ઓળખ છે, ત્યારે રોયન્સ તેમાં એક નવો અંદાજ લઈને આવે છે, શોના લેખિકા રંગિતા પ્રિતિશ નાંદીએ કહ્યું, “તમે છેલ્લે ભારતની બહાર કોઈ રોમેન્ટિક કોમેડી સિરીઝ ક્યારે જોઈ હતી જે મોટા પાયે અને અલગ વિષય સાથે બની હોય, જેમાં મહેલો અને બોર્ડરૂમનું કોમ્બિનેશન હોય.” આ સિરીઝ ૯ મેથી નેટફ્લિક્સ પર આવશે.

આ શોમાં ભૂમિ અને ઈશાન સિવાય ઝીનત અમાન, સાક્ષી તંવર, નોરા ફતેહી, ડિનો મોરીયા, મિલિંદ સોમણ, ચંકી પાંડે, વિહાન સમત અને સુમુખી સુરેશ જેવા જાણીતા ચહેરા વિવિધ રોલમાં જોવા મળશે.

# મોહનલાલની ‘દૃશ્યમ ૩’ મલયાલમ સાથે હિન્દીમાં પણ બને તો અજય દેવગનની રીમેક સામે જોખમ

ક્રાઈમ અને થ્રિલર આધારીત કથાઓનો એક સરળ નિયમ હોય છે, કે કોઈ પણ રહસ્યમાં કે ગુનામાં તે કઈ રીતે થયો કે તેની રીત પર ધ્યાન આપવું જોઈએ, કોણે કર્યું છે, તેના પર નહીં. પરંતુ અજય દેવગનની ‘દૃશ્યમ’ શ્રેણીની ફિલ્મોએ આ માન્યતા ખોટી પુરવાર કરી છે. મોહનલાલની બંને દૃશ્યમ ૨૦૧૩ અને પછી ૨૦૨૧માં આવી હતી અને તેનાં બે વર્ષ પછી અજય દેવગનની ફિલ્મો આવી હતી. આ બે વર્ષોમાં ઓડિયન્સ પાસે ફિલ્મની વાર્તા જાણી લેવાનો પુરતો સમય હતો. છતાં બંને ફિલ્મો બોક્સ ઓફિસ પર ઘણી સફળ રહી છે. પરંતુ હવે ત્રીજા ભાગમાં આ બાબત શક્ય ન બને તેવી સ્થિતિ સર્જાઈ છે.

એવા અહેવાલો છે કે મોહનલાલની દૃશ્યમના ડિરેક્ટર જીતુ જોસેફ ‘દૃશ્યમ ૩’ બે ભાષામાં બનાવશે, જે હિન્દી અને મલયાલમ બંનેમાં રિલીઝ થશે. ઓરિજિનલ ફિલ્મના મેકર્સ પણ ઈચ્છે છે કે, તેઓ હિન્દી ફિલ્મના ઓડિયન્સને ટાર્ગેટ બનાવે. તેના કારણે અજય દેવગનની ફિલ્મ મુશ્કેલીમાં મુકાઈ શકે છે. મોહનલાલની ફિલ્મનું શૂટિંગ મેના અંત સુધીમાં શરૂ થઈ જશે. સૂત્રો દ્વારા મળતી માહિતિ અનુસાર, “છેલ્લી બે ફિલ્મોની સફળતા પછી જીતુ અને મોહનલાલ તેમજ ફિલ્મના પ્રોડ્યુસર એન્ટોની પેરુમ્બવૂર ઈચ્છે છે કે તેઓ સમગ્ર દેશમાં પોતાની ફિલ્મ રિલીઝ કરે. આ અજય



દેવગનની ફિલ્મ માટે એક સમસ્યા બની શકે છે. કારણ કે તેની દૃશ્યમ ૩ની સ્ક્રિપ્ટ તો હજુ લખાઈ રહી છે. અજય દેવગનની આગળની બે ફિલ્મો સફળ થઈ તેનું કારણ એવું પણ છે કે ત્યારે મલયાલમ ફિલ્મની ટીમે તેમની ફિલ્મ હિન્દીમાં રિલીઝ કરી નહોતી. પરંતુ જો હવે મોહનલાલની ફિલ્મ અજય દેવગનની ફિલ્મ પહેલાં રિલીઝ થઈ જશે અને એ પણ હિન્દીમાં તો અજય દેવગનને મોટું નુકસાન વેઠવું પડશે, કારણ કે બંને ફિલ્મની સ્ટોરી અને પ્લોટ હંમેશા સરખાં જ રહ્યાં છે.”

હજુ મોહનલાલની ફિલ્મ માટે શૂટ શરૂ કરવાની તૈયારીઓ ચાલી રહી છે, તેમાં મોહનલાલ ફરી એક વખત જ્યોર્જકુટ્ટીના રોલમાં જોવા મળશે, જે હત્યા કરવા છતાં પોલીસથી વારંવાર બચી ગયો છે. આ ફિલ્મ કેરાલાના થોડુપુઝામાં આકાર લે છે, ત્યાંજ ફિલ્મના પહેલાં ભાગનું શૂટિંગ પણ થયું હતું. હવે આગળની ફિલ્મ પણ ત્યાં જ શૂટ થશે. ‘દષ્યમ ૨’નો સેટ કુડયાથૂરમાં બનાવાયો હતો, તેનો પણ ઉપયોગ થઈ શકે છે.

તો અજય દેવગનની ફિલ્મ વિશે એક સૂત્ર દ્વારા મળતી માહિતિ અનુસાર, “અજય દેવગનની ફિલ્મનું શૂટિંગ ઓક્ટોબર પહેલાં શૂટ થઈ શકે તેમ નથી. કારણ કે તે પહેલાં ‘ધમાલ ૪’નું શૂટિંગ પૂરું કરશે. તેના પછી તે ‘રેન્જર’નું કામ કરશે. કુમાર મંગત પાઠકે અત્યાર સુધી અજય દેવગનની ‘દૃશ્યમ’ પ્રોડ્યુસ કરી છે અને અભિષેક પાઠકે ડિરેક્ટ કરી છે. તેથી હવે તેઓ મોહનલાલની ફિલ્મના પ્રોડ્યુસર્સ સાથે ચર્ચા કરશે. જેથી કમ સે કમ બંને ફિલ્મ એક સાથે રિલીઝ થઈ શકે.” જોકે, હજુ આ અંગે જીતુ જોસેફ, મોહનલાલ કે પેરુમ્બવૂર દ્વારા કોઈ જ જાહેરાત કરવામાં આવી નથી.

# રણવીર અને દીપિકાનું ૧૦૦ કરોડનું સી ફેસિંગ હાઉસ તૈયાર

મુંબઈ : દીપિકા પદુકોણ અને રણવીર સિંહ પુત્રી દુઆ સાથે જલદી મુંબઈના બાંદરા બેન્ડસ્ટેન્ડના નવા ઘરમાં શિફ્ટ થશે. બાંદરાના બેન્ડસ્ટેડ દરિયા કિનારા પાસે આવેલા હાઈરાઈઝ બિલ્ડિંગમાં તેમણે ૧૬થી ૧૯ એમ ચાર માળનો ક્વાડ્રુપ્લેક્સ તૈયાર કરાવ્યો છે. જે કુલ ૧૧,૨૬૬ સ્કે. ફૂટમાં ફેલાયેલો છે. ૧,૩૦૦ સ્કે. ફૂટની ટેરેસ પણ તેમાં આવેલી છે.

દીપિકા અને રણવીરનાં આ આલીશાન એપાર્ટમેન્ટની નજીક જ શાહરુખ ખાનનો મન્નત બંગલો તથા સલમાન ખાનનું ગેલેક્સી એપાર્ટમેન્ટ આવેલાં છે. જોકે, હાલ મન્નતનું રિનોવેશન થવાનું હોવથી શાહરુખ ખુદ પરિવાર સાથે પાલીહિલમાં ભાડાંનાં ત્રણ ફલેટમાં શિફ્ટ થઈ ચૂક્યો છે.

દીપિકા અને રણવીર હાલ સાઉથ મુંબઈના પ્રભાદેવી વિસ્તારમાં રહે છે. આ ઉપરાંત તેઓ મુંબઈ નજીકના અલીબાગમાં પણ ૨૨ કરોડની કિંમતનો બંગલો ધરાવે છે.



# હૈદરાબાદને ચાર વિકેટે રગદોળીને મુંબઈની સળંગ બીજી જીત

મુંબઈ ઈન્ડિયન્સે વાનખેડેમાં આઈપીએલની મેચમાં ઓલરાઉન્ડ દેખાવ કરતા સનરાઈઝર્સ હૈદરાબાદ સામે ચાર વિકેટે વિજય મેળવ્યો હતો. મુંબઈએ આ સળંગ બીજી જીત મેળવીને પ્લેઓફની આશા જીવંત રાખી છે. સનરાઈઝર્સ હૈદરાબાદનો ૧૬૩ રનનો ટારગેટ મુંબઈએ ૧૮.૧ ઓવરમાં છ વિકેટે ૧૬૬ રન કરીને પાર પાડ્યો હતો. મુંબઈ તરફથી વિલ જેક્સે ૨૬ બોલમાં ત્રણ ચોગ્ગા અને બે છગ્ગા સાથે સર્વોચ્ચ ૩૬ રન ફટકાર્યા હતા. ઓપનર રિકલટને ૩૧ રનની ઈનિંગ્સ રમી હતી. રોહિત શર્માએ ઈમ્પેક્ટ પ્લેયર તરીકે ઓપનિંગ કરતા ૧૬ બોલમાં ત્રણ છગ્ગાના સહારે ૨૬ રન કર્યા હતા.

હૈદરાબાદના ૧૬૩ રનના લક્ષ્યાંક સામે મુંબઈએ રોહિતની વિકેટ ઝડપથી ગુમાવી હતી. પેટ કમિન્સના બોલને ફટકારવા જતા રોહિત હેડના હાથે કેચ આઉટ થયો હતો. જેક્સ અને સુર્યકુમારે ત્રીજી વિકેટ માટે ૫૨ રનની પાર્ટનરશિપ કરીને મુંબઈને જીતની નજીક લાવી દીધું હતું. સુર્યકુમારે ૧૫ બોલમાં બે ચોગ્ગા અને તેટલા જ છગ્ગા સાથે ૨૬ રનની ઈનિંગ્સ રમી હતી. તિલક ૨૧ રન કરીને અણનમ રહ્યો હતો અને તેણે વિજયી ચોગ્ગો ફટકાર્યો હતો. ૧૮મી ઓવર મુંબઈએ જીત માટે એક રનની જરૂર હતી ત્યારે નાટ્યાત્મર રીતે હાર્દિક (૨૧) અને નમન (૦૦)ની બે વિકેટ ગુમાવી હતી. મિચેલ સેંટનર એક બોલ રમીને અણનમ રહ્યો હતો. ત્યારબાદ ૧૯મી ઓવરના પ્રથમ બોલ પર તિલકે ચોગ્ગો ફટકારતા મુંબઈનો સળંગ બીજો વિજય થયો હતો. હૈદરાબાદ તરફથી સુકાની કમિન્સે ૨૬ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. ઈશાન મલિંગાએ બે અને હર્ષલ પટેલે એક વિકેટ ઝડપી હતી. મુંબઈ ઈન્ડિયન્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગનો નિર્ણય કર્યો હતો. સનરાઈઝર્સ હૈદરાબાદે તેના આક્રમક સ્વભાવથી વિપરીત પ્રારંભમાં ધીમી બેટિંગ કરી હતી અને પાવરપ્લેની નિર્ધારિત છ ઓવરમાં વિના વિકેટે ૪૬ રન કર્યા હતા. અભિષેક શર્મા ૨૮ બોલમાં સાત ચોગ્ગા ફટકારીને ૪૦ રન પર આઉટ થયો હતો ત્યારે હૈદરાબાદે



૫૯ રન પર પ્રથમ વિકેટ ગુમાવી હતી. હાર્દિક પંડ્યાએ મુંબઈને પ્રથમ સફળતા અપાવી હતી. ત્યારબાદ સ્પિનર વિલ જેક્સે ઈશાન કિશન (૨) અને ટ્રેવિસ હેડ (૨૮)ને આઉટ કરીને મુંબઈની પકડ મજબૂત કરી હતી. નીતીશ રેડ્ડી ૨૧ બોલમાં ૧૯ રન કરીને બોલ્ટની ઓવરમાં તિલકના હાથે કેચઆઉટ થયો ત્યારે ૧૧૬ રનના સ્કોર પર સનરાઈઝર્સની ચોથી વિકેટનું પતન થયું હતું. વિકેટકીપર બેટ્સમેન હેનરિચ ક્લાસેને બાદમાં દીપક ચાહરે ફેંકેલી ૧૮મી ઓવરમાં બે છગ્ગા તથા બે ચોગ્ગા સાથે ૨૧ રન ફટકાર્યા હતા. ત્યારબાદ બુમરાહે ૧૯મી ઓવરમાં ક્લાસેન (૩૭)ની વિકેટ ઝડપવા સાથે ફક્ત ચાર રન આપ્યા હતા. ઈનિંગ્સની છેલ્લી ઓવરમાં હાર્દિકે ૨૨ રન આપ્યા હતા.

# કટોકટીની ક્ષણે રિવર્સ સ્વિંગનો ઉપયોગ કરવો શ્રેષ્ઠ આવડત છેઃ અક્ષર



સર્વશ્રેષ્ઠ બોલર પણ કટોકટીની ક્ષણો હોય ત્યારે અને દબાણ હેઠળ હોય ત્યારે નબળો પડી જતો હોય છે પરંતુ ઓસ્ટ્રેલિયાનો ધુરંધર બોલર મિચેલ સ્ટાર્ક કદાચ અલગ પ્રકારનો બોલર છે અને બુધવારે તેના કેપ્ટન અક્ષર પટેલે તેનામાં ભરોસો દાખવ્યો ત્યારે શાનદાર બોલિંગ કરીને તેણે દિલ્હી કેપિટલ્સને સફળતા અપાવી હતી.

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગુરુવારે દિલ્હી કેપિટલ્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે રમાયેલી મેચ ટાઈમાં પરિણમી હતી જે અંતે સુપર ઓવરમાં ગઈ અને દિલ્હીએ વિજય હાંસલ કર્યો હતો. મેચ બાદ દિલ્હી કેપિટલ્સના સુકાની અક્ષર પટેલે કબૂલ્યું હતું કે રિવર્સ સ્વિંગ બોલિંગ કરવી એ એક બાબત છે અને દબાણ હેઠળ કટોકટીની ક્ષણોમાં તેનો સફળતાપૂર્વક અમલ કરવો બીજી બાબત છે. આ કરિશ્મા રોયલ્સ સામેની મેચમાં સ્ટાર્કે કરી દેખાડ્યો હતો. બુધવારે રમાયેલી મેચમાં દિલ્હી અને રાજસ્થાન બંનેએ ૧૮૮-૧૮૮ રનનો સ્કોર નોંધાવતાં મેચ ટાઈમાં પરિણમી હતી. ત્યાર બાદ સુપર ઓવરમાં મિચેલ સ્ટાર્કે અદભૂત બોલિંગ કરી હતી.

# આજે બેંગલોરની બેટિંગ અને પંજાબની સ્પિન બોલિંગ વચ્ચે ટક્કર



ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં આ વખતે શાનદાર પ્રદર્શન કરીને છમાંથી ચાર મેચ જીતનારી રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમ હજી સુધી તેના હોમગ્રાઉન્ડ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ પર એકેય મેચ જીતી શકી નથી. આમ તે શુક્રવારે હોમગ્રાઉન્ડ પર રમશે ત્યારે તેનો પ્રથમ લક્ષ્યાંક ઘરઆંગણે જીતવાનો રહેશે. જોકે આ માટે તેને પંજાબ કિંગ્સના સફળ સ્પિનર્સનો મુકાબલો કરવાનો રહેશે. રોયલ ચેલેન્જર્સ બેંગલોર અને પંજાબ કિંગ્સ વચ્ચે શુક્રવારે સાંજે ૭.૩૦ કલાકથી મેચ રમાશે.

બેંગલોરની ટીમે રજત પાટીદારની આગેવાની હેઠળ અને તેના સ્ટાર ક્રિકેટર્સની મદદથી આ સિઝનમાં શાનદાર પ્રદર્શન કરેલું છે પરંતુ કમનસીબી એ રહી છે કે તેની છમાંથી બે મેચમાં તે બેંગલોરમાં જ હારી ગઈ હતી. હવે શુક્રવારે તેના મોખરાના બેટર્સ પંજાબના ચહલ અને અન્ય સ્પિનર્સ સામે કેવી રમત દાખવે છે તેની ઉપર પરિણામનો આધાર રહેશે. ચહલ અને ગ્લેન મેક્સવેલે બેંગલોરની અગાઉની મેચોમાં કેવી રીતે બેટિંગ થઈ હતી તેનો અભ્યાસ કર્યો જ હશે. અગાઉ ગુજરાત ટાઈટન્સના આર. સાઈ કિશોર (૨/૨૨), દિલ્હી કેપિટલ્સના કુલદીપ યાદવ (૨/૧૭) અને વિપરાજ નિગમ (૨/૧૮) એ મળીને રોયલ ચેલેનજર્સ બેંગલોરના બેટર્સને ઘણા પરેશાન કર્યા હતા.

પંજાબ કિંગ્સ પાસે ચહલ અને મેક્સવેલ બંને એવા બોલર છે જે અગાઉ આઈપીએલમાં બેંગલોર માટે રમી ચૂક્યા છે. ઘણી વાર તો ચહલને ટીમની બહાર રહેવું પડ્યું છે. આ સંજોગોમાં બેંગલોર કેમ્પ અંગે તેઓ સારી રીતે માહિતગાર છે. જોકે બેંગલોરને કદાચ એ રીતે રાહત મળી શકે કે ગુજરાત અને દિલ્હી બંને સામે તેણે પ્રથમ બેટિંગ કરી હતી અને તેના સ્પિનર્સને રાતના સમયે બોલિંગ કરવાનો લાભ મળ્યો હતો.

શુક્રવારની મેચમાં પંજાબ કિંગ્સ વધુ આત્મવિશ્વાસ સાથે રમી શકશે કેમ કે છેલ્લે મંગળવારે રમાયેલી મેચમાં તેમણે માત્ર ૧૧૧ રનનો સ્કોર નોંધાવ્યો હોવા છતાં અંતે કોલકાતા નાઈટ રાઈડર્સ પાસેથી વિજય આંચકી લીધો હતો. આ રોમાંચક મેચમાં ચહલે ચાર વિકેટ લીધી હતી તો ગ્લેન મેક્સવેલે બે ઓવરમાં માત્ર પાંચ રન આપીને વેંકટેશ ઐયર જેવા ખતરનાક બેટરને આઉટ કર્યો હતો.

# મુંબઈના ખેલાડીએ મેચમાં નિયમોનું ઉલ્લંઘન કર્યું, અમ્પાયરે કરી ભૂલ



IPL ૨૦૨૫માં, ગઈકાલે રાત્રે મુંબઈ ઈન્ડિયન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે મેચ રમાઈ હતી. આ મેચ જીતીને, મુંબઈએ સીઝન-૧૮માં પોતાનો ત્રીજો વિજય મેળવ્યો જ્યારે સનરાઈઝર્સને પાંચમી હારનો સામનો કરવો પડ્યો. આ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સની બોલિંગ શાનદાર રહી, જેના કારણે ટીમને જીતવામાં વધુ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો નહીં. તે જ સમયે, મેચ દરમિયાન નિયમોનું ઉલ્લંઘન થતું જોવા મળ્યું, જેના પર ફિલ્ડ અમ્પાયરે પણ ધ્યાન આપ્યું નહીં.

સનરાઈઝર્સ હૈદરાબાદ તરફથી ઈશાન મલિંગાએ ૧૮મી ઓવર ફેંકી. તે સમયે મુંબઈને જીત માટે ૧૮ બોલમાં ફક્ત ૨ રનની જરૂર હતી. મલિંગાના ઓવરના પહેલા બોલ પર તિલક વર્માએ ૧ રન લીધો અને અહીં મુંબઈને જીતવા માટે ૧ રનની જરૂર હતી. આગામી બોલ પર હાર્દિક પંડ્યા આઉટ થઈ ગયો અને તેના સ્થાને કરણ નમન ધીર બેટિંગ કરવા આવ્યો. નમન ધીર પહેલા ૨ બોલ પર રન બનાવી શક્યો નહીં અને ઈશાનના પાંચમા બોલ પર, નમન સામે LBW અપીલ થઈ અને અમ્પાયરે તેને આઉટ જાહેર કર્યો, જોકે નમનએ રિવ્યુ માંગ્યો.નિર્ણય ત્રીજા અમ્પાયર પાસે પહોંચ્યો, જેમ જેમ ત્રીજા અમ્પાયરે તેને તપાસવાનું શરૂ કર્યું અને રિપ્લે મોટી સ્ક્રીન પર વાગવા લાગ્યો, નમનને ખ્યાલ આવ્યો કે તે આઉટ થઈ ગયો છે અને તે ડગઆઉટ પર પહોંચી ગયો, જોકે ત્યાં સુધી ત્રીજા અમ્પાયરે પોતાનો નિર્ણય પણ આપ્યો ન હતો. જ્યારે નિયમો મુજબ, ખેલાડીએ ત્રીજા અમ્પાયર દ્વારા નિર્ણય ન આવે ત્યાં સુધી મેદાનની અંદર રહેવું પડે છે. બીજી તરફ, ફિલ્ડ અમ્પાયરે પણ નમન ધીરને ડગઆઉટમાં જતા અટકાવ્યા નહી.આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા સનરાઈઝર્સ હૈદરાબાદે ૨૦ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને ૧૬૨ રન બનાવ્યા હતા. જે બાદ મુંબઈ ઈન્ડિયન્સે ૧૮.૧ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને આ લક્ષ્ય હાંસલ કર્યું. મુંબઈ માટે વિલ જેક્સે સૌથી વધુ ૩૬ રનની ઈનિંગ્સ રમી, આ ઉપરાંત બોલિંગ કરતી વખતે, જેક્સે ૨ વિકેટ પણ લીધી, જેના કારણે તેને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પણ પસંદ કરવામાં આવ્યો.

# 'તે મારૂ કરિયર ખતમ કરી દીધું', વિરાટ કોહલી પર ભડકી ઉઠ્યો હતો ઝહીર ખાન




IPLમાં લખનઉ સુપર જાયન્ટ્સના કોચ ઝહીર ખાન હાલમાં જ પિતા બન્યો છે. ભારતીય ટીમના પૂર્વ ફાસ્ટ બોલર અને તેની પત્ની સાગરિકાએ પોતાના પુત્રનું અત્યંત યુનિક ફતેહસિંહ ખાન રાખ્યું છે. ઝહીર ખાન પોતાના સમયનો સફળ બોલર રહ્યો છે. આજે તેના કારકિર્દીનો એક કિસ્સો યાદ કરીએ, જેમાં તે વિરાટ કોહલી પર ભડકી ઉઠ્યો હતો, અને ગુસ્સામાં તેના પર પોતાની કારકિર્દી ખતમ કરી દેવાનો આરોપ લગાવ્યો હતો. વેસ્ટ ઈન્ડિઝ વિરૂદ્ધ એક ટેસ્ટ સીરિઝ દરમિયાન ઈશાંત શર્મા અને ઝહીર ખાને જિઓ સિનેમા સાથે વાતચીત કરતાં પોતાનો આ કિસ્સો વર્ણવ્યો હતો કે, કેવી રીતે ઝાહીર ખાને કોહલી પર ગુસ્સો કર્યો હતો.

૨૦૧૪માં ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાયેલી ટેસ્ટ મેચમાં એક કિસ્સો બન્યો હતો. જેમાં બ્રેન્ડન મેકુલમે ભારત વિરૂદ્ધ ત્રણસો રન ફટકાર્યા હતા. આ મેચમાં વિરાટ કોહલીએ મેકુલમનો કેચ છોડ્યા બાદ તે સળંગ ત્રણ દિવસ સુધી બેટિંગ પર અણનમ રહ્યો હતો. ઈશાંત શર્માએ જણાવ્યું હતું કે, અમે ન્યૂઝીલેન્ડમાં ટેસ્ટ મેચ રમી રહ્યા હતા. ત્યારે વિરાટ કોહલીએ ઝહીર ખાનના બોલ પર બ્રેન્ડન મેકુલમનો કેચ છોડ્યો હતો. ત્યારબાદ લંચ સમયે કોહલીએ ઝહીરને સોરી કહ્યું હતું. પરંતુ ઝહીરે કહ્યું કે, કઈ વાંધો નથી. આપણે તેને આઉટ કરી દઈશું. પણ મેકુલમ રમતો રહ્યો, તો ટી બ્રેકમાં પણ કોહલીએ ઝહીર પાસે માફી માગી હતી. ઝહીરે ફરી કહ્યું, ચિંતા ન કર. પરંતુ મેકુલમ સળંગ ત્રીજા દિવસે રમતો રહ્યો. ત્રીજા દિવસે મેચમાં ટી બ્રેક પર વિરાટ કોહલીએ ફરી ઝહીર પાસે આવી વસવસો કર્યો હતો. તો ખાન નારાજ થઈ ગયો અને ભડકી ઉઠ્યો હતો કે, તે મારૂ કરિયર ખતમ કરી દીધું.

ઝહીરે આ મામલે સ્પષ્ટતા આપી કે, મે આ રીતે નહોતુ કહ્યુ. મેં કહ્યુ હતું કે, માત્ર બે ખેલાડી એવા રહ્યા છે, પહેલાં કિરણ મોરે, જેમણે ગ્રાહમ ગૂચનો કેચ છોડ્યો હતો અને તેણે ૩૦૦ રન ફટકારી દીધા. ત્યારબાદ કોહલી એક હતો, તેણે મેકુલમનો કેચ છોડ્યો અને તેણે ૩૦૦ રન માર્યા. જેથી વિરાટે આવેશમાં આવીને મને આ રીતે વાત ન કરવા કહ્યુ હતું. કોહલીને આ વાત પસંદ ન આવી હતી, તેના કારણે કેચ છૂટ્યા બાદ રનનો વરસાદ થયો હતો. આ ઘટના વેલિંગ્ટનમાં બેસિન રિઝર્વ ટેસ્ટ દરમિયાન ઘટી હતી. તે સીરીઝની બીજી ટેસ્ટ મેચ હતી. ઝહીર ખાનની કારકિર્દી માટે આ અંતિમ ટેસ્ટ મેચ સાબિત થઈ હતી. જો કે, તેણે આ મેચમાં પાંચ વિકેટ ઝડપી હતી.

# કર્ણ શર્માને બોલ વાગતાં હાથમાંથી લોહી નીકળ્યું



IPL-૧૮ની ૩૩મી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે સનરાઈઝર્સ હૈદરાબાદને ૪ વિકેટે હરાવ્યું. વાનખેડે સ્ટેડિયમ ખાતે પ્રથમ બેટિંગ કરતા હૈદરાબાદે ૫ વિકેટ ગુમાવીને ૧૬૨ રન બનાવ્યા. જવાબમાં મુંબઈએ ૧૮.૧ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ટાર્ગેટ પ્રાપ્ત કરી લીધો. વિલ જેક્સે ૩૬ રન બનાવ્યા અને બોલ સાથે ૨ વિકેટ લીધી.

ગુરુવારે ઘણી મોમેન્ટ્સ જોવા મળી. રાયન રિકેલ્ટનની સ્ટમ્પિંગથી ઈશાન કિશન આઉટ થયો. મેચના પહેલા બોલ પર વિલ જેક્સ કેચ ચૂકી ગયો. નો બોલ પર કેચ આઉટ થયા હેડ અને રિકેલ્ટન. જેક્સનો કેચ ટ્રેવિસ હેડ ચૂકી ગયો. બોલ કર્ણ શર્માની આંગળીઓમાં વાગ્યો અને તે મેદાનની બહાર ગયો.

મેચની પહેલી ઓવર ફેંકી રહેલા દીપક ચહરે હૈદરાબાદના બંને ઓપનરોને જીવનદાન આપ્યું. જ્યારે બંને બેટર કેચ ચૂકી ગયા, ત્યારે તેઓએ પોતાનું ખાતું પણ ખોલાવ્યું ન હતું.

મેચના પહેલા બોલ પર વિલ જેક્સે કેચ છોડ્યો દીપક ચહરની ઓવરના પહેલા બોલ પર અભિષેક શર્મા આગળ આવ્યો અને બોલને ધ્યાનમાં રાખીને મોટો શોટ રમવાનો પ્રયાસ કર્યો. બોલ દૂર ફર્યો અને બેટની બહારની ધાર અડીને સ્લિપ તરફ ગયો. અહી ફિલ્ડર વિલ જેક્સે કેચ લેવાનો પ્રયાસ કર્યો પરંતુ બોલ તેની આંગળીઓમાં વાગ્યો અને કેચ ચૂકી ગયો.


કર્ણ હેડનો કેચ ચૂકી ગયો પહેલી ઓવરના ચોથા બોલ પર કર્ણ શર્મા ટ્રેવિસ હેડનો કેચ ચૂકી ગયો. ચહર લેગ સ્ટમ્પ પર ફુલ બોલ ફેંક્યો જેને હેડે મિડ-વિકેટ તરફ ફ્લિક કર્યો. કર્ણ શર્મા ફિલ્ડિંગ કરી રહ્યો હતો તેણે નીચે ઝૂકીને આંગળીઓના ઈશારાથી બોલ રોક્યો. રિપ્લેમાં જોવા મળ્યું કે બોલ જમીનને સ્પર્શતા પહેલા તેના હાથમાં ગયો હશે. અહી હેડને જીવનદાન મળ્યું.

હૈદરાબાદની ઈનિંગની ત્રીજી ઓવરમાં અભિષેક શર્માના શોટથી કર્ણ શર્મા ઘાયલ થયો. ચહરની ઓવરના પાંચમા બોલ પર અભિષેકે આગળ વધીને શોટ રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલ શરીરની ખૂબ નજીક હતો, જેના કારણે તે યોગ્ય રીતે સમય કાઢી શક્યો નહીં. બોલ બેટની અંદરની ધારથી મિડ-વિકેટ તરફ ગયો.

કર્ણ શર્માએ બોલને રોકવા માટે ડાઈવ માર્યો પરંતુ બોલ તેના હાથ પર વાગ્યો, જેનાથી તેની આંગળીમાં ઈજા થઈ. કર્ણ પીડાથી કણસતા મેદાનની બહાર નીકળી ગયો.

સનરાઈઝર્સ હૈદરાબાદે ૯મી ઓવરમાં પોતાની બીજી વિકેટ ગુમાવી દીધી. વિલ જેક્સે ઓવરનો ચોથો બોલ ઓફ સ્ટમ્પની બહાર ગુડ લેન્થ પર ફેંક્યો. ઈશાન કિશન મોટો શોટ રમવા માટે આગળ આવ્યો, પરંતુ તેને વિકેટકીપર રાયન રિકેલ્ટન દ્વારા સ્ટમ્પ આઉટ કરવામાં આવ્યો. તે ફક્ત ૨ રન જ બનાવી શક્યો.

# વિરાટ કોહલીની RCB ઉબેર અને ટ્રેવિસ હેડને હાઈકોર્ટમાં ઢસડી ગઇ, જાણો ખરેખર મામલો છે શું?



આઈપીએલ ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરએ ગુરુવારે દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કર્યો. ઈઝમ્એ હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે યુટ્યુબની એક જાહેરાત તેના ટ્રેડમાર્કનું અપમાન કરી રહી છે. આ મામલો ઉબેર મોટો અને ઓસ્ટ્રેલિયન બેટ્સમેન ટ્રેવિસ હેડ સાથે સંબંધિત છે. આરસીબીની વચગાળાની અરજી પર બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ ન્યાયાધીશ સૌરભ બેનરજીએ પોતાનો આદેશ અનામત રાખ્યો હતો.

રોયલ ચેલેન્જર્સ સ્પોર્ટ્સ પ્રાઈવેટ લિમિટેડે ઉબેર ઈન્ડિયા સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ સામે દાવો દાખલ કર્યો હતો કે ઉબેર મોટોની યુટ્યુબ જાહેરાત તેના ટ્રેડમાર્કનો અનાદર કરે છે. આ જાહેરાતનું શીર્ષક 'બેડીઝ ઈન બેંગ્લોર ફૂટ ટ્રેવિસ હેડ' છે. આરસીબીએ કહ્યું કે વીડિયોમાં મુખ્ય પાત્ર, સનરાઈઝર્સ હૈદરાબાદના ક્રિકેટર હેડ તેના ટ્રેડમાર્કનું અપમાન કરે છે.

આરસીબીએ કહ્યું કે, 'વીડિયોમાં મુખ્ય પાત્ર સનરાઈઝર્સ હૈદરાબાદના ઓપનર ટ્રેવિસ હેડ, તેમના ટ્રેડમાર્કનું અપમાન કરે છે.' વીડિઓ જાહેરાત વિશે સમજાવતા RCBના વકીલે કહ્યું કે, 'ક્રિકેટરને બાઈક પર બેંગલુરુના ક્રિકેટ સ્ટેડિયમ તરફ જતો બતાવવામાં આવ્યો છે. તેનો ઉદ્દેશ્ય "બેંગલુરુ વિરુદ્ધ હૈદરાબાદ" મેચના પોસ્ટરને બગાડવાનો છે. તે સ્પ્રે પેઈન્ટ લઈને બેંગલુરુની બાજુમાં "રોયલી ચેલેન્જડ" લખે છે, જેનાથી તે "રોયલી ચેલેન્જડ બેંગલુરુ" બની જાય છે, જે RCBના ટ્રેડમાર્કનું અપમાન કરે છે.'

## ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે

# દક્ષિણ ગુજરાત વીજ કંપનીની છ વીજ કચેરીઓનું લોકાર્પણ

### રાજ્ય સરકાર રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે સમગ્ર દેશમાં અગ્રસ્થાને: નાણા, ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈ

સુરત, તા.૧૮

નાણા અને ઉર્જા મંત્રી અને સુરત જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના હસ્તે માંગરોળ તાલુકાના લિંડયાતથી દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ.ની રૂ.નવ કરોડના ખર્ચે છ જેટલી કચેરીઓના નવા ભવનોનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં કીમ વિભાગીય કચેરી, મોલવણ, મોટા બોરસરા અને પીપોદરા પેટા વિભાગીય કચેરી, કડોદરા-૧ અને કડોદરા ઈન્ડ.પેટા વિભાગીય કચેરીઓનો સમાવેશ થાય છે. ઔદ્યોગિક અને રહેણાંક વિસ્તારોના સ્થાનિક વીજ ગ્રાહકોને નવીન કચેરીઓના કારણે સુવિધા ઉભી થશે અને વીજ સેવાઓનો બહોળો લાભ મળી રહેશે.

માંગરોળ તાલુકાના લિંડયાત સબ-સ્ટેશન ખાતે આયોજિત કાર્યક્રમમાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, તમામ નાગરિકોને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહે તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. રાજ્ય સરકાર રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે સમગ્ર દેશમાં અગ્રસ્થાને ચાલી રહી છે. ગુજરાતે સૌર અને પવન ઉર્જા સેક્ટરમાં સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષિત કર્યું છે. દક્ષિણ ગુજરાત વીજ કંપની નહિવત વીજ લોસ ધરાવે છે. આ તકે તેમણે સ્માર્ટ મીટરની ઉપયોગિતા જણાવીને સ્માર્ટ મીટર પોતાના ઘરો પર અવશ્ય નંખાવવા અનુરોધ કર્યો હતો. આ અવસરે વન અને પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશની માથાદીઠ વીજવપરાશ ૧૧૭૩ યુનિટ છે, જેની સામે ગુજરાતનો વીજ વપરાશ ૨,૪૭૯ યુનિટ સાથે સૌથી વધુ છે. ૨૦૩૦ સુધીમાં ગુજરાત રિન્યુએબલ એનર્જીમાંથી જરૂરિયાતના ૫૦ ટકા વીજળી ઉત્પન્ન કરનારૂ રાજ્ય બની રહેશે. આવનારા ૫૦ વર્ષોની વીજ માંગની જરૂરિયાતને ધ્યાને લઈ ગુજરાત આગળ વધી રહ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. સતત વીજ પુરવઠો મળી રહે તે માટે દરિયાકાંઠાના વિસ્તારોમાં ૧૧ કેવીની લાઈનો અંડરગ્રાઉન્ડ થઈ ચૂકી હોવાનું તેમણે કહ્યું હતું. માંગરોળના ધારાસભ્ય શ્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે,કીમ કોસંબામાં વિસ્તારમાં બે હજારથી વધુ ઔદ્યોગિક એકમો આવેલા છે. જેમને સાતત્યપુર્ણ વીજળી મળી રહે તે માટે સરકારે પાંચ જેટલી કચેરીઓના મકાનોનું નિર્માણ કર્યું છે. કિમ વિસ્તારની ઈન્ડસ્ટ્રીઝને વરસાદી પાણીના નિકાલ માટે રૂ.૩૬ કરોડ મુખ્યમંત્રીએ મંજૂર કર્યા છે. નોંધનીય છે કે, ભાડાના મકાનમાં કાર્યરત એવી કીમ ઔદ્યોગિક વિભાગીય કચેરી, પીપોદરા-મોટા બોરસરા- મોલવણ પેટા વિભાગીય કચેરીઓના નવા અદ્યતન ભવનોનું રૂ.૭.૦૨ કરોડના ખર્ચે ૩૨૩૭.૭૭ ચો.મી. બિલ્ટઅપ એરિયા સાથે અદ્યતન નવીન ઓફિસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. ભાડાના મકાનમાં કાર્યરત કડોદરા-૧ પેટા વિભાગીય કચેરી તથા કડોદરા ઔદ્યોગિક પેટા વિભાગીય કચેરીના નવા અદ્યતન ભવનનું રૂ.૧ કરોડ ૯૧ લાખના ખર્ચે ૭૮૧.૭૬ ચો.મી. બિલ્ટઅપ એરિયામાં નિર્માણ કરવામાં આવ્યું છે. આ નવીન કચેરીઓમાં વિજલક્ષી સેવાઓ અર્થે આવતા વિજગ્રાહકોને, પાર્કિંગ, બેસવા માટેની વ્યવસ્થા, પીવાના પાણીની (પરબ) જેવી પાયાની સુવિધાઓ મળી રહેશે. આ પ્રસંગે ગુજરાત ઊર્જા વિકાસ નિગમના એમ.ડી. શ્રી જયપ્રકાશ શિવહરેએ જણાવ્યું હતું કે, ભારત સરકારની આરડીએસેસ યોજના હેઠળ રૂ.૨૦ હજાર કરોડના વીજ લાઈનો, સ્માર્ટ મીટર સહિતના કામો થઈ રહ્યા છે. કોઈ પણ પ્રકારના વીજવિક્ષેપ વિના ગ્રાહકોને વીજળી મળી રહે તે માટે રાજયની ચારેય વીજ કંપનીઓ કાર્ય કરી રહી હોવાનું તેમણે કહ્યું હતું. આ પ્રસંગે જિ.પંચાયત પ્રમુખ શ્રીમતી ભાવિનીબેન પટેલ, દ્વ્ક્ફ્ઝ્ન ના એમ.ડી. યોગેશ ચૌધરી, અધિક્ષક ઇજનેર સુરતી, કિમ કડોદરા ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ૨૦૨૨થી ૨૦૨૫ દરમિયાન ૧,૨૧,૪૮૯ લોકોએ સુરત કિલ્લાની મુલાકાત લીધી

સુરત, તા.૧૮

સુરત શહેરના ચોકબજાર પાસે આવેલો કિલ્લો સુરતના ભવ્ય ઈતિહાસની સાક્ષી પૂરે છે. અમદાવાદના રાજા સુલતાન મહમૂદ ત્રીજાના (૧૫૩૮-૧૫૫૪) આદેશ પર સુરત શહેર પર થતા વારંવારના આક્રમણને ખાળવા આ કિલ્લો બંધાયો હતો. સુલતાન મહમૂદે આક્રમણનું કામ તુર્કીના સૈનિક સફી આગાને સોંપ્યું હતું, જે ખુદાવંદ ખાન તરીકે ઓળખાતો હતો. ઈ.સ.૧૫૪૦ થી ૧૫૪૬ની વચ્ચે બાંધવામાં આવેલો કિલ્લો લગભગ ૧ એકર જગ્યામાં ફેલાયેલો છે. ૨૦ ગજ ઊંચી અને ૧૫ મીટર પહોળી દીવાલો અને ચારે ખૂણા પર ૧૨.૨ મીટર ઊંચા તથા ૪.૧ મીટર પહોળાઈના મિનારાથી સજ્જ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા કિલ્લાને ફરી તેની ઐતિહાસિક ભવ્યતા આપવા માટે રિનોવેશન કરાયું છે. ૨૦૨૨થી ૨૦૨૫ દરમિયાન ૧,૨૧,૪૮૯ લોકોએ સુરત કિલ્લાની મુલાકાત લીધી છે અને રૂ. ૮૩,૭૨,૦૪૦ની આવક થઈ છે એમ સુરત કિલ્લાના હેરિટેજ ટૂરિઝમથી પ્રાપ્ત થઈ છે એમ ક્યુરેટર પૃથ્વી રંગનેકર જણાવે છે.

### રિનોવેશન બાદ ઉદ્દઘાટન અને જાહેર પ્રવેશ

મનપા દ્વારા રિનોવેશન થયા પછી તા.૨૯ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઐતિહાસિક સુરત કિલ્લાનું વર્ચ્યુઅલ ઉદ્દઘાટન કરવામાં આવ્યું અને તા.૩૦ સપ્ટે.૨૦૨૨થી સામાન્ય જનતા માટે ખૂલ્લો મૂકાયો.

### પુન:સ્થાપન અને સંરક્ષણ

૨૦૧૫માં રાજ્ય સરકારે સુરત મહાનગરપાલિકા (SMC)ને કિલ્લાની જતન અને સંભાળ માટે સોંપણી કરી. જીસ્ઝ્રએ આશરે રૂ.૫૫ કરોડના ખર્ચે પુન:સ્થાપન કાર્ય કર્યું, જેમાં તુઘલક, ગુજરાતમાં ડચ અને બ્રિટિશ શૈલીઓના સ્થાપત્યને જાળવીને લગભગ ૭૦૦ વર્ષ જૂના વારસાને જીવંત રાખવામાં આવ્યો છે.

### સ્થાપત્યની ભવ્યતા, ઈતિહાસની અનુભૂતિ

નવજીવન પામેલા સુરત કિલ્લાના અંદર હવે પથ્થર પરની પ્રાચીન મૂર્તિઓ અને નકશીકામથી શોભતી વિવિધ વિષયક ગેલેરીઓ છે, જે શહેરના ઈતિહાસની ઊંડી ઝાંખી આપે છે. છ મુખ્ય ઈમારતો, ચાર મુખ્ય મિનાર, બે અપૂર્ણ મિનાર, એક ખાઈ અને એક ડ્રોઅબ્રિજ છે, જે તમામ તુઘલક, મુગલ સલ્તનત, ડચ અને બ્રિટિશ યુગની ઝાંખી કરાવે છે. આ કિલ્લો માત્ર ઐતિહાસિક સ્મારક જ નથી પણ આજે તે શૈક્ષણિક અને સાંસ્કૃતિક કેન્દ્ર પણ બન્યું છે.

શ્રી રંગનેકર કહે છે કે, સુરત મનપા દ્વારા વિશેષ પહેલરૂપે શરૂ કરાયેલ નિ:શુલ્ક પ્રવેશ યોજના હેઠળ મહાનગરપાલિકા સંચાલિત નગરપ્રાથમિક શાળાના ૮,૦૩૭ વિદ્યાર્થીઓ અને અન્ય નિયત કરાયેલા મુલાકાતીઓને વિનામૂલ્યે પ્રવેશ આપી કિલ્લાના ઐતિહાસિક વારસાથી અવગત કરાવવામાં આવ્યા હતા. ઉપરાંત, ૬૨૭ વિદેશી મુલાકાતીઓએ પણ કિલ્લાની મુલાકાત લીધી હતી. ૧૮ સભ્યોની ટીમ કિલ્લાના સંચાલન અને જતન માટે સતત કાર્યરત છે. આ માત્ર ભૂતકાળ કે ઈતિહાસનું સંગ્રહસ્થાન નથી, પરંતુ ભાવિ પેઢીઓને આપણી સંસ્કૃતિ સાથે જોડવાનું માધ્યમ છે. એક સમયે તાપી નદીના કિનારે વ્યૂહાત્મક સ્થાન ધરાવતા સુરતના કિલ્લાએ હવે પોતાના પ્રાચીન અને ગૌરવપૂર્ણ વૈભવને ઉજાગર કરી રહ્યો છે. આ સ્મારકે અનેક જહાજોના આવાગમન, સામ્રાજ્યોના ઉદય અને પતન અને તાપીની લહેરો સાથે અનેકવિધ સંસ્કૃતિઓનો સાક્ષી રહ્યો છે. આજે આ કિલ્લામાં પૌરાણિક ઈતિહાસ માત્ર નિહાળી જ નહી, અનુભવી પણ શકાય છે.

### તાપી નદીના કિનારે આવેલો સુરતનો ઐતિહાસિક કિલ્લો પ્રાચીન સંસ્કૃતિ, સુરતના ગૌરવ અને સમૃદ્ધ વારસાનું પ્રતિક

# સુરત મહા નગર પાલિકામાં નોકરીના બહાને રૂા.૨.૯૯ લાખ પડાવી લેવાયા

### ઠગ હિતેશ ધારિયા સામે પોલીસ ફરિયાદ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૫

સુરત મહાનગરપાલિકામાં નોકરી અપાવવાના બહાને ડીંડોલીના હિતેશ ધારીયાએ રાંદેરના વિદ્યાર્થી પાસેથી રૂપિયા ૨.૯૯ લાખ પડાવી લઈ વિશ્વાસઘાત કર્યો હતો. રાંદેર પોલીસે આરોપી સામે ઠગાઈ નો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે ડીંડોલી માનસરોવર સોસાયટીની બાજુમાં કૈલાશ નગરમાં રહેતા હિતેશ ગિરધર ધારીયા સાથે વિદ્યાર્થી મોનીક ભદ્રેશકુમાર ભાજીવાલા (ઉ.વ.૨૦ ધંધો-અભ્યાસ રહે.પ્લોટ નં.૨૩૮, પટેલ પાર્કની બાજુમાં, તાડવાડી રાંદેર રોડ)ની સને-૨૦૨૪ના માર્ચ મહિનામાં મુલાકાત થઈ હતી. હિતેશભાઇ ધારીયાએ મોનિક ભાજીવાલાને સને- ૨૦૨૪ ના માર્ચ મહિનામાં એસ.એમ.સી.માં નોકરી અપાવવાનું કહ્યું હતું. અને મોનીક પાસેથી હિતેશ પૈસા માંગ્યા હતા. જેથી મોનિકએ તેના ઉપર ભરોસો રાખી ટુકડે ટુકડે રૂ.૨,૯૯,૩૦૦ હિતેશ ન આપ્યા હતા પરંતુ હિતેશે આ રકમ પડાવી લઈ નોકરી અપાવી ન હતી જેથી હિતેશ પાસે મોનીકે પૈસા પરત માંગતા નહીં આપી વિશ્વાસઘાત કર્યો હતો. જેથી મોનીકે રાંદેર પોલીસ સ્ટેશનમાં હિતેશે સામે ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી.

**મોસ્ટ વોન્ટેડ**
**પહેલા પાનાનું ચાલુ**

શહે, બટાલા, ગુરદાસપુર, જેવા શહેરોમાં હુમલા કરાયા હતા. ભાજપ નેતા મનોરંજન કાલીયાના નિવાસે તથા બે દિવસ પૂર્વે એક યુટયુબરનાં ઘર પર ગ્રેનેડ હુમલામાં પણ તેની સંડોવણી હતી.અમેરિકી ઈમીગ્રેશન એજન્સીએ સોશ્યલ મિડિયા પ્લેટફોર્મ 'એકસ' મારફત જાહેરાતમાં કહ્યું કે ભારતનાં હજાબમાં આતંકવાદી હુમલામાં સંડોવાયેલા કથિત આતંકવાદી હરિપ્રિતસિંહને એફસીઆઈએ સૈસમેંટોથી પકડી લીધો છે તે બે આંતર રાષ્ટ્રીય ત્રાસવાદી સંગઠનો સાથે સંકળાયેલો છે. તે ગેરકાયદે અમેરિકામાં ઘુસ્યો હતો અને સુરક્ષા એજન્સીઓની પકકડથી બચવા માટે બર્નર ફોનનો ઉપયોગ કરતો હતો.હૈપ્પી પાસીયાની ધરપકડ પંજાબ પોલીસ તથા નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ) માટે મહત્વની છે. ચંદીગઢમાં પોલીસ અધિકારીના ઘર પર ગ્રેનેડ હુમલો થયાની ઘટના બાદ તે ચર્ચામાં આવ્યો હતો આ ઘટનાની જવાબદારી તેણે લીધી હતી.અમેરિકામાં હૈપ્પી પાસીયાની ધરપકડ બાદ તેના પ્રત્યાર્પણ માટે પ્રયાસો શરૂ કરી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે પંજાબમાં વિવિધ હુમલામાં સામેલ શકમંદોની પૂછપરછ દરમ્યાન હૈપ્પી પાસીયાનુ નામ જ ઉપસતુ હતું. નાણાની લાલચ આપીને સ્થાનિક યૂવકોને ગ્રેનેડ ફેંકવાનાં કૃત્યોમાં સામેલ કરતો હતો.હરપ્રિતસિંહ અમૃતસરના પાસીયા ગામનો વતની હોવાથી તેનું અપરાધ જગતમાં નામ હૈપ્પી પાસીયા પડી ગયુ હતું. પાકિસ્તાન સ્થિત આતંકવાદી હરવિંદરસિંહ હિંદાની નજીક ગણાય છે.

**પશ્ચિમ બંગાળના**
**પહેલા પાનાનું ચાલુ**

ચલાવવામાં આવી. ૩ લોકોના મોત થયા. ૧૫ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. ૩૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારે હિંસાગ્રસ્ત વિસ્તારોમાં ૧૬૦૦ સૈનિકો તૈનાત કર્યા છે.ન્યાયાધીશ સૌમેન સેન અને રાજા બાસુ ચૌધરીની બેન્ચ વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી હતી. કેન્દ્ર વતી હાજર રહેલા વકીલે સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને મુર્શિદાબાદમાં CAPF (સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ)ની તૈનાતી વધારવાની માગ કરી.જિલ્લાના સુતી અને સમસેરગંજ-ધુલિયાણના અશાંત વિસ્તારોમાં હાલમાં કેન્દ્રીય દળોની લગભગ ૧૭ કંપનીઓ તૈનાત છે. એક અરજીમાં રાજ્ય સરકારને હિંસાથી વિસ્થાપિત થયેલા લોકોને તેમના ઘરે પાછા ફરવા માટે પગલાં લેવાની અપીલ કરવામાં આવી હતી.અહીં, બંગાળ પોલીસે જાફરાબાદમાં હિંસક વિરોધ પ્રદર્શન દરમિયાન પિતા-પુત્રની હત્યા કરનારા માસ્ટરમાઈન્ડમાંથી એકની ધરપકડ કરી છે. આરોપી ઈન્ઝામુલ હકની ગુરુવારે જિલ્લાના સુતીથી ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં અગાઉ બે અન્ય લોકોની ધરપકડ કરવામાં આવી છે.

**અમેરિકામાં ઉડતા**
**પહેલા પાનાનું ચાલુ**

હુલાવી દીધા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત એક પ્રવાસી પાસે લાયસન્સવાળુ હથિયાર હતુ અને આકાશમાં ચાલુ વિમાને જ ગોળીબાર કરીને અપહરણકારને ઠાર કર્યો હતો જેને પગલે આકાશમાં સર્જાયેલી કટોકટીનો અંત આવ્યો હતો. ઘાયલ પાયલોટે પણ હિંમત અને બહાદુરીપૂર્વક વિમાનનુ સફળ લેન્ડીગ કરાવ્યુ હતુ જેને પગલે પ્રવાસીઓ તથા તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

વોશિંગ્ટનમાં અમેરિકી ગૃહવિભાગના પ્રવકતાએ કહ્યું કે, સદનસીબે સામુહિક હત્યાકાંડ કે મોટી વિમાની દુર્ઘટના બનતી અટકી હતી. અપહરણકર્તાએ ફરી અમેરિકામાં ઉતરાણની પણ માંગ કરી હતી. અપહરણકર્તાના કૃત્ય પાછળનુ કારણ સ્પષ્ટ નથી અને તપાસ ચાલુ કરવામાં આવી છે.

**ઉત્તર પ્રદેશમાં**
**પહેલા પાનાનું ચાલુ**

ઘરોની છત ઉડી ગઈ. ઘણી જગ્યાએ વૃક્ષો ધરાશાયી થયા હતા અને વીજળીના તાર તૂટી ગયા હતા. આના કારણે હિમાચલના અડધા ભાગમાં અંધારપટ છે.

શુક્રવારે રાજયના છ જિલ્લાઓ ચંબા, કાંગડા, કુલ્લુ, મંડી, શિમલા અને લાહૌલ-સ્પિતિમાં વાવાઝોડા માટે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે ૧૯ એપ્રિલે ૯ જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ છે અને ૨૦ એપ્રિલે યલો એલર્ટ છે. હવામાન વિભાગની આગાહીએ ખેડૂતોની ચિંતા વધારી દીધી છે. આ સફરજનના પાક માટે ખૂબ જ નુકસાનકારક છે.

રાજયમાં ૧૧.૩ મીમી વરસાદ પડ્યો છે જે ૩.૪ મીમી હોવો જોઈએ. આ સામાન્ય કરતાં ૨૩૨ ટકા વધુ છે. આના કારણે લઘુત્તમ તાપમાનમાં પણ બે થી છ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થયો છે. આ ઉપરાંત મેદાની વિસ્તારોમાં ઘઉંના પાકને નુકસાન થયું હતું. સફરજનને કરાથી બચાવવા માટે લગાવવામાં આવેલી કરાની જાળી પણ તૂટી ગઈ.

**૨૪૫**
**પહેલા પાનાનું ચાલુ**

સહિત દરેક દેશ અમને મળવા માગે છે.ચીન પર બોઈંગ સોદાથી ઈનકાર કરવાનો આરોપ વ્હાઈટ હાઉસે મંગળવારે જણાવ્યું હતું કે ડોનાલ્ડ ટ્રમ્પ માને છે કે વાટાઘાટોના ટેબલ પર અમેરિકા નહીં, પણ ચીન આવે છે. અગાઉ, યુએસ રાષ્ટ્રપતિએ બેઈજિંગ પર બોઈંગ સાથેના એક મોટા સોદાથી પાછળ હટવાનો આરોપ લગાવ્યો હતો.વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે ટ્રમ્પના નિવેદનને ટાંકીને કહ્યું કે બોલ ચીનના કોર્ટમાં છે. ચીને અમારી સાથે સમાધાન કરવાની જરૂર છે. આપણે તેમની સાથે સમાધાન કરવાની જરૂર નથી.ચીને કહ્યું હતું- અમે અમેરિકા સાથે વેપાર યુદ્ધથી ડરતા નથી અમેરિકાના ૨૪૫% ટેરિફ પર ચીને કહ્યું કે અમે અમેરિકા સાથે વેપાર યુદ્ધથી ડરતા નથી. ચીને પુનરોચ્ચાર કર્યો કે અમેરિકાએ વાટાઘાટો કરવી જોઈએ. અગાઉ, ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે ચીને વાટાઘાટો શરૂ કરવી પડશેચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને કહ્યું કે જો અમેરિકા ખરેખર વાતચીત અને સમાધાન દ્વારા મુદ્દાનો ઉકેલ લાવવા માંગે છે, તો તેણે બિનજરૂરી દબાણ, ધાકધમકી અને બ્લેકમેઈલિંગ બંધ કરવું જોઈએ અને સમાનતા, આદર અને પરસ્પર હિતના આધારે ચીન સાથે વાત કરવી જોઈએ.લિન જિયાને પત્રકારોને જણાવ્યું હતું કે તમારે અમેરિકાને પૂછવું જોઈએ કે ૨૪૫% યુએસ ટેરિફ હેઠળ વિવિધ કર દરો શું હશે. આ ટેરિફ યુદ્ધ અમે નહીં, પણ અમેરિકાએ શરૂ કર્યું છે. અમે ફક્ત અમેરિકાની કાર્યવાહીનો જવાબ આપી રહ્યા છીએ. અમારી ક્રિયાઓ સંપૂર્ણપણે તાર્કિક અને કાયદેસર છે. અમે અમારા દેશના અધિકારો અને આંતરરાષ્ટ્રીય વેપારમાં પ્રામાણિકતા જાળવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

**રિઝર્વ બેંકે**
**પહેલા પાનાનું ચાલુ**

આવાસ લોનના કેટલા નિયમો અને શરતોને આધીન ૮.૦ ટકાના દરે લોન આપવામાં આવે છે.વોઈસ ઓફ બેંકિંગના સ્થાપક અશ્ર્વની રાણા કહે છે કે ઘણી વખત બેંકો વ્યાજદર ઘટાડે છે પરંતુ તેઓ રેપો રેટમાં એટલો ઘટાડો નથી કરતી જેટલી રિઝર્વ બેંકે ઘટાડી છે. આવી સ્થિતિમાં ગ્રાહકો વ્યાજ દર ઘટાડી શકે છે.અર્થવ્યવસ્થાને વેગ આપવા માટે, કેન્દ્ર સરકાર ઈચ્છે છે કે વ્યાપારી બેંકોના ગ્રાહકોને ભારતીય રિઝર્વ બેંક દ્વારા કરવામાં આવેલા રેપો રેટમાં ઘટાડાનો લાભ મળવો જોઈએ. તેથી, આરબીઆઈએ સ્પષ્ટતા કરી હતી કે રેપો રેટમાં ઘટાડાનો લાભ ગ્રાહકો સુધી પહોંચાડવો જોઈએ.બેંકોએ તેમના ગ્રાહકોને આકર્ષક દરે લોન આપવી જોઈએ અને જૂની લોન પરના વ્યાજદરમાં પણ ઘટાડો કરવો જોઈએ, જેથી ગ્રાહકોની બચત વધી શકે અને તેઓ તેનો ઉપયોગ તેમની જરૂરિયાતની અન્ય વસ્તુઓ પર કરી શકે.

**કોલડ્રોપ**
**પહેલા પાનાનું ચાલુ**

મીએસએનએલની ૬.૮૨ એનબીપીસીએન અને વોડા-આઈડીયાની ૩૨.૭૪ એમબીપીએસ નોંધાઈ હતી.જયારે ૪ અને ૫ જી નેટવર્ક પર એરટેલની સ્પીડ ૧૪૦.૨૭ એમબીપીએસ અને રિલાયન્સ જિયોની ૨૭૩.૪૨ એમબીપીએસ નોંધાઈ હતી.બાકી શહેરોમાં પણ આ અંતર નોંધાયું છેસ્વતંત્ર ડ્રાઈવ ટેસ્ટમાં કોલ સેટઅપ સફળતા દર ડ્રોપકોલ દર,સરેરાશ સ્કોર એટલે કે ગુણવતા, ડાઉનલોડ અને અપલીક પેકેટ (અવાજ) ડ્રોપ દર, કોલ સાયલન્સ દર અને સિગ્નલનાં કવરેજને જોવામાં આવે છે.

**૧૯૭૧ના**
**પહેલા પાનાનું ચાલુ**

૧૯૪૭માં ભારતના ભાગલા પછી બિહાર અને ઉત્તર પ્રદેશથી પૂર્વ પાકિસ્તાન (બાંગ્લાદેશ)માં સ્થાયી થયા હતા.

૧૯૭૧ના બાંગ્લાદેશ મુક્તિ યુદ્ધ પછી આ લોકોએ પશ્ચિમ પાકિસ્તાન પ્રત્યે વફાદારી દર્શાવી, જેના કારણે તેમને બાંગ્લાદેશમાં ભેદભાવ અને અત્યાચારનો સામનો કરવો પડ્યો. તેમને 'પાકિસ્તાન સમર્થક' માનવામાં આવતા હતા અને તેમની સામે બદલો લેવામાં આવતો હતો. તેમની મિલકતો જપ્ત કરવામાં આવી અને તેઓએ હિંસા, બળાત્કાર અને હત્યાનો સામનો કરવો પડ્યો.ત્યાર બાદ ભારતીય સેના અને રેડ ક્રોસે તેમની સલામતી માટે ઢાકા અને અન્યત્ર અનેક કામચલાઉ રાહત શિબિરો સ્થાપ્યા. બાંગ્લાદેશની સ્વતંત્રતા પછી, લાખો લોકો રાહત શિબિરોમાં દયનીય પરિસ્થિતિમાં જીવી રહ્યા છે, અને ન તો તેમને પાકિસ્તાન દ્વારા દત્તક લેવામાં આવ્યા છે, ન તો બાંગ્લાદેશ દ્વારા તેમને સંપૂર્ણ નાગરિકતા આપવામાં આવી છે.

**મ્યાંનમારમાં સવારે**
**પહેલા પાનાનું ચાલુ**

મ્યાનમારની લશ્કરી સરકારના પ્રવક્તા મેજર જનરલ ઝાવ મીન ટુનના જણાવ્યા અનુસાર, શુક્રવાર સુધીમાં, ૨૮ માર્ચના ભૂકંપમાં મૃત્યુઆંક ૩,૬૪૯ હતો, જયારે ૫,૦૧૮ લોકો ઘાયલ થયા હતા.સંયુક્ત રાષ્ટ્રએ ગયા અઠવાડિયે ચેતવણી આપી હતી કે, ૨૮ માર્ચના ભૂકંપથી થયેલા નુકસાનથી મ્યાનમારમાં હાલની માનવતાવાદી કટોકટી વધુ વણસી જશે. મ્યાનમાર હાલમાં ગૃહયુદ્ધનો સામનો કરી રહ્યું છે.આ કારણે, અહીંથી ૩૦ લાખથી વધુ લોકો પહેલાથી જ વિસ્થાપિત થઈ ચૂક્યા છે. ભૂકંપથી કૃષિ ઉત્પાદન પર ખરાબ અસર પડી છે. મ્યાનમારમાં આરોગ્ય કટોકટી ઊભી થઈ છે, જેમાં ઘણી તબીબી સુવિધાઓને નુકસાન થયું છે અથવા નાશ.

**નેશનલ હેરાલ્ડ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

નેશનલ હેરાલ્ડ અખબારની હતી સાથે તેમના ઉપર ૪૪૦ કરોડ રૂપિયાની ઈનકમ ટેક્સ ચોરીનો પણ આરોપ છે .

ઉપરોક્ત પ્રસંગે સુરત શહેર ભાજપ મહામંત્રી શ્રી કાળુભાઈ ભીમનાથ , સુરત શહેરના ધારાસભ્ય શ્રી મનુભાઈ પટેલ , શ્રી પ્રવીણભાઈ ઘોઘારી , સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર શ્રી નરેન્દ્ર પાટીલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી રાજન પટેલ , શાસક પક્ષ નેતા શ્રીમતી શશીબેન ત્રિપાઠી, દક્ષિણ ગુજરાતના મીડિયા કન્વીનર શ્રી રાજેશ દેસાઈ , નગરસેવકશ્રીઓ , ભાજપના વરિષ્ઠ અને આગેવાન કાર્યકર્તાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**મચ્છરોના બ્રિડીંગ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

હોસ્પિટલો૪ લેબોરેટરી અને કલીનીકો સર્વે કરવામાં આવેલ છે. સાઉથ-વેસ્ટ ઝોનમાં ૧૪૨ હોસ્પિટલો લેબોરેટરી અને કલીનીકો સર્વે કરાતાં કુલ ૩ બ્રિડીગ મળેલ જે પૈકી ૨ ઈસમોને નોટીસ અપાતા પહલ લેબ ૫૦૦૦/-૪ સિધ્ધી કિલનીક ૩૦૦૦/- કુલ મળી ૮૦૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. નોર્થ ઝોનમાં ૨૦૧ હોસ્પિટલો૪ લેબોરેટરી અને કલીનીકો સર્વે કરવામાં આવેલ છે. ઈસ્ટ-એ ઝોનમાં ૩૫૦ હોસ્પિટલો૪ લેબોરેટરી અને કલીનીકો સર્વે દરમ્યાન ૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. ઈસ્ટ-બી ઝોનમાં ૨૪૩ હોસ્પિટલો લેબોરેટરી અને કલીનીકો સર્વે કરાતાં કુલ ૬ બ્રિડીંગ મળેલ જે પૈકી ૨ ઈસમોને નોટીસ અપવામાં આવેલ છે.

**પીએમ આવાસ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

અંતર્ગત લેબર વર્કના એક કુટુંબને ૧૦૦ દિવસની રોજગારી પેટે રૂ. ૨૨ હજાર આપવામાં આવી રહ્યા હોવાનું અશોકભાઈએ કહ્યું હતું.'સુખના સરનામા' સમાન પાકું આવાસ મળતા આનંદિત અશોકભાઈએ વધુમાં જણાવ્યું હતું કે, કેટલાય વર્ષો વિત્યા પણ પોતાનું પાકું ઘર બન્યુ ન હતું. વહીવટી તંત્રના માર્ગદર્શનથી ફોર્મ ભર્યું અને પ્રધાનમંત્રી જન મન આવાસ યોજનાની સહાય મળવાની એક આશા બંધાણી. આવાસ મંજૂર થતા સરકારની આ યોજનાએ અમારી ખુશીઓના દ્વાર ખોલ્યા છે. આવાસ માટે પ્રથમ હપ્તામાં ૫૦ હજાર મળ્યા અને બીજા હપ્તામાં એક લાખ ૨૦ હજાર મળ્યા છે અને બાકી બચત કરેલી પુંજી ઉમેરીને આજે પોતાનું ઘર બનાવી રહ્યા છીએ. તેમણે પોતાની ખુશી વ્યક્ત કરતા સુરત જિલ્લા તંત્ર અને સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

**શૈક્ષણિક સંસ્થાઓ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

૧૪ અને કુલ રુપિયા ૨૮૦૦, લિંબાયત ઝોનમાં કુલ ઈસમો ૧૪ અને કુલ રુપિયા ૨૮૦૦ સાથે સુરત મહાનગરપાલિકાનાં તમામ ઝોન મળીનેકુલ ઈસમો ૧૫૨ પાસે કુલ ૩૦,૪૦૦ રુપિયાનો દંડ/ વહિવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

**ગેરકાયદે ઉભા**
**પેજ-૨ પાનાનું ચાલુ**

૧૭/૦૪/૨૦૨૫ ના રોજ સદર કુલ-૦૧ (એક) ટેમ્પરરી સ્ટ્રક્ચર દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. સદર કામગીરી દરમ્યાન સ્ટ્રક્ચર ડીમોલીશનનું માલ-મટીરીયલ જમા લેવામાં આવેલ છે.

ઝોન વિસ્તારમાં અન્ય સ્થળ પર આવા પ્રકારના જોખમી, જાન-માલનું હિત સચવાતું ન હોય તેવા ટેમ્પરરી બાંધકામો સામે ઉક્ત મુજબની ઝુંબેશ હવે પછીના દિવસોમાં પણ સતત ચાલુ રાખવામાં આવનાર છે.

સદર કામગીરી સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોનના માન.ડેપ્યુટી કમિશ્નરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીના નેતૃત્વ હેઠળ લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગના ૦૨ આસી/જુની. ઈજનેર, ૦૪ ટેક.આસી. તેમજ ૧૫(વીસ) જેટલા બેલદારો, ૦૪ સીક્યુરીટી સ્ટાફ સાથે સંયુક્ત રીતે કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ છે.

**ચેમ્બર દ્વારા**
**પેજ-૨ પાનાનું ચાલુ**

સુરતમાં ૩૩ રાજ્યોના લોકો રહે છે અને તેઓને બધાને એકત્રિત કરીને સુરતને સ્વચ્છ શહેર બનાવવામાં આવ્યું છે. સુરતમાં હવે મિકેનિકલ સ્વીપર મશીનથી સફાઇ થાય છે. ઈલેકટ્રીકલ કોરીડોર સુરતમાં બન્યો છે. દેશમાં ૨૫૦ જેટલા કોર્પોરેશનનો સરવે કરવામાં આવ્યો તેમાં સુરતનો પ્રથમ નંબર આવ્યો છે. નીતિ આયોગ દ્વારા ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન માટે ગ્રોથ હબ બનાવવા દેશ ચાર શહેરોની પસંદગી કરવામાં આવી છે, જેમાં પણ સુરત શહેરનો સમાવેશ થાય છે. સુરત હવે દેશનું મલ્ટી મોડલ હબ બનશે.

SGCCI ગોલ્ડન જ્યુબિલી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા આ વર્ષે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના પ્રેસિડેન્ટ શ્રી હેમંતભાઇ દેસાઇને સ્પેશ્યલ લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. શ્રી હેમંતભાઇ દેસાઇ છેલ્લા ૪૫ વર્ષથી રિલાયન્સમાં સુરત ખાતે સેવા આપી રહયા છે અને આ લાંબા ગાળા દરમ્યાન તેમણે સુરતના વેપાર – ઉદ્યોગ અને સુરતના વિવિધ ઈન્ફ્રાસ્ટ્રકચર જેમ કે સિંગણપોર વિયર વિગેરેના નિર્માણ માટે મહત્વનું યોગદાન આપ્યું છે. આ ઉપરાંત સુરતમાં છેલ્લા ૪૦ વર્ષમાં ટેક્ષ્ટાઈલ ઉદ્યોગની થયેલી પ્રગતિમાં પણ તેમનો સિંહફાળો રહયો છે. આમ ટ્રસ્ટ દ્વારા આ સ્પેશ્યલ લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ આપીને શ્રી હેમંતભાઇ દેસાઇની સુરતના વિકાસ માટેની સેવાઓની સહ સન્માન સાથે નોંધ લેવામાં આવી હતી. પ્રતિભાવ સ્વરૂપે શ્રી હેમંતભાઇ દેસાઇએ પણ તેમની સુરત ખાતેની ૪૫ વર્ષોની યાત્રા વિષે વાત કરી હતી.

SGCCI ગોલ્ડન જ્યુબિલી ટ્રસ્ટના ચેરમેન શ્રી રજનિકાંત મારફતિયાએ જણાવ્યું હતું કે, ટ્રસ્ટ દર વર્ષે દક્ષિણ ગુજરાત વિસ્તારમાં વિવિધ ક્ષેત્રે યોગ્યતાના આધારે એવોર્ડસનું વિતરણ કરે છે. ટ્રસ્ટના એવોર્ડ સન્માનિત એવોર્ડ તરીકે ગણાતા હોય એ ટ્રસ્ટ અને ચેમ્બર ઓફ કોમર્સ માટે ગૌરવની વાત છે. ગોલ્ડન જ્યુબીલી એવોર્ડ?સ યોગ્ય વ્યકિતઓને મળે તે માટે જાણીતા ઉદ્યોગ નિષ્ણાંત, શિક્ષણશાસ્ત્રીઓ અને સામાજિક કાર્યકરોની જ્યુરી તરીકે સેવા લેવામાં આવી હતી.

**વિવિધ કેટેગરીમાં**
**પેજ-૨ પાનાનું ચાલુ**

ટ્રસ્ટને એનાયત કરવામાં આવ્યો હતો. ૧૦. ફેરડીલ ફિલામેન્ટ્સ એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીંગ આંત્રપ્રિન્યોર ઈન એમએસએમઈ સેગ્મેન્ટ – વેલ્સન વૂડબર્ન વાયર ડાઇ પ્રા.લિ.ને એનાયત કરવામાં આવ્યો હતો. ૧૧. અનુપમ રસાયણ એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીંગ સ્કૂલ – એસ્પાયર પબ્લીક સ્કૂલને એનાયત કરવામાં આવ્યો હતો. ૧૨. મહાવીર સિન્થેસિસ એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીંગ ઈન્સ્ટીટયુટ/કોલેજ ઓફ એજ્યુકેશન – એસ.આર. લુથરા ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટને એનાયત કરાયો હતો. ૧૩. શ્રીમતી ભવાનીબેન એન. મહેતા એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીંગ ચીફ એકઝીકયુટીવ ઓફિસર – સીએ અરૂણ એચ. પુરોહિત, ચીફ એકઝીકયુટીવ ઓફિસર (સુમુલ ડેરી)ને એનાયત કરાયો હતો. ૧૪. શ્રી ગિરધરગોપાલ મુંદડા એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીંગ બિઝનેસ પર્સન – ડો. ફારૂક જી. પટેલ, ફાઉન્ડર એન્ડ ચેરમેન (કેપી ગૃપ ઓફ કંપનીઝ)ને એનાયત કરવામાં આવ્યો હતો. ૧૫. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના પ્રેસિડેન્ટ શ્રી હેમંત આઇ. દેસાઇને સ્પેશ્યલ લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**અંકલેશ્વરમાં ઈન્ડસ્ટ્રીયલ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

આવ્યું હતું.આ પ્રસંગે અંકલેશ્વરના ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ, ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, અંકલેશ્વર ઉદ્યોગ મંડળના પ્રમુખ હિંમત સેલડીયા, એક્સપોના ચેરમેન ડો. વલ્લભ ચાંગાણી, સેક્રેટરી હરેશ પટેલ, ઉદ્યોગ અગ્રણી એન.કે.નાવડિયા, લઘુ ઉદ્યોગ ભારતીના બળદેવ પ્રજાપતિ સહિતના ઉદ્યોગકારો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**પસંદગી પામેલા**
**પેજ-૨ પાનાનું ચાલુ**

અને ટેકનિકલ ક્ષમતાના આધારે સમગ્ર ગુજરાતને મજબૂત અને વિશ્વસનીય વીજ નેટવર્ક પુરૂં પાડ્યું છે.

મંત્રીશ્રીએ કહ્યું કે, આજે જે સબસ્ટેશનો 'બેસ્ટ સબસ્ટેશન એવોર્ડ' માટે પસંદ થયા છે, તેમના કર્મચારીઓએ માત્ર પોતાની ફરજ જ નિભાવી નથી, પણ કાર્યમાં ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરવા સતત પ્રયત્નો કરીને એક નવી સિદ્ધિ સ્થાપિત કરી છે. જે પ્રેરણાસ્ત્રોત છે. એવોર્ડ જીતનાર અને ભાગ લેનાર તમામનું સાર્થક યોગદાન વિજ કામગીરીને શ્રેષ્ઠ બનાવે છે.

આ પ્રસંગે ગુજરાત ઊર્જા વિકાસ નિગમના એમ.ડી. શ્રી જયપ્રકાશ શિવહરે, DGVCLના એમ.ડી. યોગેશ ચૌધરી, જેટકોના એમ.ડી. ઉપેન્દ્ર પાંડે, જેટકો કર્મચારીઓ, વિવિધ સબ સ્ટેશનના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

**છેલ્લા પાનાનું ચાલુ**
**ગલતેશ્વર તાપી**

પ્રજાપતિ, સવિતાબેન અને વ્રજ સહિત પાંચ લોકો ગઈકાલે ગલતેશ્વર ગયા હતા. જ્યાં તાપી નદીમાં નાહવા પડતા તેમનું ડૂબી જવાથી મોત નિપજ્યું હતું. આ મામલે કામરેજ પીઆઈ એ.ડી. ચાવડાએ જણાવ્યું હતું કે, બનાવની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા ફાયર બ્રિગેડના લાશ્કરોએ ડૂબી ગયેલા ત્રણેય લોકોના મૃતદેહને તાપી નદીમાંથી બહાર કાઢ્યા હતા. મૃતકોની ઓળખ થતા તેમના પરિવારના સભ્યોને બનાવની જાણ કરવામાં આવી હતી.

ગઈકાલે આ બનાવ બન્યો હોવાનું વધુમાં જાણવા મળ્યું છે. મહિલાનો મૃતદેહ ગત રાત્રે બહાર કાઢવામાં આવ્યો હતો. જયારે બે મૃતદેહને આજે સવારે બહાર કાઢવામાં આવ્યા છે.

**કિશોરી તથા**

છે હસમુખ ચાવડા ની ૧૭ વર્ષીય દીકરી માનસી છે. આજે માનસીએ પોતાના ઘરમાં ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. તેને કયા કારણોસર પગલું ભર્યું હતું.

**પ્રકાશ દેસાઈની**

મથકમાં પૂર્વ કોર્પોરેટર પ્રકાશ દેસાઈ વિરુદ્ધ ખંડણીની ફરિયાદ દાખલ કરવામાં આવતા હવે આજે ઉધના પોલીસ તેનો લાજપોર જેલમાંથી કબજો મેળવવા માટે ટ્રાન્સફર વોરંટ કોર્ટમાં રજૂ કરશે એવું ઉધના પોલીસ ઈન્સ્પેક્ટર ગોહિલે જણાવ્યું હતું.

**એચવીકે**

કંપની દ્વારા હીરાની મજુરીમાં ભાવ વધારો કરવામાં આવે તેવી માંગણી છે. ડાયમંડ વર્કર યુનિયમ દ્વારા આ મુદ્દે ફેક્ટરી ઈન્સ્પેક્ટર, પીએફ કમિશનર, અને માનવ અધિકાર આયોગને પણ ફરિયાદ કરાઇ છે. લેબર કાયદાનું ઉલ્લંઘન કરાશે તો લેબર કોર્ટમાં ફરીયાદ કરવાની તૈયારી કરી લેવાઇ છે.

**ગોખલે કોલોનીમાં**

જાહેર કર્યો હતો પોલીસે જુગારના રોકડા રૂપિયા ૧૧૭૫૦ તથા મોબાઈલ નંગ ચાર કિંમત રૂપિયા ૨૦,૦૦૦ મળે કુલ્લે ૩૧ ૭૫૦ નો મુદ્દા માલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી

**કોન્ક્રીટ**

રહ્યા હતા. આ સમયે મિક્સર મશીનની બ્રેક છુટી જતા મિક્સર મશીન અચાનક નીચે પડી જતા ડ્રાઈવર અશ્વિન ઉપર પડ્યું હતું. મશીન નીચે છુંદાઇ જતા સ્થળ ઉપર જ અશ્વિન બારીયાનું કરૂણ મોત નિપજ્યું હતું. આ મામલે કોસંબા પોલીસે અકસ્માત મોત નોંધી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

**આજથી ત્રણ**

તાપમાનમાં પણ બે ડિગ્રીનો વધારો થયો છે જોકે ગરમથી કોઇ રાહત રહી નથી. હવામાં ભેજનું પ્રમાણ આજે સવારે ૮૫ ટકા નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ ૮૫ ટકા રહેવા સાથે પવનની ગતિ ધીમી રહેતા આજે સવારના સમયે ઉકળાટ અનુભવાયો હતો.

**૧૩.૧૭ લાખના**

હાલના કેસમાં જે ઓથોરાઈઝડ પર્સન દ્વારા ફરિયાદ કરવામાં આવી છે તે ફરિયાદીને ફરિયાદ કરવા માટે જરૂરી એવો બોર્ડ મિટીંગમાં ઠરાવ થયેલ નહીં હોય જેથી ફરિયાદી હાલની ફરિયાદ કરવા સક્ષમ જ નથી. કોર્ટે બચાવ પક્ષની દલીલો માન્ય રાખી હતી.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

શુક્રવાર, તા.૧૮ એપ્રિલ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫



હજીરા-ધૂલિયા નેશનલ હાઈવે પર બુડિયા અને ગભેણી ચોકડી પર અંદાજે રૂા.૪૦ કરોડના ખર્ચે સાકાર થયેલા ફ્લાય ઓવર બ્રિજ કમ અંડર પાસનું આજે કેન્દ્રીય જળશક્તિ મંત્રી તથા પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલના હસ્તે લોકાર્પણ કરાયું હતું. આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટના ઉદ્‌ઘાટન પ્રસંગે ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈ, સંગીતાબેન પાટીલ સાથે અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : હનીફ મલેક)

# ગલતેશ્વર ખાતે તાપી નદીમાં ડૂબી જતા પ્રજાપતિ પતિ-પત્ની અને છોકરાનું મોત

## વેડરોડના વિપુલ પ્રજાપતિ પત્ની સવિતા તથા છોકરો વ્રજ સાથે પાંચ લોકો ટીમ્બા ગામ પાસે નદીમાં ન્હાવા ગયા હતા

**(પ્રતાપ પ્રતિનિધિ), કામરેજ,તા.૧૮**

કામરેજના ટીમ્બા ગામ નજીક આવેલા ગલતેશ્વર મહાદેવ મંદિર પાસે તાપી નદીમાં ડૂબી જવાથી સુરતના એક જ પરિવારના ત્રણ સભ્યોના મોતની ઘટનાથી અરેરાટી ફેલાઈ જવા પામી છે. વેડરોડ વિસ્તારમાં રહેતા પ્રજાપતિ પરિવારના વિપુલ રવજી પ્રજાપતિ, સવિતાબેન અને વ્રજ મૃતકોમાં સામેલ છે. કામરેજ પોલીસે આ બનાવ અંગે તપાસ હાથ ધરી છે.



પ્રાથમિક તબક્કે એવું પણ માનવામાં આવી રહ્યું છે કે, કદાચ આ પરિવારે આત્મહત્યા કરી હોઈ શકે. જો કે ગલતેશ્વર પાસે તાપી નદીમાં નાહવા પડતા સહેલાણીઓના મોત થવાના અગાઉ અનેક બનાવો નોંધાઈ ચૂક્યા છે. હાલ આ મૃતકના પરિવારના લોકોના પોલીસે નિવેદન લેવાની તજવીજ હાથ ધરી છે.

કામરેજ પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ચોકબજાર વેડરોડ ખાતે રહેતા વિપુલ રવજી

અનુસંધાન પાના ૭ પર

# કિશોરી સહિત બે લોકોની આત્મહત્યા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૧૮**

સુરત શહેરમાં આત્મહત્યાનો સિલસિલો યથાવત રહ્યો હતો. પાસોદ્રાગામની કિશોરી સહિત શહેરના બે અલગ વિસ્તારમાં બે વ્યક્તિએ આત્મહત્યા કરી લીધી હતી.

પુણાગામ સુમન સંગીની આવાસ ખાતે રવિ રમેશ માંગરોલા (ઉ.વર્ષ ૨૨) પરિવાર સાથે રહે છે. રમેશએ ગઈ કાલે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર દોરડુંલઈ પંખાની હુંક વડે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. તેને સારવાર માટે હોસ્પિટલ લઈ જતા ફરજ પરના ડોક્ટર નિશાબેને જોઈ તપાસી મૃત જાહેર કર્યો હતો.

બીજા કેસમાં પાસોદરા ગામ ઓમ ટાઉનશિપ વિભાગ ત્રણમાં હસમુખ ચાવડા પરિવાર સાથે રહે

અનુસંધાન પાના ૭ પર

## વધુ એક ખંડણીનો ગુનો નોંધાતા

# પ્રકાશ દેસાઈની ધરપકડ કરવા પોલીસ ટ્રાન્સફર વોરન્ટ રજૂ કરશે

## ભૂતપૂર્વ કોર્પોરેટર પ્રકાશ દેસાઈ હાલ જ્યુડીશીયલ કસ્ટડીમાં છે

**(પ્રતાપ પ્રતિનિધિ),સુરત, તા. ૧૮**

ઉધના વિસ્તારના પૂર્વ કોર્પોરેટર અને હાલમાં લાગપુર જેલમાં રહેલા પ્રકાશ દેસાઈ સામે એક પછી એક ખંડણીની પોલીસ ફરિયાદો નોંધાતી જાય છે ત્યારે ઉધના પોલીસ મથકમાં નોંધાયેલી ત્રીજી ફરિયાદમાં ઉધના પોલીસ આજે કોર્ટમાં ટ્રાન્સફર વોરંટ દ્વારા પ્રકાશ દેસાઈ નો કબજો મેળવવા માટેની એક અરજી કરશે એવું ઉધના પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર ગોહિલે જણાવ્યું હતું.

આ કેસની ટૂંક વિગતો એવી છે કે, ઉધના લિયો ક્લાસના સંચાલકના પુત્ર પાંસે ખંડણી માંગી ? ૩ લાખ લેતા રંગે હાથ ઝડપાયેલા માજી કોર્પોરેટર પ્રકાશ દેસાઈ વિરુદ્ધ ખંડણીની ત્રીજી ફરિયાદ ઉધના પોલીસ મથકમાં ૧૨ વર્ષ બાદ નોંધાઈ છે. અડાજન ગ્રીન ટેરેસ માં રહેતા અને લિયો ક્લાસના સંચાલક ૫૮ વર્ષીય જયસુખભાઈ પરસોત્તમભાઈ કથીરિયા વર્ષ ૨૦૧૩માં ઉધના રોડ નંબર બે ખાતે તેમની સનગ્રેસ સ્કુલના બિલ્ડીગમાં ત્રીજા અને ચોથા માળનું બાંધકામ કરાવતા હતા ત્યારે પૂર્વ કોર્પોરેટર પ્રકાશ દેસાઈ અને તેમના બે સાગરીયો અવધેશ દાઢી અને લાલુએ મહાનગરપાલિકામાં અરજી કરી બાંધકામ અટકાવી દીધું હતું .આ અંગે જયસુખભાઈ પ્રકાશભાઈ ને પૂછવા ગયા ત્યારે તેમને ગાળા ગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી પાછળથી રૂપિયા એક લાખ ખંડણી પેટે પડાવી લીધા હતા. ઉધના પોલીસ

અનુસંધાન પાના ૭ પર

# એચવીકે ડાયમંડ ફેક્ટરી વિરૂદ્ધ લેબર કોર્ટમાં ફરિયાદ કરાશે

## ડાયમંડ ફેક્ટરીના સંચાલકો વિરૂદ્ધ ૮૦ રત્નકલાકારોની હડતાળ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૧૮**

કતારગામ ગોતાલાવાડી ખાતે આવેલા એચવીકે ઈન્ટરનેશનલ ડાયમંડ ફેક્ટરીના રત્નકલાકારોની હડતાળમાં ૮૦ થી વધુ રત્નકલાકારો જોડાયા હતા. આ મામલે ડાયમંડ વર્કર યુનિયન દ્વારા લેબર ડિપાર્ટમેન્ટમાં ફરીયાદ કરવામાં આવી હતી. જે સંદર્ભમાં એચવીકે ઈન્ટરનેશનલ ડાયમંડ ફેક્ટરીને લેબર ડિપાર્ટમેન્ટ દ્વારા કારણ દર્શક નોટીશ પણ આપવામાં આવી હતી.

ડાયમંડ વર્કર યુનિયનના ભાવેશ ટાંકે જણાવ્યું હતું કે, હીરા ઉદ્યોગમાં ચાલી રહેલી મંદી ઉપરાંત રત્નકલાકારોના જે નાના મોટા કારખાના ચાલુ છે તે કારખાનામાં હીરાની મજુરીના ભાવ તોડવામાં આવતા પડતા પર પાટુ જેવી સ્થિતિ ઉભી થઇ છે. દરમિયાન કતારગામની એચવીકે ડાયમંડ કંપનીમાં થોડા સમય પહેલા ૮૦ જેટલા રત્નકલાકારોએ હડતાળ પાડી હતી. આ બાબતે લેબર વિભાગમાં ફરીયાદ કરવામાં આવી હતી. અને લેબર વિભાગ દ્વારા એચવીકે ડાયમંડ પેઢીને કારણ દર્શાવવા નોટીસ આપી હતી. જો એચવીકે કંપની દ્વારા લેબર વિભાગને કારણ નહીં દર્શાવવામાં આવે તો આ મામલે આગામી સમયમાં કોર્ટના દ્વાર ખખડાવવાની પણ ડાયમંડ યુનિયમ દ્વારા તૈયારી કરી લેવામાં આવી છે.

વધુમાં રત્નકલાકારોની હડતાળનો અંત આવે તેમજ

અનુસંધાન પાના ૭ પર

# ગોખલે કોલોનીમાંથી ત્રણ જુગારી ઝડપાયા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૧૮**

સુરત ગ્રામ્ય એલસીબી પોલીસની ટીમે બાતમીના આધારે દેલાડ ગામે ગોખલે કોલોનીમા દરોડો પાડી જુગાર રમતા ત્રણ લોકોની ધરપકડ કરી હતી જ્યારે એકને વોન્ટેડ જાહેર કર્યો હતો પોલીસે જુગારની ૩૧,૦૦૦ ની મતા કબજે કરી હતી પ્રાપ્ત વિગત અનુસાર સુરત ગ્રામ્ય એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે ઓલપાડ તાલુકાના મોજે દેલાડ ગોખલે કોલોની મા દરોડા પાડયા હતા ત્યારે જુગાર રમતા માધવભાઈ નાનસિંગભાઈ વસાવા અને સમીરભાઈ મંગાભાઈ રાઠોડ તથા લક્ષ્મણ લાલ મોગાજી મીણા ની ધરપકડ કરી હતી પોલીસે મુખ્ય આરોપી ઈરફાન બાવા ને વોન્ટેડ

અનુસંધાન પાના ૭ પર



ખ્રિસ્તી સમુદાય દ્વારા આજે પરંપરાગત રીતે ગુડ ફ્રાય ડેની ઉજવણી કરવામાં આવી રહી છે. આ દરમિયાન નાનપુરા ખાતે આવેલા ચર્ચ સંકુલમાં ભગવાન ઈસુ ખ્રિસ્તને વધ સ્થંભ પર ચઢાવી દેવાના પ્રસંગનું નાટ્ય ભજવાયું હતું. (તસવીર : હનીફ મલેક)

# પત્નીના મોત બાદ દારૂની લતે ચઢી ગયેલા યુવકનો આપઘાત

## ઘણા સમયથી યુવકે માનસિક સંતુલન ગુમાવી દીધું હતું

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૧૮**

પલસાણાના તાતીથૈયા જય અંબે કોમ્પલેક્ષમાં રહેતા ૨૪ વર્ષિય યુવાને પત્નીના મોત બાદ નશો કરવાની લત લાગી જતા માનસિક સ્થિતિ અસ્થિર થઇ ગઇ હોય ગઇકાલે સવારના સમયે પોતાના ઘરે ગેલેરીની જાળી સાથે ગમચ્છો બાંધી ફાંસો ખાઇ લીધો હતો.

કડોદરા જીઆઇડીસી પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ ઉત્તરપ્રદેશના કનોજ જિલ્લાના તાલેગ્રામ કટરા મહોલ્લાનો વતની રોહીત સરવેશકુમાર મેજાદીલાલ કઠેરીયા ઉ.વ.૨૪ની પત્નીનું મોત થયા બાદ રોહીત કઠેરીયા માનસિક તણાવમાં રહેતો હતો. પત્નીના મોત બાદ રોહીત નશો કરવાની આદત પડી જતા તે માનસિક અસ્થિર થઇ ગયો હતો. પરિણામે તેણે સંતુલન ગુમાવી ગઇકાલે સવારે પોતાના ઘરે ફાંસો ખાઇ લીધો હતો.

# ચેમ્બરના ઉપપ્રમુખપદની ચૂંટણી ભરૂચા અને જીરાવાલા સામ સામે

## ચૂંટણીની તારીખ નજીક આવી છતાં નિરસ માહોલથી મતદારોમાં મુંઝવણ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૧૮**

આમ સામાન્ય રીતે ચૂંટણી હોય એટલે ચૂંટણીનો માહોલ અને ચૂંટણીનો ઝરમાટો તો કંઈક અલગ જ હોય છે. પરંતુ આ વખતે સુરત ચેમ્બર ઓફ કોમર્સ ની ઉપપ્રમુખ ની ચૂંટણી નો માહોલ નીરસ જોવા મળી રહ્યો છે. વાઈસ પ્રેસિડેન્ટ તરીકે ચૂંટણી લડી રહેલા બે ઉમેદવારો એ ગઈકાલ સુધી પોતપોતાના ચૂંટણી કાર્યાલયો પણ હજુ સુધી ખોલ્યા નથી. પ્રચાર કાર્ય પણ નબળું જોવા મળી રહ્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, સુરત ચેમ્બર ઓફ કોમર્સ ની ચૂંટણી તારીખ ૩૦ એપ્રિલના રોજ યોજાવવાની છે. સરસાણા પ્લેટિનિયમ હોલ ખાતે સવારે ૯:૦૦ થી સાંજના પાંચ વાગ્યા સુધી અંદાજિત ૧૧,૦૦૦ થી વધુ મતદારો મતદાન કરવા થનગની રહ્યા છે ત્યારે ઉપપ્રમુખ તરીકે ચૂંટણી લડી રહેલા અને વિવર્સએસોસિએશનના પ્રમુખ અશોક જીરાવાલા અને કોંગ્રેસના ઉમેદવાર નીતિન ભરૂચા એ હજુ સુધી ચૂંટણી કાર્યાલયો ખોલવામાં પણ જરા પણ ગઈકાલ સુધી રસ દાખવ્યો નથી.

મતદારોમાં એક સળવતો મુદ્દો એવો પણ છે કે ઉમેદવાર અશોક જીરાવાલા અને નીતિન ભરૂચા ને જો સમજાવવામાં આવે તો આગળ જતા વાઈસ પ્રેસિડેન્ટની ચૂંટણી થશે કે કેમ?.

# કોન્ક્રીટ મિક્ષર મશીનની બ્રેક હાથમાંથી છૂટી જતા શ્રમીકનું મોત

## શુભમ ઈન્ડસ્ટ્રીઝમાં બાંધકામ સ્થળે સર્જાયો અકસ્માત

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૧૮**

કોસંબાના લીડીયાત ગામે શુભમ ઈન્ડસ્ટ્રીઝમાં ફેક્ટરીમાં ફેક્ટરીના સ્લેબનું કામ ચાલતું હોય તેમ સમયે રેતી કપચી ભરીને મિક્સર મશીનમાં વોફરમાં નાંખતા સમયે ડ્રાઈવરનો હાથ મિક્સર મશીનની બ્રેક છુટી જતા મશીન નીચે પડી જતા સર્જાયેલા અકસ્માતમાં મોત નિપજ્યું હતું.

આ બનાવ અંગે કોસંબા પોલીસ પાસેથી મળતી વિગત અનુસાર મુળ દાહોદના વતની અને હાલ માંગરોળ તાલુકાના પાલોદ ગામે રહેતા રાજેશ રાવજી માવી સ્લેપ ભરવાની મજુરી કામ કરે છે. ગઈ તા.૧૬મીના રોજ રાત્રિના સમયે કોસંબાના લીડીયાત ગામે શુભમ ઈન્ડસ્ટ્રીઝના પ્લોટ નં.૫૨૭, ૫૭૪માં સ્લેપ ભરવાનું કામ ચાલી રહ્યું હતું. આ સમયે કીમ ચોકડી ખાતે રહેતા અશ્વિન રૂપસીંગ બારીયા ઉ.વ.૨૩ ઉપરોક્ત સ્થળે કામ કરી

અનુસંધાન પાના ૭ પર

# દસ્તાન ગામે પતરાના શેડ નીચે આધેડ વયના પુરૂષની હત્યા

## હત્યા કરાયેલી લાશ મળી આવતા પોલીસ તપાસ શરૂ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૧૮**

પલસાણા દસ્તાન ગામે ખુલ્લી સરકારી જમીનમાં પતરાના શેડમાં એક વ્યક્તિની ઘાતકી હત્યા કરાયેલી લાશ મળી આવતા પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે કોઈ અજાણ્યા વ્યક્તિએ સતિષભાઈ નામના વ્યક્તિની ચપ્પુના ઘા ઝીકી હત્યા કરી હતી

પલસાણા પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ગંગાધરા સ્કૂલ સામે રહેતા સુરેશભાઈ છગનભાઈ પટેલે પલસાણા પોલીસને ગઈકાલે રાત્રે ૧૦:૩૦ વાગે જાણ હતી કે પલસાણા ના દસ્તાન ગામે પાવર ગ્રેડ ની બાજુમાં આવેલ ખુલ્લી સરકારી જમીનમાં બનાવેલા ખુલ્લા પતરાના શેડ માંથી મૃતક પલસાણા સોમાભાઈ રાઠોડ ઉંમર વર્ષ ૪૦ ની લાશ મળી આવી છે પલસાણા પોલીસે ઘટના સ્થળે જે તપાસ કરતા મૃતકના શરીરના ભાગે ઘાતક હથિયારના ઘાની ઈજાના નિશાન મળી આવ્યા હતા. કોઈ અજાણ્યો વ્યક્તિ સતિષભાઈ ઉપર ચપ્પુથી હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી મોતને ઘાટ ઉતારી નાસી ગયો હતો બનાવ સંદર્ભે પલસાણા પોલીસ હત્યા ગુનો નોંધી તપાસ શરૂ કરી છે

# ૧૭.૧૩ લાખના ચેક રિટર્ન કેસમાં આરોપીનો કોર્ટમાં નિર્દોષ છૂટકારો

## ફાયનાન્સ કંપની વિરૂદ્ધ સુરત કોર્ટનો ચૂકાદો

**(પ્રતાપ પ્રતિનિધિ),સુરત, તા. ૧૮**

હિન્દુજા લેલેન્ડ ફાયનાન્સ કંપની દ્વારા કરવામાં આવેલા રૂ.૧૭.૧૩ લાખના ચેક રીટર્ન કેસમાં ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જતા આરોપીઓની કોર્ટે નિર્દોષ જાહેર કર્યા હતા.

સને ૨૦૧૬ની સાલમાં હિન્દુજા લેલેન્ડ ફાયનાન્સ કંપની પાસેથી વી.આઈ.પટેલ એન્ડ કંપનીના માલિકો જાગુતિ આઈ. પટેલ તથા કરણ વી.પટેલ દ્વારા રૂ. ૪.૦૧ કરોડની લોન લેવામાં આવી હતી અને ત્યારબાદ સને ૨૦૧૯ માં લોનનો માસિક હપ્તો રૂ. ૫,૭૧,૨૯૫/- એક એવાં કુલ ત્રણ માસના હપ્તા રૂ. ૧૭,૧૩,૮૮૫/- નહી ભરી શકવાને કારણે હિન્દુજા લેલેન્ડ ફાયનાન્સ કંપનીએ વી.આઈ.પટેલ એન્ડ કંપનીના માલિકો દ્વારા સિક્યુરીટી પેટે આપેલ ચેક બેંકમાં ભરી રિટર્ન કરાવડાવ્યા હતા અને કોર્ટમાં ફરિયાદ કરી હતી આરોપી તરફે વકીલ કમલેશ એન.રાવલ,દિવ્યા બી.ચૌધરી તથા હર્ષેલ કે.રાવલએ દલીલો કરી હતી કે હિન્દુજા લેલેન્ડ ફાયનાન્સ કંપનીને કંપની એક્ટ લાગુ પડે છે અને કોઈપણ ઠરાવ કંપનીની બોર્ડમિટીગમાં થયેલો હોવો જોઈએ જે

અનુસંધાન પાના ૭ પર

### પાવર ઓફ એટર્ની દ્વારા ફરિયાદ દાખલ થઈ શકે

વકીલ કમલેશ રાવલે જણાવ્યુ હતુ કે આ હુકમ એટલે નોંધપાત્ર છે કે ,ઘણી ફાયનાન્સ કંપનીઓ દ્વારા ચેક રિટર્નની ફરિયાદ કરવામાં આવી છે પરંતુ ખરેખર આવી ફાયનાન્સ કંપનીના ઓથોરાઈઝડ અધિકારીને આવી ફરિયાદ કરવા માટે જરૂરી એવાં બોર્ડ ઓફ ડિરેકટર્સની મિટીગમાં ઠરાવ થયેલ છે કે કેમ ? આ હકીકત હાલના કેસમાં ખુબ જરૂરી હોય જે રજુઆતને નામદાર ૧૬માં એડીશનલ જ્યુશીયલ મેજીસ્ટ્રેટ યુ.એસ.પરમારએ ધ્યાને લીધી છે. કોર્ટે નોંધ્યું હતું કે ,પાવર ઓફ એટર્ની દ્વારા ફરિયાદ દાખલ થઈ શકે પરંતુ જબાની ત્યારે જ આપી શકે જ્યારે સમગ્ર હકીકતની તેને માહિતી હોય.

# આજથી ત્રણ દિવસ કાળઝાળ ગરમીમાં થોડી ઘણી રાહત

## ભેજના ઊંચા પ્રમાણના કારણે અકળાવતો ઉનાળો

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૧૮**

શહેરમાં આજથી ત્રણ દિવસ સુધી ગરમીના પ્રમાણમાં આંશિક ઘટાડો થવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી હતી જોકે સવારના સમયે લઘુત્તમ તાપમાનનો પારો ૨૬.૨ સેલ્સિયસ ડિગ્રી અને હવામાં ભેજનું પ્રમાણ ૮૫ ટકા રહેતા સવારથી ઉકળાટ ભર્યું વાતાવરણ રહ્યું હતું. ગઈકાલે મહત્તમ તાપમાન ૩૫.૬ સેલ્સિયસ ડિગ્રી રહ્યું હતું.

હવામાન વિભાગ દ્વારા સુરત સહિત દ.ગુજરાતમાં ૧૮થી ૨૦ એપ્રિલ સુધી તાપમાનમાં ઘટાડો થવાની શકયતા છે. ગુજરાતમાં મહત્તમ તાપમાન ૨ થી ૩ ડિગ્રી ઘટવાની પણ શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. બે દિવસથી શહેરનું મહત્તમ તાપમાન ૩૫.૬ સેલ્સિયસ ડિગ્રી નોંધાઈ રહ્યું છે.સવારના સમયે નોંધાતા ન્યુનત્તમ

અનુસંધાન પાના ૭ પર